# બાઇબલનો અવાજ સાંભળો આજ



રૂપાંતર :

પ્રો. રમેશચન્દ્ર ફ્રેન્ક

પ્રકાશક :

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

14.

12BGB2

જેઈમ્સ માર્ટિન કૃત

LISTENING TO THE BIBLE

નું ગુજરાતી રૂપાંતર

# બાઈબલનો અવાજ સાંભળો આજ

GUJARATI CHRiSTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

રૂપાંતરકાર : પ્રો. રમેશચંદ્ર એ. ફ્રેન્ક

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬

# શ્રીમતી મધુકાન્તાના સ્મરણાર્થે

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને અર્પણ



શ્રીમતી મધુકાન્તા પી. ક્રિશ્ચિયન

જન્મ : ૧૪-૮-૧૯૪૦ મૃત્યુ : ૧૨-૨-૧૯૮૬

કિંમત રૂ. ૮-૦૦

સ્વ. શ્રીમતી મધુકાન્તાની સ્નેહસ્મૃતિમાં
પ્રગટ થતા આ પુસ્તકના પ્રકાશક માટે
તેમના પતિ પ્રા. રમેશચંન્દ્ર ફ્રેન્કે
રૂ. ૩૦૦૦)નું દાન આપ્યું છે.

મુદ્રક : ભીખાભાઈ પટેલ
ભગવતી ઓફસેટ
૧૯ અજય એસ્ટેટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ

GUJARATI CHRiSTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# અનુક્રમણિકા

રૂપાંતકારના બે બોલ I
પ્રસ્તાવના II

## પ્રકરણો

(૧) બાઈબલનો અવાજ કોઈ સાંભળે છે ખરું ? ૧

(૨) રૂઢિવાદીઓ ક્યાં છે ? ૯

(૩) પસંદગીયુક્ત વલણ ઉચિત છે ? ૨૫

(૪) તબક્કાવાર વિકસતું પ્રકટીકરણ. ૩૯

(૫) સમજણની ચાવી. ૫૩

(૬) આજના જમાના માટે બાઈબલનો અવાજ વિશ્વાસપાત્ર છે ખરો ? ૬૦

(૭) આજના જમાના સાથે બાઈબલનો અવાજ સુસંગત છે ખરો? ૭૯

(૮) કૂંચી (ચાવી)નો ઉપયોગ કરવો ૯૫

(૯) બાઈબલનું મૂલ્ય ૧૦૧

(૧૦) બાઈબલનું સત્ય ૧૦૯

(૧૧) બાઈબલનો અવાજ કેવી રીતે સાંભળવો ? ૧૨૨

# I. રૂપાંતરકારના બે બોલ

દૃશ્ય-શ્રાવ્ય સાધનોનું આક્રમણ આપણા સમાજજીવન પર ઉત્તરોઉત્તર વધતું જાય છે, એથી વાંચનવૃત્તિ અને પ્રવૃત્તિ પર મહાન સંકટ આવી પડયું છે, ત્યારે, વહાલા વાંચકો, આ પુસ્તક તમારા હાથમાં આવે અને તમે એ વાંચવાનો સંકલ્પ કરો તો હું મારું અહોભાગ્ય સમજીશ.

છેલ્લાં કેટલાંક વર્ષોથી નારાયણનગરમાં આવેલી ઈડન ગાર્ડન સોસાયટીમાં, રવિવારે રાત્રે નવ કલાકે ચાલતી ભજનસેવામાં ભાગ લેવાનું શ્રેય મને સાંપડયું. ભજનસેવા બાદ છૂટા પડયા પહેલાં થોડા મિત્રો વચ્ચે ચર્ચાવાર્તા ચાલતી, એમાં અમારા વડીલ શ્રી. જુલિયસ અંકલ, સર્વ શ્રી. ડેસમન્ડ બોઝ અને વિજય ક્રિશ્ચિયન તથા હું નિયમિત ભાગીદારો હતાં અને છીએ. નિવૃત આઈ. એ. એસ. અધિકારી એવા અમારા અંકલ પ્રખર જીજ્ઞાસુ હોવાથી ઘણાં પ્રશ્નો લાવતાં.

યુવાનો મધ્યે ફરતાં વાતચીતમાં બાઇબલ તદ્દન પુરાણું પુસ્તક થઈ ગયું છે એવા મંતવ્યો હું સાંભળતો. બાઇબલ વાંચન અને પ્રાર્થનાની કૌટુંબિક વેદી દૂરદર્શનના આકર્ષણે ઘસાતી જાય છે, તો કેટલાક કુટુંબોમાં માત્ર ફરજ અથવા રિવાજના નામે ચાલતી પ્રાર્થના વેદીના અંગારા પર રાખ ફરી વળી છે. તો કોઈ કોઈ ઠેકાણે રાખ ઉડાડીને અંગારાને પ્રકાશિત કરવાનો પ્રયાસ પણ દેખાય છે.

વર્ષો સુધી ઘણાં પ્રશ્નોએ મને પણ પજવ્યો છે. ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીની પ્રાસંગિક મુલાકાતો દરમ્યાન આ પુસ્તક નજરે પડ્યું. એનો અભિગમ અને તર્ક અમારા ચર્ચા વર્તુળમાં ઊભા કરાએલા ઘણા પ્રશ્નોના પ્રત્યુત્તર આપે છે, એમ લાગતાં મારા સહધર્મી મિત્રો સાથે મારો આનંદ વહેંચવાના પ્રયાસરૂપે આ રૂપાંતરિત પુસ્તક

બહાર આવ્યું.

સર્વધર્મ સમભાવ, બિનસાંપ્રદાયિકતા અને વ્યવહારપરાયણતાને ઓઠે આપણે વિધર્મીઓના ધાર્મિક ઉત્સવોમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે એ જુદી વાત છે, પણ ઉપરાંત, સમાજરૂપી ટોળાના લાંચરૂશ્વત, ભ્રષ્ટાચાર અને કામચોરીના દુષણોમાં ભળી જઈને આપણે આપણી 'ખ્રિસ્તી' ઓળખ, ખોઈ બેસવાના ભયમાં આવી પડ્યા છીએ "તમે જગતનું અજવાળું છો" એ અજવાળું અંધકારથી મોહાઈને અંધકારમાં ભળી જવા તૈયાર થઈ ગયું છે ત્યારે આપણું બાઈબલ અને ઈસુ ખ્રિસ્ત, જે આપણું લક્ષ્ય છે, તેજ આપણી 'અજવાળા'ની ઓળખ બચાવવા શક્તિમાન છે . એક પુરાણા અને ક્ષતિ ભરપૂર પુસ્તક તરીકેના યુવાનોના મનમાં ઊભા થતા બાઈબલના મંતવ્યો વિવેકબુદ્ધિની એરણે ચઢાવીને યુવાનો અને ખ્રિસ્તી આમજનતાને બચાવી લેવાં જરૂરી છે. બાઈબલના શાબ્દિક અર્થઘટનને સ્થાને એનાં વચનોનો **આધ્યાત્મિક** સંદેશો આપણે તારનાર ઈસુની કૃપા અને દોરવણીએ કરીને ઝીલી શકીશું, તો આપણા જીવનો અને અન્યનાં જીવનોમાં ખ્રિસ્તી પ્રયત્નો ખસૂસ કામિયાબ નીવડશે.

ઈડન ગાર્ડન સોસાયટીના મારા ચર્ચાવર્તુળના મિત્રો જેમનો અગાઉ ઉલ્લેખ કર્યો-તેમનો આભાર માનું છું. આ પુસ્તક પાછળ એમની પ્રેરણા છે. મારી દીકરી રોમા રૂપલનો પણ એણે એકલે હાથે કરી આપેલી સગવડ અને સહાય તથા પ્રોત્સાહન બદલ ખૂબ ખૂબ આભાર માન્યા વિના રહી શકતો નથી. ગુજરાત ટ્રાકટ અને બુક સોસાયટીના મંત્રી, તંત્રી અને કર્મચારીઓનો પણ તેમના સાથ, સહકાર બદલ આભાર માનું છું.

**તા. ૨૦-૭-૧૯૯૨**

**અમદાવાદ** **લિ.રમેશચન્દ્ર એ. ફ્રેન્ક**

## પ્રસ્તાવના

### II. બદલાયેલા સંજોગો

એક બહુ વાર કહેવાયેલી કથા મુજબ સર વોલ્ટર સ્કોટ મૃત્યુ નજદીક સરી રહ્યા હતા, ત્યારે તેમણે પોતાના જમાઈ લોકહાર્ટને પુસ્તક વાંચી સંભળાવવાની ઈચ્છા પ્રગટ કરી.

તેણે કહ્યું "મને પુસ્તકમાંથી વાંચી સંભળાવો."

"પુસ્તક", લોકહાર્ટે પૂછ્યું, "કયું પુસ્તક ?"

"પુસ્તક " મૃત્યુ તરફ સરકતા પુરુષે પ્રત્યુત્તર વાળ્યો. એક જ પુસ્તક છે."

એક સમય હતો, ઘણા લાંબા ભૂતકાળમાં પણ નહિ, જ્યારે બાઈબલની અજોડતા પ્રત્યેની સર વોલ્ટર સ્કોટની આસ્થા મહદ્ અંશે સ્વીકારાતી. એકલા ખ્રિસ્તીઓ જ નહિ પરંતુ વિધર્મીઓ પણ આ સાથે સંમતિ પૂરાવતાં. પુસ્તકોમાં બાઈબલનું સ્થાન સર્વોચ્ચ હતું અને તેની સર્વોચ્ચતા સામાન્ય રીતે બધે સ્વીકારાતી.

હવે સમય બદલાયો છે અને બાઈબલ પ્રત્યેનો અભિગમ પણ બદલાયો છે. સ્કોટે બાઈબલને જે કક્ષાએ મૂક્યું હતું તે કક્ષાએ મૂકવામાં ખ્રિસ્તીઓ અને વિધર્મીઓ તરફથી ઘણો ખચકાટ અનુભવાય છે.

બાઈબલ એક નોંધપાત્ર પુસ્તક છે તે હકીકતનો અસ્વીકાર થઈ શકે નહિ, પરંતુ શું તે મ્યુઝિયમમાં મૂકી રાખવા જેવી વસ્તુ છે, કે જેનો મહિમા ભૂતકાળની બાબત બની ગઈ છે ?

હા, એ સાચું છે કે મનુષ્યના જીવન અને વિચારધારા પર જો કોઈ પુસ્તકે ખૂબ જ પ્રભાવ પાડ્યો હોય તો તે બાઈબલ છે. અને આ પ્રભાવ ઘણાં લાંબા સમય સુધી ચાલુ રહ્યો. પરંતુ આજે હવે બાઈબલે ખૂબ લાંબા સમય સુધી જે સ્થાન ભોગવ્યું હતું તેના વિષે ગંભીર શંકાઆશંકાઓ સેવવામાં આવે છે, અને મનુષ્યના ભાવિમાં જો તેનું કોઈ ચોક્કસ સ્થાન હોય તો તેના વિષે ગંભીર પ્રશ્નો પૂછવામાં આવે છે.

એવો પ્રશ્ન પૂછવામાં આવે છે કે મનુષ્યના જીવન અને વિચારાધારા પર અસર કરનાર મહત્ત્વના પરિબળ તરીકે તેનું કોઈ વિશિષ્ટ સ્થાન હજુ છે ખરું ? આ પ્રશ્ન ગંભીરતાપૂર્વક વિચારવો રહ્યો છે. અને પ્રમાણિકપણે તેનો સામનો પણ કરવો રહ્યો.

આ બાબત હું આ રીતે કહેવા માંગુ છું. સદીઓ સુધી બાઈબલ, નગારા પર દાંડી પીટીને, અધિકારયુક્ત અવાજે, ખ્રિસ્તીઓ તેમ જ ઘણા વિધર્મીઓ મધ્યે બોલતું રહ્યું છે. પરંતુ ઘણા બધા પરિવર્તનો આવી ગયા પછી હવે ઘણા પ્રશ્નો ખડા કરવામાં આવે છે. મારું પુસ્તક આવા કેટલાક પ્રશ્નોના પ્રત્યુત્તર આપવાનો પ્રયાસ કરે છે.

# ૧. બાઈબલનો અવાજ કોઈ સાંભળે છે ખરું?

બાઈબલના પ્રશ્નોનો વિચાર કરવો એ કદાચ ઉપરછલ્લું કહેવાય. કદાચ એવું બનતું હોય કે બાઈબલને જે કહેવાનું છે તે મોટા ભાગે કોઈક જ સાંભળતા હશે, એવું ઘણાંનું માનવું છે.

ભૂતકાળમાં બાઈબલ મોટા અવાજે અને સ્પષ્ટતાપૂર્વક બોલતું એમાં કોઈ શંકા નથી. કોઈ અમલ કરે કે ન કરે, કોઈ સંમત થાય કે ન થાય તો પણ બધા આ અવાજ સાંભળતા તો ખરા. પુસ્તકોના જગતમાં બાઈબલનો ઈતિહાસ ખરેખર અનોખો છે. ઈતિહાસ પરની માત્ર સહેજ નજર જ આ હકીકત સાબિત કરવા પૂરતી છે.

૧. ઉદાહરણ તરીકે તેના જુદા જુદા ભાગો જે આદરણીય કાળજીથી જાળવી રાખવામાં આવ્યા છે તેની તોલે કોઈ પુરાણું પુસ્તક આવી શકતું નથી તે હકીકત હવે સર્વવિદિત છે.

જો કે આપણી પાસે મૂળ હસ્તલિખિત પ્રતો નથી. બાઈબલના કોઈ પુસ્તકના મૂળ લેખકનું લખાણ આપણી પાસે નથી. પરંતુ આ વિધાનથી આપણે ચોંકવાની જરૂર નથી; કારણ કે કોઈ પણ પુરાણા પુસ્તકની મૂળ પ્રતો આજે મળતી નથી.

વાસ્તવમાં તે જમાનામાં કોઈ છાપખાનાં નહોતાં. દરેક પુસ્તક હાથ વડે લખવું પડતું અને એની દરેક નકલ પણ એટલી જ મજૂરી કરીને બનાવવી પડતી. આનો અર્થ એવો થયો કે કોઈ પણ પુસ્તકની એક માત્ર પ્રથમ પ્રત હતી અને તે પછીની દરેક નકલ પણ એક એક અલગ જ બનાવવામાં આવતી.

આપણા જમાનાની વાત તદ્દન જુદી છે. આજે જ્યારે કોઈ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. ત્યારે તેની પ્રથમ આવૃત્તિની એક કરતા ઘણી વધુ નકલો હોય તેવું છાપખાના શક્ય બનાવે છે. છતાં એ હકીકત રસપ્રદ છે કે પુસ્તકોની પ્રથમ આવૃત્તિની નકલો

મળવી કેટલીક વાર મુશ્કેલ, તો કેટલીક વાર અસંભવ હોય છે. અત્યંત લોકપ્રિય અને ખ્યાતનામ પુસ્તકોની બાબતમાં પણ આવું બને છે. આ વાત તથા આ પુસ્તકો કેવી રીતે ચાલુ રહ્યા, તે પણ આપણે ધ્યાનમાં રાખીએ. ઈસુ ખ્રિસ્તના સમયથી આજદિન સુધી , ચૌદ ઉપરાંત સૈકાઓથી માત્ર હાથ વડે એક એક કરીને લખાયેલાં, અને નકલો કરેલાં પુસ્તકો ચાલુ કેવી રીતે રહ્યા તથા અનેક પેઢીઓ દરમ્યાન તેમને કેટલો ઘસારો લાગ્યો એ સઘળાંનો વિચાર કરીએ, તો પવિત્રશાસ્ત્રની એક પણ મૂળ હસ્તલિખિત પ્રત બચી નથી એનું આપણને લેશમાત્ર વિસ્મય થશે નહિ. કોઈ મૂળ પ્રત બચી હોત તો એ બાબત ખરેખર ખૂબ જ અસામાન્ય ગણાત.

જો કે આપણી પાસે બાઈબલના જે ભાગો છે તેનું સ્વરૂપ મૂળ નકલને ખૂબ જ મળતું આવે છે એ શંકારહિત બાબત પણ એટલી જ અસામાન્ય છે. પુરાણકાળના કોઈ પણ બીજા લખાણોની બાબતમાં આવું કહી શકાય તેમ નથી. લખાણની જે વિશિષ્ટ ચોકસાઈ સાથે લાંબા સમયની ગલી-કૂંચીઓમાંથી બાઈબલ આપણી પાસે આવ્યું છે, એ હકીકત એની અજોડતાનું એક મુખ્ય માર્ગચિહ્ન છે.

જે ભૂતકાળના દિવસોની આપણે વાત કરીએ છીએ, એ દિવસોમાં જે રીતે પુસ્તકો લખાતાં અને એકથી બીજા હાથમાં જતા, એનું ભૂલો એક અનિવાર્ય પરિણામ હતું. આપણે આપણા જાત અનુભવ દ્વારા જાણીએ છીએ કે આજે પણ કોઈ લહિયો સંપૂર્ણ આબેહૂબ નકલ કરનાર લહિયા તરીકે પૂરવાર ન થાય; હા, તે ગમે તેટલો ખંતપૂર્વક કાળજી રાખનારો હોય તો પણ. પુરાણકાળમાં, આજના નકલકારની સરખામણીમાં, નકલકારોને એટલી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો કે એમના સંબંધમાં ભૂલો થવાની સંભાવના અનેકગણી વધુ હતી. ખૂબ ઝાંખો પ્રકાશ અને ઊતરતી કક્ષાની કલમ ઉપરાંત ત્યારે વિરામ ચિહ્નો નહોતાં અને શબ્દો, ફકરા કે પ્રકરણો અલગ પાડવાની પદ્ધતિ પણ નહોતી. પરિણામે, તે વખતનું કોઈ

પણ પુસ્તક, મૂળ લેખકના આબેહૂબ લખાણમાં, પાછળની પેઢીઓને પહોંચવામાં સફળ રહેતું નહિ. વળી પાછળથી તૈયાર કરેલી નકલ, આગલી નકલની સરખામણીમાં અનિવાર્યપણે વધુ ભૂલોવાળી રહેતી.

હવે જો આપણને જાણવા મળે કે અમુક પુસ્તકની સૌથી પ્રથમ મળેલ પ્રત, મૂળ પ્રત પછી હજાર વર્ષ પછી મળી છે, તો એ પ્રતમાં ઘણાં ફેરફારો થયા હોવાની અપેક્ષા રાખવી કંઈ અજુગતું નથી. હકીકતે, પુરાણાં લખાણોના સંબંધમાં જોવા મળતી આ એક ખૂબ સામાન્ય ઘટના છે. જેનાં મૂળ લખાણો ઓછામાં ઓછા હજાર વર્ષ જૂના હોય એવાં ગ્રીક અને લેટિન ક્લાસિકલ ગ્રંથો પણ આવી લખાણ ભૂલોથી ભરપૂર છે. આમ છતાં આપણે વિશ્વાસથી ખાત્રીપૂર્વક કહી શકીએ કે, આપણને મૂળ શાસ્ત્ર પાઠ મળ્યો હોય એવા લગભગ દરેક કિસ્સામાં અસલ અને પાછળના લખાણોમાં બહુ મોટો તફાવત નથી. ''સોફોકલ્સના એ વખતના સાત નાટકોનો મહત્ત્વના અંશોનો ચોકસાઈપૂર્ણ પાઠ આપણી પાસે ઉપલબ્ધ છે, તેમ છતાં, જેના ઉપર એ આધારિત છે એવી સૌથી પહેલી હસ્તપ્રત, કવિના મૃત્યુના ૧૪૦૦ વર્ષ પછી લખાયેલી છે.'' (કેન્યન, નવા કરારના પાઠની ટીકા. પૃ. ૪) ટ્યુસીડીઝની જૂનામાં જૂની હસ્તપ્રત, એના મૂળ લખાણના લગભગ એટલાં જ વર્ષ બાદ પ્રથમ વાર મળે છે; જ્યારે યુરિપિડ્સના સંબંધમાં આ ગાળો લગભગ ૧૬૦૦ વર્ષનો- તો પ્લેટોના સંબંધમાં ૧૩૦૦ વર્ષનો અને ડેમોસ્થિનિસના સંબંધમાં ૧૨૦૦ વર્ષનો છે. આ સંબંધમાં લેટિન લેખકો એમનાં ગ્રીક સમકાલિનો કરતાં વધુ ભાગ્યશાળી છે. જો કે અહીં પણ આ ગાળો ૭૦૦ વર્ષ કરતાં ઓછો નથી. પરંતુ કેટલાક કિસ્સાઓમાં, જેમ કે કેટ્ટ્યુલસના કિસ્સામાં આ સમયગાળો ૧૬૦૦ વર્ષનો છે. હા, તો આ છે ક્લાસિકલ ગ્રીક અને લેટિન લખાણો સંબંધિત પરિસ્થિતિ. એમનાં લખાણ દાવા તથા એમની સૌથી જૂની બચેલી હસ્તપ્રતોની વચમાં સૈકાઓ ઊંડી ખાઈ પડેલી છે. એક થી બીજા સમય સુધી પહોંચવાની આ લાંબી પ્રક્રિયા દરમ્યાન મૂળ લખાણમાં અનેક ફેરફારો

થઈ ચૂક્યા છે. તેમ છતાં ઘણાં લખાણોમાંથી આપણી પાસે ઊતરી આવેલાં લખાણો વ્યવહારમાં વ્યાજબી ચોકસાઈ ધરાવે છે.

આપણે જ્યારે બાઈબલની વાત કરીએ, ત્યારે લગભગ આવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડશે એવું ધારી લેવું સ્વાભાવિક છે. પરંતુ અહીં બે મહત્ત્વના અને નોંધપાત્ર તફાવત જોવા મળે છે. પહેલો તફાવત એ છે કે બાઈબલનાં પૂસ્તકોની સૌથી જૂની ઉપલબ્ધ હસ્તપ્રતો અને એનાં મૂળ લખાણો વચ્ચેનો સમયગાળો, પુરાણકાળના અન્ય પુસ્તકોના સંબંધિત સમયગાળા કરતાં ખૂબ ટૂંકો, સૈકાંઓ જેટલો ટૂંકો છે. યોહાનની સુવાર્તાના એક ભાગનો એક જૂનો પૅપિરસ (ઝાડના પાંદડામાંથી બનાવેલ કાગળ) પણ મળ્યો છે. એનું સમયાંકન ઈ.સ. ૧૨૦ના સમયનું કરવામાં આવ્યું છે, જે મૂળ લખાણના વીસેક વર્ષ પછીનું જ છે.

વળી વિશેષ નોંધપાત્ર બાબત તો, બાઈબલની નકલો જે આશ્ચર્યકારક ચોકસાઈપૂર્ણ રીતે જાળવવામાં આવી તે છે. વિશાળ સંખ્યાના સંશોધનો અને શોધખોળોના પરિણામે, અનેક પુરાણા લખાણોની હસ્તપ્રતો તથા અગાઉના ખ્રિસ્તી લેખકોના ટાંચણોની સરખામણી દ્વારા તજજ્ઞોએ ચકાસણી કરી છે, કે બીજા કોઈ પણ પુરાણા લખાણો કરતાં બાઈબલ આપણી પાસે ખૂબ જ અસલી સ્વરૂપમાં ઊતરી આવ્યું છે. વાસ્તવમાં એમનાં સંશોધનોએ પૂરવાર કર્યું છે, કે જૂના કરારના પ્રાપ્ત લખાણોમાં ઘણી ભૂલો પ્રવેશી હોવા છતાં નવા કરારની સુધારેલી પ્રમાણિત આવૃત્તિ (R.S.V.)નું લખાણ, નવા કરારના મૂળ લખાણ સાથે લગભગ ૯૯ ટકા સમાનતા ધરાવે છે.

૨. બીજા બધાં પુસ્તકોની સરખામણીએ બાઈબલને બીજી જે બાબતે જુદું તારવ્યું છે અને એની પોતાની અલગ હરોળમાં મૂક્યું છે, તે તો બાઈબલે માણસોના જીવનો પર કરેલી મોટી અસર. એમનાં જીવનો બાઈબલે ધરમૂળથી બદલી નાખ્યાં છે. માણસોના જીવનો પર બાઈબલનો નોંધપાત્ર પ્રભાવ હોવાનો આ દાવો છે. આ એવી

બાબત છે કે જેનો વિવાદ થઈ શકે નહિ, કારણ કે આવા અસંખ્ય દાખલાઓ મોજુદ છે. આવા કોઈ સારા સંગ્રહનો ઉલ્લેખ કરવો હોય તો શ્રી એ.એમ. ચોંગવીનનું પુસ્તક ''બાઈબલ અને દુનિયામાં સુવાર્તા પ્રચાર (The Bible and World Evangelism) છે. માત્ર બાઇબલ વાંચવાથી ધરમૂળથી જેમનાં જીવનો બદલાયાં હોય, એવા માણસોના સંખ્યાબંધ અહેવાલો એમાં આપ્યાં છે. મને એમાંથી માત્ર ત્રણનો અહીં ઉલ્લેખ કરવા દો.

એક રૂઢો અમેરિકી ગુનેગાર ઘરફાડની નવી યોજના બનાવવા પોતાના પુરાણા સાગરિતોને મળવા જતો હતો. રસ્તામાં તેણે એક જણનું ખિસ્સું કાપ્યું; મળેલી વસ્તુ જોવા તેણે એક એકાંત જગ્યા શોધી કાઢી. અને જ્યારે તેને માલૂમ પડ્યું કે ચોરેલી વસ્તુ તો નવો કરાર છે, ત્યારે તેને ખૂબ જ નિરાશા ઉપજી અને પોતા પર તિરસ્કાર ઉપજ્યો. આ નવરાશનો સમય હોવાથી તેણે બેધ્યાનપણે નવા કરારના પાનાં ઉથલાવવાનું શરૂ કર્યું.

પુસ્તકે તેને જકડી લીધો. આથી તેણે વાંચવાનું ચાલું રાખ્યું. થોડા કલાકો બાદ તે પોતાના સાગરિતોને મળ્યો ખરો. પરંતુ માત્ર જાહેરાત કરવા કે તે તેમનાથી છૂટો પડ્યો છે.

એન્ટોનીઓ નામનો એક માણસ બ્રાઝિલમાં રહેતો હતો. કેટલાક વખતથી તેનો એક મિત્ર પ્રભુ ઈસુના હક્ક દાવા સંબંધી તેને આગ્રહપૂર્વક જણાવતો હતો. એક દિવસ તેણે તેને બાઇબલ આપ્યું. શ્રી. એન્ટોનીઓએ બાઇબલ લીધું ખરું પરંતુ બાળવા માટે. સહેલાઈથી બાળવા તેણે બાઇબલને છૂટું કરી નાખ્યું. ગિરિ પ્રવચન આગળ બાઇબલ ખૂલ્યું. એમનાં કેટલાક શબ્દોએ તેનું ધ્યાન ખેંચ્યું. આખી રાત તે વાંચતો રહ્યો. સવારનાં તે ઊભો થયો અને સ્વગત ઉચ્ચાર્યું, '' આ વાતો હું માનું છું.''

સીસીલીના એક જંગલમાં એક વખત એક લુંટારાએ ધર્મ પુસ્તકોના એક ફેરિયાને આંતર્યો; અને તેનાં બધા પુસ્તકો બાળીને અગ્નિ પ્રગટાવવાનો

હૂકમ કર્યો. આ ફેરિયાએ લુંટારૂને વિનંતિ કરી કે અગ્નિમાં નાંખ્યા પહેલાં પુસ્તકોમાંના અમુક ફકરા તેને વાંચવા દે. લુંટારૂને એમાં વાંધાજનક કશું લાગ્યું નહિ. આથી તેણે મંજૂરી આપી દીધી. ફેરિયાએ પ્રથમ પુસ્તકમાંથી ગીતશાસ્ત્રનું ૨૩મું ગીત વાંચ્યું. બીજામાંથી તેણે ભલા સમરૂનીનું દ્રષ્ટાંત વાંચ્યું. ત્રીજામાંથી પહાડ પરનું પ્રવચન, અને આમ તે વાંચતો ગયો. દરેક ભાગ વાંચ્યા પછી લુંટારૂ કહેતો કે "આ પુસ્તક તો સારું છે એને બાળવું નથી." છેવટે એક પણ પુસ્તક અગ્નિમાં હોમાયું નહિ અને લુંટારૂ બધાં પોતાની સાથે લઈ ગયો. ઘણાં વર્ષો બાદ અચાનક આ લુંટારૂને પેલા ફેરિયા સાથે મુલાકાત થઈ. પણ હવે તો તે એક ખ્રિસ્તી મિશનરી બની ગયો હતો. તેણે પેલા ફેરિયાને કહ્યું "આ તો તારા પેલાં પુસ્તકોનો પ્રતાપ છે."

૩. બાઈબલ અનોખું હોવાનો બીજો પૂરાવો તે તો લોકોના રસના વિષયોમાં એણે જે રીતે અત્યાર સુધી પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે તે છે. અને હજુ પણ બાઈબલે પોતાનું આ સ્થાન ગુમાવ્યું નથી. બાઈબલને પૂર્ણ સ્વરૂપ અપાયાને લગભગ ઓગણીસસો વર્ષ થયાં છે. છતાં, આજે પણ, અત્યાર સુધી હતું તે પ્રમાણે તે દુનિયાનું સૌથી વધુ વેચાતું પુસ્તક છે.

આવું જૂનું પુસ્તક હજી સુધી પણ માગ જાળવી રાખે તે એક નોંધપાત્ર બાબત છે. પરંતુ એની માગ આખી દુનિયામાં વ્યાપક હોય, અને આટલી જોરશોરથી હોય તે માન્યામાં ન આવે એટલું નોંધપાત્ર છે. હકીકત એ છે, કે બાઈબલ સોસાયટીઓના વાર્ષિક અહેવાલો સાથે સાથે પ્રકાશકો અને પુસ્તકવિક્રેતાઓ પણ આ બાબતની આપણને ખાત્રી આપવામાં કદી પાછળ પડતા નથી. દુનિયામાં બીજા એક પણ પુસ્તકની બાઈબલ જેટલી નકલો વેચાતી નથી.

આ હકીકત પરથી આપણે એમ માની લેવા પ્રેરાઈએ, કે આજે પણ બાઈબલનો અવાજ દુનિયામાં સૌથી વધુ સંભળાય છે. હા, એવી દલીલ થઈ શકે અને થાય છે પણ ખરી, કે બાઈબલના

વાર્ષિક વેચાણ આંકડા, ૨૧મી સદીમાં લોકોના જીવનમાં બાઈબલના સ્થાન અથવા પ્રભાવનું કોઈ ચોક્કસ વાસ્તવિક પ્રમાણ પૂરું પાડી શકે નહિ. કદાચ તે ખરીદવામાં આવતું હોય, પણ વાંચવામાં ન આવતું હોય. અથવા ટીકાકારો દાવો કરે છે કે ખરીદાય છે એટલા પ્રમાણમાં તો નહિ જ વંચાતું હોય. તેમના કહેવા મુજબ આજે તો બાઈબલનો અવાજ ખૂબ જ ધીમો-ઝીણો છે, આજે માત્ર બહુ થોડાકને જ સંભળાય છે.

કોઈપણ શાણી-જાગૃત વ્યક્તિ એવું માનવાને કદાપિ તૈયાર નહિ થાય, કે દરેક ખરીદવામાં આવેલું બાઈબલ વંચાય છે પણ. દરેક વર્ષે વાંચવા સિવાયના અનેક હેતુઓ માટે બાઈબલની ઘણી નકલો ખરીદવામાં આવે છે. આખી દુનિયાના ઘરોમાં ઘણા બાઈબલો માત્ર તેમના પરની ધૂળ ખંખેરવા માટે જ બહાર કાઢવામાં આવે છે. અને બીજા ઘણાં બધા બાઈબલો દેવળમાં લઈ જવા માટે જ બહાર કાઢવામાં આવતાં હોય છે. આ બધી બાબતો ગણતરીમાં લીધા પછી પણ એ હકીકત ચોક્કસ સ્વીકારવી જ પડે કે ૨૦મી સદીના ઉત્તરાર્ધમાં પણ કોઈ પણ એક અલગ પુસ્તકની સરખામણીમાં ઘણા વધારે લોકો ગંભીરતાપૂર્વક બાઈબલ વાંચે છે.

બાઈબલની બીજી બધી પ્રતો કરતાં અધિકૃત આવૃત્તિ (Authorised Version)ની ઘણી વધુ નકલો ખપે છે એ હકીકત, ઘણા લોકો બાઈબલ વાંચે છે, અને ધ્યાનપૂર્વક વાંચે છે તથા નિયમિત વાંચે છે, એવી મારી વ્યકિતગત માન્યતાને ટેકો અને બળ પૂરાં પાડે છે. બાઈબલની સર્વોત્તમ વેચાણની ગુણવત્તાનું અર્થઘટન એવું કરવામાં આવે કે બહુધા દેખાડા માટે અથવા રિવાજ અનુસાર ખરીદવામાં આવે છે. તો તેની અધિકૃત આવૃત્તિની વધુ પ્રતો ખપે છે એ હકીકત, આ રીતે સમજાવવી મૂશ્કેલ બની જાય છે.

બાઈબલનાં આધુનિક અનુવાદો જેવાં કે સુધારેલી પ્રમાણિત આવૃતિ, નવું અંગ્રેજી બાઈબલ, શુભ સમાચાર બાઈબલ અને બીજી

આવૃતિઓનું મૂલ્ય મોભાની દષ્ટિએ અધિકૃત આવૃતિની સરખામણીમાં હજુ આજે ઘણું ઊતરતું છે તેમ છતાં, આ આધુનિક અનુવાદો પણ મોટી સંખ્યામાં ખપે છે. અને મારું માનવું છે કે આધુનિક અનુવાદો ખૂબ ખપે છે તેનું કારણ એ છે કે ખાસ વાંચવા માટે જ આ બાઈબલો ખરીદવામાં આવતાં હોવા જોઈએ. એ સિવાય એનું બીજું કારણ હું તો કલ્પી શક્તો નથી.

બાઈબલને બીજાં પુસ્તકો કરતાં વધુ માત્રામાં ખરીદનાર જ નહિ, પરંતુ ખરેખર વાંચનાર લોકોની વધુ સંખ્યા ખૂબ મોટા પ્રમાણમાં છે તે બાબત, વાસ્તવિકપણે શંકાથી પર છે એવું મને લાગે છે. બીજા શબ્દોમાં આપણી આધુનિક દુનિયામાં ઘણા બધા લોકો બાઈબલનો અવાજ સાંભળી રહ્યા છે.

બાઈબલ શું કહે છે તે તેઓ સમજે છે કે નહિ, માને છે કે નહિ અથવા તેના પર પૂરતું ધ્યાન આપે છે કે નહિ એ તો અલગ પ્રશ્નો છે. અને તે તપાસવા માટે આપણે આગળ વધીએ.

## ૨. મૂળતત્વવાદી (Fundamentalist-રૂઢિવાદી)ઓ ક્યાં છે ?

કેટલાકનું એવું કહેવું છે કે બાઈબલને એક ચોક્કસ વલણના આધારે સમજવું જોઈએ. જેને ઘણીવાર બેફિકરાઈથી "રૂઢિવાદ" (મૂળતત્વવાદ) તરીકે ઓળખવામાં આવે છે. બાઈબલ પ્રત્યેનો આવો અભિગમ બાઈબલના સંપૂર્ણ લખાણને કોઈપણ જાતનાં અપવાદ વિના "દેવના સાચા શબ્દો" ગણાવે છે. આ અભિગમને શાબ્દિક પ્રેરણા (Verbal Inspiration) અથવા "શબ્દસહ ભૂલરહિતતા" (Literal Inerrancy) તરીકે ઓળખવામાં આવે છે.

આ શબ્દપ્રયોગ "રૂઢિવાદ" પ્રયોજવો કદાચ જોખમ ભરેલું છે ;કારણ કે લોકો તેને જુદા જુદા અર્થમાં વાપરે છે. વળી બીજા લોકોના વિચારોનું વર્ણન કરવા માટે જુદા જુદા લેબલ લગાડવા એ આખી પ્રવૃતિ જોખમથી ભરેલી છે. તો પણ કેટલીકવાર સંપૂર્ણ જરૂર નહિ હોવા છતાં તે સગવડભરી અને સહાયકારી પ્રવૃત્તિ છે.

જો કે ચોકસાઈ અને સ્પષ્ટતાની દૃષ્ટિએ એ બાબત પ્રત્યે અંગુલીનિર્દેશ કરવો શાણપણભર્યુ કહેવાશે, કે ચોક્કસપણે કહેતાં રૂઢિવાદ એ શબ્દપ્રયોગ ૨૦મી સદીની શરૂઆતમાં યુ.એસ.એ. માં શરૂ થયેલી એક ચળવળનું નામ છે. આ ચળવળ મૂળ (સુવાર્તા) શબ્દસહ અર્થઘટન કરીને, તેને એ જ મૂળ સ્વરૂપમાં દેવળમાં બોધભાષણમાં વાપરવા માટે તેનો બચાવ કરવાના પ્રતિઘોષિત આશયથી શરૂ કરવામાં આવી હતી. ૧૯૧૦ અને ૧૯૧૫ની વચમાં, બાઈબલની શાબ્દિક ભૂલરહિતા, કુંવારી માતાના પેટે જન્મ, ઈસુનું દૈવીપણું, તેનું શારીરિક પુનરૂત્થાન કાલવરીના વધસ્તંભ પર પાપના પ્રાયશ્ચિતરૂપે બલિદાન અને શારિરીક સ્વરૂપમાં ઈસુનું પુનરાગમન - આ બાબતોનો બચાવ કરવા ૧૨

નાની પુસ્તિકાઓ છપાવવામાં આવી હતી. આ પુસ્તિકાઓને ''મૂળ તત્વો'' કહેવામાં આવી અને આ શીર્ષક પરથી ''મૂળતત્વવાદ''- રૂઢિવાદ શબ્દપ્રયોગનો જન્મ થયો.

આ શબ્દપ્રયોગનો ચોક્કસ ઐતિહાસિક ઉપયોગ કરવામાં આવે તો ચળવળ અને તેના સમર્થકોનો જ સમાવેશ થાય, અને તેમાં જે જે સિધ્ધાંતો સમાવાયેલા તેનું પ્રતિનિધિત્વ કરે. પરંતુ મૂળતત્વવાદ' હવે તો બાઈબલના ''શાબ્દિક પ્રેરણા'' માટે જ મહદ્અંશે વપરાવા લાગ્યો છે, કે જે આ ચળવળનું એક ગુણલક્ષણ છે. જો કે આ અભિગમ માટેનું આ નામાભિધાન ઘણું ખરું આધુનિક છે, તેમ છતાં તેના મૂળ ઘણા પુરાણાં છે. ઈસુ ખ્રિસ્તના સમય પહેલાં પણ તે અસ્તિત્વ ધરાવતો, કારણ કે યહુદીઓના ધર્મગુરૂ(રાબ્બી)ઓ પણ આગ્રહ રાખતા કે જૂના કરારના પુસ્તકો દેવના મોંમાંથી નીકળેલા ખરેખરા શબ્દો છે. ખ્રિસ્તી મંડળીએ પણ રાબ્બીઓનો આ અભિગમ ઘણા પ્રાથમિક તબક્કાથી અપનાવવાનું ચાલું રાખ્યું છે.(નવા કરારના પાછળના ભાગના પુસ્તકોમાં આ વલણનાં સંકેતો સાંપડે જ છે.) અને સમય જતાં જૂના કરાર સાથે નવા કરારનો પણ તેમાં સમાવેશ થાય એવી રીતે આ અભિગમ વિસ્તૃત કરવામાં આવ્યો છે.

આ વિચારધારા પ્રથમ પશ્ચિમની અને ત્યારબાદ પૂર્વની મંડળીઓમાં પણ વિકસી અને આપણે જાણીએ છીએ, કે ત્યારપછી ટ્રેન્ટની મહાસભા (ઈ. સ. ૧૫૪૫-૧૫૬૭)માં રોમની મંડળીએ તેને વાચા આપીને વ્યાખ્યાયિત કરી. અને ઘોષિત કર્યું કે ધર્મશાસ્ત્રના તમામ પુસ્તકો તથા અલિખિત પ્રણાલિકા સમગ્રતયા પવિત્ર આત્મા દ્વારા આપવામાં આવ્યા છે. ૧૮૬૯-૭૦ની વેટિકન મહાસભાએ પણ આ ટ્રેન્ટ મહાસભાના ઉચ્ચારણો-''પવિત્ર આત્મા દ્વારા અપાયેલાં''નો પુનરોચ્ચાર કર્યો. વળી ૧૮૯૮માં લૂઈ આઠમાએ ફરીથી તેના મહાગ્રંથ (Providentissimus-Dens)માં આ અભિગમનો પુનરોચ્ચાર કર્યો.

બાઈબલનાં બધાં પુસ્તકો અને પ્રત્યેક પુસ્તકનો એકએક ભાગ

કે જેને ખ્રિસ્તી મંડળી પવિત્ર ગણે છે અને જેનો ધર્મશાસ્ત્રમાં સમાવેશ થયેલો છે. તે ''ઈશ્વરપ્રેરિત'' એટલે કે(canonical)''પવિત્ર આત્મા દ્વારા'' આવેલો છે અને દૈવી પ્રેરણામાં કોઈ દોષ સંભવી શકે તેવી કોઈ શક્યતા એટલી દૂર છે, કે આ મત અનુસાર દેવ સર્વોચ્ચ હોવાથી તે કોઈ ભૂલ કરી શકે તે અશક્ય બાબત સાથે સંકળાયેલું હોવાથી આ અભિગમ કોઈપણ જાતની ભૂલનો અસ્વીકાર કરે છે, ને તેની શકયતા નકારી કાઢે છે.

ધાર્મિક સુધારણા (Reformation) આવ્યા પછી પણ ધર્મ શાસ્ત્રનો ''શાબ્દિક પ્રેરણા'' સિધ્ધાંત પાછળ મૂકી દેવામાં આવ્યો નહિ પરંતુ નવી મંડળીઓમાં પણ ચાલુ રહ્યો; અને એટલું જ નહિ પણ કેટલીક મંડળીઓમાં તો તે પ્રથમ કરતાં વધુ મજબુતાઈ ને બળપૂર્વક સ્વીકારવામાં આવ્યો. આ પરિસ્થિતિ એક મોટી સમસ્યારૂપ છે. કારણ કે પ્રથમના ધાર્મિક સુધારણાવાદીઓએ આ સિધ્ધાંતને બહુ સમર્થન આપ્યું નહોતું. ઉદાહરણરૂપે, લુથર પણ બાઇબલનો દરેક શબ્દ ઈશ્વરનો શબ્દ છે તે અર્થમાં બાઇબલની ગણતરી કરતા નહોતા. તેમના મત મુજબ ધર્મશાસ્ત્રનું મૂલ્ય તેમાં સુવાર્તા કેટલા પ્રમાણમાં છે તેને આધારે નક્કી કરવું જોઈએ અને સુવાર્તા કેટલીક જગ્યાએ વધુ તો કેટલીક જગ્યાએ ઓછી હોઈ શકે.

ધાર્મિક સુધારાવાદીઓની બીજી પેઢી, ખાસ કરીને કેલ્વિને એવી માન્યતાની જાહેરાત કરી કે ઈશ્વરે જાતે જ શબ્દસહ શાસ્ત્રોની પ્રેરણા આપી છે, એટલે કે દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે. આ માન્યતાએ સુધારાવાદીઓના મોટા ભાગના ક્ષેત્રને પ્રભાવિત કર્યું અને તે જ પ્રથમ તો સિધ્ધાંતમાં નહિ પરંતુ વ્યવહારમાં, સુધારાવાદ એટલે 'ભૂલરહિત પોપની, ભૂલરહિત મંડળી માટે ભૂલરહિત શાસ્ત્ર પુસ્તક' એવું અર્થઘટન થવા લાગ્યું. બાઇબલ પ્રત્યેના આ દૃષ્ટિબિંદુને સામાન્ય રીતે 'મૂળ તત્વવાદ' તરીકે ઓળખવામાં આવે છે. તે ઘોષિત કરે છે '' બાઈબલના શબ્દો એટલે ઈશ્વરના શબ્દો'' એવું સમીકરણ થાય એવા ઈશ્વરના

વચનો એટલે બાઈબલ. બાઈબલ એ દેવનું પુસ્તક છે. એ અર્થમાં કે "ઈશ્વરે જે પ્રમાણે વિચાર્યું તે પ્રમાણે તેના લેખકોએ શબ્દેશબ્દ લખ્યો છે." અને તેથી શાસ્ત્રના દરેક વિધાનનો દૈવી ઉચ્ચારણ તરીકે સ્વીકાર કરવો જોઈએ. દરેક વાક્ય, બાઈબલનો દરેક શબ્દ, ઉત્પત્તિથી પ્રકટીકરણ સુધી, સમગ્રતયા દેવે આપેલાં છે અને તેથી હકીકતે તે દરેક સંપૂર્ણપણે સત્ય અને ભૂલરહિત છે.

આ મત બાઈબલની સાચી સમજણ માટેની ચાવી હોવાનો દાવો કરે છે. અને સાથે એ પણ દાવો કરે છે કે આ એક એવી ચાવી છે. કે જે સરળ અને દ્વિધારહિત સમજણનું તાળું ખોલી આપે છે. આનાથી વિરુધ્ધમાં ઘણા એમ માને છે કે મૂળતત્વવાદી દ્દષ્ટિબિંદુ ઘણીવાર બાઈબલને સમજવાનું પારાવાર મુશ્કેલ બનાવી દે છે. અને જો વાસ્તવમાં આ દ્દષ્ટિબિંદુને જડતાપૂર્વક વળગી રહેવામાં આવે એટલે કે જો બાઈબલના શબ્દોનું ઈશ્વરના શબ્દો સાથે સમીકરણ કરવામાં આવે, તો બાઈબલને સમજવામાં ગંભીર વિક્ષેપ ઊભો થાય.

વિચિત્ર બાબત તો એ છે કે વ્યવહારમાં એવી એક પણ વ્યકિત દેખાતી નથી, જે બાઈબલ પ્રત્યેના મૂળતત્ત્વવાદના દ્દષ્ટિબિંદુને સંપૂર્ણપણે વળગી રહેતી હોય. આ એક એવું દ્દષ્ટિબિંદુ છે કે જે સિદ્ધાંતમાં સ્વીકારવામાં આવે છે પણ વ્યવહારમાં એનો સંપૂર્ણ અમલ સ્વીકારાતો નથી.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વ્યાપક રીતે વિચારતાં બાઈબલના વાંચકોને બે પ્રકારમાં વહેંચી શકાય. એક એવો પ્રકાર કે જેઓ બાઈબલનો સંપૂર્ણપણે ઈશ્વરના વચન તરીકે સ્વીકાર કરે છે ; બીજી બાજુ એવા પ્રકારના લોકો છે કે જેઓ એવું માને છે બાઈબલમાં પ્રથમથી છેલ્લે સુધી એકસરખી રીતે ઈશ્વરના વચનો નથી. એક બાજુ એવા લોકો છે કે જેઓ માને છે કે બધાં શાસ્રો (આખું બાઈબલ) શબ્દેશબ્દ ઈશ્વરપ્રેરિત છે ત્યારે બીજી બાજુ એવા લોકો છે કે જેઓ માને છે કે બાઈબલના

લેખકો **સંપૂર્ણપણે** પવિત્ર આત્માના અંકુશમાં હતા તેમ કહેવું સાચું નથી. એક બાજુ એવા લોકો છે કે જેઓ ખ્રિસ્તી વિશ્વાસ અને જીવનને માટે બાઈબલનો દરેક ભાગ (દરેક વચન) અધિકારયુક્ત હોવાનું જરૂરી માને છે. બીજી બાજુ એવા લોકો છે કે જેઓ કઈ બાબતને અથવા કયા વચનોને અધિકારયુક્ત ગણવા તે નક્કી કરવામાં વિવેકબુદ્ધિ વાપરવાનું કહે છે.

મારું કહેવું છે કે પ્રથમ પ્રકારની માન્યતા સંપૂર્ણ નહિ તો પણ મહદ્ અંશે તો કાલ્પનિક જ છે. એ સાચું કે ઘણા બાઈબલ એ સંપૂર્ણપણે ઈશ્વરનું વચન હોવાની માન્યતાને સમર્થન આપે છે, પરંતુ તેઓ સાચેસાચ વ્યવહારમાં પણ આવું સ્વીકારે છે શું ? શું પરિસ્થિતિ એવી નથી કે બાઈબલનો પ્રત્યેક વાંચક, પછી તે ગમે તે પ્રકારની વિચારસરણી ધરાવતો હોય, બાઈબલ પ્રત્યે ભેદભાવયુક્ત વલણ નથી રાખતો ?

કેટલાકને આ કથનમાં કદાચ શંકા ઉપજશે. હું તેમને વિનંતિ કરું છું કે જ્યાં સુધી આગળ વાંચીને આપેલા પુરાવાઓની નોંધ ન લે ત્યાં સુધી આ કથનને તિરસ્કારી ન કાઢે. કારણ કે હું કોઈ ઈશ્વરવિદ્યાનો સિદ્ધાંત પૂરવાર કરવા માંગતો નથી. પરંતુ જે હકીકત છે, તેને સ્પષ્ટ રીતે મૂકવા માંગુ છું, અહીં મૂળતત્ત્વવાદ (રૂઢીવાદ)ના દૃષ્ટિબિંદુના ગુણદોષ સાથે મારે કોઈ લેવાદેવા નથી. આ ક્ષણે તો, વ્યવહારમાં, આ દૃષ્ટિબિંદુનો કેટલી દઢતાથી અમલ કરીએ છીએ એ જોવાની મારી પ્રવૃત્તિ છે. કોઈ ચોક્કસ ગણતરી વગર એકઠાં કરેલાં નીચેનાં ઉદાહરણો, વ્યવહારમાં આ દૃષ્ટિબિંદુનો દઢતાપૂર્વક કોઈ અમલ કરતું નથી એ બતાવવા પૂરતાં થઈ પડશે.

આપણે પ્રથમ મુસાના નિયમશાસ્ત્ર તરફ વળીએ અને લેવીયના પુસ્તકમાં નોધેલી કેટલીક આજ્ઞાઓ તરફ નજર કરીએ લેવીય ૧૧: ૧-૮માં નીચે પ્રમાણે નોંધ છે.

અને યહોવાએ મુસાને તથા હારૂનને કહ્યું, કે ઈઝરાયલપુત્રોને

એમ કહો કે પૃથ્વી પરનાં સર્વ પ્રાણીઓમાંથી તમારે ખાવાં તે આ છે : પશુઓમાંથી જે કોઈને ફાટેલી ખરી, ને ચિરાયેલા પગ હોય, તથા જે વાગોળતું હોય, તે તમારે ખાવું. તો પણ વાગોળનારાઓમાંથી આ પશુઓ તમારે ન ખાવાં : એટલે ઊંટ, કેમકે, તે વાગોળે છે પણ તેની ખરી ફાટેલી નથી, તે તમને અશુદ્ધ છે, તેઓનું માંસ ન ખાવું તથા તેઓનાં મુડદાંને સ્પર્શ ન કરવો; તેઓ તમને અશુદ્ધ છે.''

કયો ખ્રિસ્તી આ નિયમોને પોતાના માટે બંધનકર્તા ગણે છે? દાખલા તરીકે, આપણામાંનો કોઈ ગંભીરતાપૂર્વક એમ માને છે કે ઈશ્વરની આજ્ઞા એવી છે કે આપણે ડુક્કરનું માંસ ન ખાવું ?

લેવીય ૧૨ : ૨માં આપણે વાંચીએ છીએ. ''કે કોઈ સ્ત્રીને હમેલ રહીને પુત્ર અવતરે, ત્યારે તે સાત દિવસ સુધી અશુદ્ધ ગણાય અને છઠ્ઠી કલમમાં, અને ''જ્યારે પુત્રને લીધે કે પુત્રીને લીધે તેના શુદ્ધ થવાના દિવસો પૂરા થાય. ત્યારે તે દહનીયાર્પણને સારુ પહેલા વર્ષનું હલવાન, તથા પાપાર્થાર્પણને સારુ કબૂતરનું એક બચ્ચું અથવા એક હોલો મુલાકાતમંડપના બારણા આગળ યાજકની પાસે લાવે... જેને પુત્ર કે પુત્રીનો પ્રસવ થાય, તેને માટે એ નિયમ છે.''

ત્રીજી કલમ આઠમા દિવસે તે પુત્રની સુન્નત કરવી એવી છે.

આમ છતાં ખ્રિસ્તી માતાપિતા પોતાના પુત્રની સુન્નત કરાવવાનું બંધનકર્તા માનતા નથી. અથવા ખ્રિસ્તી માતાઓ પુત્રના જન્મ પછી ઉપર કહેલાં અર્પણો ચઢાવવાનું બંધનકર્તા માનતી નથી.

યહોવા દેવ જે પર્વો પાળવાનું આપણને કહે છે, તે અંગેના સૂચનો ૨૩માં અધ્યાયમાં આવે છે. સાબ્બાથ, પાસ્ખાપર્વ, પચાસમાનુંપર્વ પ્રાયશ્ચિતપર્વ, માંડવાપર્વ; કયો ખ્રિસ્તી આ પર્વો પાળવાનું પોતાને માટે બંધનકર્તા ગણે છે ? અહીં એ બાબતનો નિર્દેશ કરવાની જરૂર છે કે ખ્રિસ્તીઓ સાબ્બાથવાર ચોકકસ પાળે છે. જો કે આ બાબત પણ મારા મુદ્દાનું સમર્થન કરે છે. હું અહીં એ બતાવવા માગું છું

કે દરેક ખ્રિસ્તી, વ્યવહારમાં, પોતે એ વિષે પૂરેપૂરો સભાન હોય કે ન હોય તો પણ, બાઈબલનાં વચનો પ્રત્યે પસંદગીનું વલણ અપનાવે છે. સાબ્બાથવાર પાળવો ને બીજા પર્વો નહિ પાળવા તે આજ બાબત દર્શાવે છે. (જો કે સાબ્બાથના નિયમો રવિવારના દિવસે બદલી નાખવામાં આવ્યા છે અને આ વિષેનો વધુ વિચાર થોડા સમય માટે મુલતવી રાખીશું.)

લેવીયના પુસ્તકમાંથી બીજાં આવાં ઘણાં ઉદાહરણો બતાવી શકાય, પરંતુ તેમાં આપેલા નિયમો સમગ્રપણે પાળવાને પોતે બંધાયલા છે એવું ખ્રિસ્તીઓ માનતા નથી તે બાબત દેખાડવા માટે આટલાં ઉદાહરણો પૂરતાં છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ પણ ખ્રિસ્તી આ નિયમો પ્રત્યે મૂળતત્ત્વવાદી (રૂઢિવાદી) સિદ્ધાંત ચુસ્તપણે સ્વીકારવાનો આગ્રહ રાખવાનો પ્રયત્ન કરતા નથી.આ કિસ્સામાંનું વલણ એવું નથી, કે ખ્રિસ્તીઓ જેને ફરજ સમજે છે તે પ્રત્યેની તેમની બેદરકારી કે નિષ્ફળતા હોય. આપણાં દુશ્મનો પ્રત્યે પણ પ્રેમ રાખવાની ઈસુ ખ્રિસ્તની આજ્ઞાનું સંપૂર્ણપણે પાલન કરી શકવામાં સફળ થવાય તેવું અસંભવિત છે. તેમ છતાં આ નિયમ આપણે પાળવો બંધનકર્તા છે તેવું આપણે મનોમન સમજીએ છીએ. પરંતુ લેવીયના પુસ્તકમાંના નિયમો પ્રત્યેનું આપણું વલણ આનાથી તદ્દન વિપરિત છે. અહીં તો સ્વીકારેલ ફરજ અદા કરવાની નિષ્ફળતાનો પ્રશ્ન જ નથી. પરંતુ આ નિયમો પાળવાની આપણી ફરજ છે એવું સ્વીકારવાનો જ આપણે ઈન્કાર કરીએ છીએ. અર્થાત, બધા ખ્રિસ્તીઓ જેમાં મૂળતત્વવાદીઓ પણ સમાઈ જાય છે, આ નિયમોની બાબતમાં બાંધછોડ કરે છે; અને બાઈબલના બીજા જે ભાગોને અધિકારયુક્ત ગણવાનું વલણ ધરાવે છે તેમાંથી તેમને બાકાત રાખે છે.

કેટલાક વાંચકો કદાચ એવો વાંધો ઉઠાવે કે આ આજ્ઞાઓ ખ્રિસ્તીઓ માટે અધિકારયુક્ત અથવા તેમને માટે સુસંગત હોય એવું જણાતું નથી. આ આજ્ઞાઓ તો ઈશ્વરે જૂના કરાર (dispensation)

હેઠળ આપેલી છે અને તે ઈઝરાયલી પ્રજાને માત્ર તેમના માટે જ આપેલી આજ્ઞાઓ છે. નિયમશાસ્રમાંના આ એવા નિયમો છે કે જે હવે સુવાર્તા દ્વારા રદ કરવામાં આવ્યા છે. આ વાંધો કદાચ બરાબર હોય તો પણ તે મારા મુદ્દાને સમર્થનકર્તા જ છે. આ વાંધો ઊભો કરવો એનો અર્થ એ જ થાય છે-પસંદગીનો સિદ્ધાંત સ્વીકારવો અને બાઈબલના બધા જ વચનો એક સરખા અધિકારયુક્ત નથી તેવી રજૂઆત કરવી. કોઈ પણ રીતે આ વાંધા દ્વારા જે દલીલ રજૂ કરવામાં આવે છે તે જો મુસાના સમગ્ર નિયમશાસ્રને રદ કરવામાં આવ્યું છે એવું ખ્રિસ્તીઓ માને તો જ સંપૂર્ણપણે સાચી છે તેમ સ્વીકારી શકાય. છતાં ખ્રિસ્તીઓ મુસાના નિયમશાસ્રના કેટલાક ભાગને સામાન્ય રીતે બંધનકર્તા તરીકે સ્વીકારે છે, જેમકે દસ આજ્ઞાઓ ખ્રિસ્તીઓ માટે બંધનકર્તા છે. પરંતુ ઈઝરાયલ પ્રજાને (પ્રભુ) યહોવા દેવે મુસા દ્વારા જે નિયમશાસ્ર આપવામાં આવ્યું હોવાની નોંધ પંચગ્રંથો (બાઈબલના પ્રથમ પાંચ પુસ્તકો) માં કરવામાં આવી છે, તે નિયમશાસ્ત્રનો જ આ દસ આજ્ઞાઓ એક ભાગ છે. આનો અર્થ એવો થયો કે મુસાના નિયમશાસ્રમાં એક જગ્યાએ આવેલા નિયમોને ખ્રિસ્તીઓ પોતાના માટે બંધનકર્તા ગણે છે, પરંતુ બીજી જગ્યાએ તેની સાથે જ આપેલા નિયમો પોતાને માટે બંધનકર્તા હોવાનું સ્વીકારતા નથી. દસ આજ્ઞાઓ જે રીતે ઈઝરાયલ પ્રજાને સંબોધીને આપવામાં આવેલી એ રીતે જ આહાર, પુત્ર જન્મ અને પર્વો અંગેની આજ્ઞાઓ પણ તેમને સંબોધીને જ આપવામાં આવેલી. એનો અર્થ એ થયો કે આપણે આ આજ્ઞાઓ પ્રત્યે પસંદગીનું વલણ ધરાવીએ છીએ. બધી આજ્ઞાઓ એક સરખી રીતે શિરોમાન્ય ગણતા નથી.

યાદ રાખીએ, કે આ પસંદગીયુક્ત વલણની ઉચિતતા અથવા અનુચિતતા અંગે હું કોઈ દલીલ કે તર્કવિતર્ક કરી રહ્યો નથી. હું એવું કહેતો નથી કે ડુકકરનું માંસ (dispensation) નહિ ખાવાના રિવાજને આપણે વળગી ન રહીએ તો દસ આજ્ઞાઓને વળગી રહેવામાં

આપણે કંઈ ખોટું કરીએ છીએ. આ પ્રમાણે વર્તવામાં ખ્રિસ્તીઓ સંપૂર્ણ સાચા હોઈ શકે. પરંતુ હું અહીં એ મુદ્દાને વધુ સમર્થન આપવા માગુ છું, કે તમામ ખ્રિસ્તીઓ બાઈબલમાં જે કહેવામાં આવ્યું છે એના પાલનમાં કોઈ ને કોઈ પ્રકારે પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ પણ કરતા હોય છે.

બાઈબલના વચનની બાબતમાં વિવેકબુદ્ધિનો ઉપયોગ એ કેટલી સવર્સામાન્ય બાબત છે, તેનું એક વધારાનું દૃષ્ટાંત, આપણને દસ આજ્ઞાઓમાં મળે છે. ખ્રિસ્તીઓ દસ આજ્ઞાને શિરોમાન્ય ગણે છે પરંતુ બધા ખ્રિસ્તીઓ દસ આજ્ઞાનો પણ મૂળ સ્વરૂપમાં સંપૂર્ણપણે સ્વીકાર કરતા નથી. ચોથી આજ્ઞા આ પ્રમાણે છે. નિર્ગમન ૨૦ ૮-૧૦) : "સાબ્બાથવાર પવિત્ર પાળવાનું યાદ રાખો. છ દિવસ તમે પરિશ્રમ કરશો અને તમારું બધું કામ કરશો પરંતુ સાતમો દિવસ તો તમારા દેવ યહોવાનો સાબ્બાથ છે." આ આજ્ઞા તો જે દિવસને આપણે શનિવાર તરીકે ઓળખીએ છીએ તે દિવસ માટે છે. એટલે કે અઠવાડિયાનો સાતમો દિવસ. જ્યારે બીજી બાજુ લગભગ મોટા ભાગના ખ્રિસ્તીઓ આ આજ્ઞા સંબંધી જરૂરિયાતો રવિવારના દિવસે પાળવાનો પ્રયત્ન કરે છે જે અઠવાડિયાનો પ્રથમ દિવસ છે. જ્યારે કોઈ વ્યક્તિ કોઈ નિયમનો સિદ્ધાંત ચુસ્તપણે વળગી રહેવાનો પ્રયત્ન કરે અને છતાં તેના નિયમો નિયુક્ત કરેલા દિવસને બદલે બીજા દિવસે પાળે ત્યારે તેમાં પસંદગીનો કોઈ સિદ્ધાંત ચોક્કસપણે કામ કરે છે એમ કહેવામાં કશું ખોટું નથી. તેમ છતાં આમ કરવામાં માણસ વિવેકબુદ્ધિ વાપરે છે, પસંદગી કરે છે એ દેખીતું છે.

વાંચકને એવું લાગશે કે મારાં ઉદાહરણો ખાસ કરીને પ્રણાલિકા અને વિધિઓને લગતા ઉદાહરણો છે. તે દલીલ કરે કે યહોવા દેવે ઇઝરાયલ પ્રજાને બાહ્ય વિધિ પાળવાની જે આજ્ઞાઓ આપેલી તે તો માત્ર સ્થાનિક અને તત્કાલીન અગત્યની જ હતી, અને દસ આજ્ઞાઓ જેવા નૈતિક નિયમો જ માત્ર સાર્વકાલિક અધિકારયુક્ત આજ્ઞાઓ

છે. આના પ્રત્યુત્તરમાં બે વસ્તુઓ કહેવી જોઈએ. પ્રથમ તો આ રીતે બાઈબલમાંના બાહ્ય નિયમો અને નૈતિક બાબતો વચ્ચે ભેદ પાડવો, એટલે કે કોઈક પ્રકારનું પસંદગીયુક્ત વલણ અપનાવવું, વિવેકબુદ્ધિ વાપરવી; અને ખ્રિસ્તીઓમાં આ સર્વસામાન્ય પસંદગીયુક્ત વલણનું અસ્તિત્વ એ જ એક બાબત છે કે જે હું અત્યારે દેખાડવા માગુ છું. બીજું કે જયારે આપણે નૈતિક નિયમો તરફ જોઈએ છે ત્યારે આપણને જણાય છે, કે બધા ખ્રિસ્તીઓ તમામ નૈતિક નિયમોનો પણ સંપૂર્ણપણે ભૂલરહિત ઈશ્વરના વચનો અને ઈશ્વરની આજ્ઞા તરીકે સ્વીકાર કરતા નથી, પરંતુ આ નિયમો પ્રત્યે પણ આપણે વ્યવહારમાં પસંદગીયુક્ત વલણ ધરાવીએ છીએ. દા.ત., પુનર્નિયમ ૧૫ :૧.૨માં દેવાં માફ કરવા વિષે સૂચના આપેલી છે તેમાં લખેલું છે. દર સાતમું વર્ષ તે છૂટકાનું વર્ષ થાય અને છૂટકો કરવાની રીત આ છે. પ્રત્યેક લેણદાર પોતાના પાડોશીને જે ધીર્યું હોય તે જવા દે. તે પોતાના પાડોશી પાસેથી તથા પોતાના ભાઈ પાસેથી જોરાવરીએ તે પાછું લે નહિ કેમકે યહોવાના માનાર્થે છૂટકાનો ઢંઢેરો પિટાવવામાં આવ્યો છે.'' કેટલા ખ્રિસ્તીઓ આ બાબત ગંભીરતાપૂર્વક લઈને તે વ્યવહારમાં આચરવાનો પ્રયત્ન કરે છે ?

પુનર્નિયમ ૨૧ : ૧૮-૨૧માં રખડેલ દીકરા પ્રત્યે કરવાના વર્તન અંગે આ પ્રમાણે આજ્ઞા આપવામાં આવી છે. ''જો કોઈ માણસને હઠીલો તથા અણકહ્યાગરો દીકરો હોય, ને તે તેના બાપનું કહેવું કે તેની માનું કહેવું ન માનતો હોય, અને તેઓ તેને શિક્ષા કરે છતાં પણ તે તેમને લેખવતો ન હોય તો તેનાં માબાપ તેને પકડીને તેમના વડીલોની પાસે ને તેમના રહેઠાણની ભાગોળે તેમને બહાર લાવે અને તેઓ તે નગરના વડીલોને કહે, કે આ અમારો દીકરો હઠીલો તથા અણકહ્યાગરો છે ને તે અમારું કહેલું માનતો નથી. તે ઉડાઉ તથા છાકટો છે. અને તેના નગરના સર્વ પુરુષો તેને પથ્થરે મારીને મારી નાખે. એમ તારે તારી મધ્યેથી દુષ્ટતા દૂર કરવી, અને

સર્વ ઇસ્રાએલી લોકો તે સાંભળીને બીશે.'' આ તો એકદમ સ્પષ્ટ આજ્ઞા છે. છતાં કોઈ પણ ક્ષણમાત્ર પણ એવું વિચારશે નહિ કે ખ્રિસ્તી માબાપ અથવા ખ્રિસ્તી સમાજ માટે આ વિધિ બંધનકર્તા છે.

આ જ યાદીમાં આગળ જે નૈતિક નિયમાવલી આપી છે તેમાં એક એવો નિયમ છે કે વ્યભિચારમાં પકડાયેલા સ્ત્રી યા પુરુષ માટે મૃત્યુદંડ નિયત કરેલો છે. પુનર્નિયમ ૨૨ : ૨૨ ''જો કોઈ પુરુષ પરણેલી સ્રીની સાથે કુકર્મ કરતો માલૂમ પડે, તો તેઓ એટલે કુકર્મ કરનાર પુરુષ તથા સ્રી બન્ને માર્યાં જાય. એવી રીતે તારે સ્રીઓમાંથી ભૂંડાઈ દૂર કરવી'' આજે કોઈ ખ્રિસ્તી એવું વિચારતો નથી કે આ નિયમનું પાલન કરવું ઈશ્વરી ઇચ્છા છે. પુનર્નિયમ ૨૫ : ૫ મુજબ જો કોઈ માણસ પોતાના પરણેલા ભાઈ સાથે રહેતો હોય, અને જો તેનાં ભાઈ બાળક વિના મૃત્યુ પામે તો પેલા માણસે પોતાના ભાઈની સ્ત્રી સાથે લગ્ન કરવું. કોઈ ભાઈઓ ભેગા રહેતા હોય ને તેઓમાંનો કોઈ મરી જાય ને તેને દીકરો ન હોય તો મરનારની સ્રી બહારના કોઈ વિજાતીય પુરુષને ન પરણે, તેના ધણીનો ભાઈ તેની પાસે જાય ને તેને પરણીને તેના પ્રત્યે ધણીના ભાઈની ફરજ બજાવે. આજે કોઈ ખ્રિસ્તી આવી પરિસ્થિતિમાં આ આજ્ઞાને શિરોમાન્ય ગણતો નથી.

બાઈબલ પ્રત્યેના મૂળતત્વવાદી દૃષ્ટિબિંદુમાં પ્રસંશાપાત્ર ગમે તે હોય પરંતુ સ્પષ્ટ હકીકત એ જણાય છે, કે વ્યવહારમાં કોઈ આ દૃષ્ટિબિંદુને ચુસ્તપણે વળગી રહેતું નથી. કદાચ એવું પણ કહેવામાં આવે છે કે માત્ર મુસાના નિયમશાસ્રનો સંદર્ભ લઈને આવા નિષ્કર્ષ પર આવવું તે પૂરતું વ્યાજબી નથી. ખાસ કરીને એટલા માટે કે તે નિયમશાસ્ર તો માત્ર ઈઝરાયલીઓ માટે જ આપવામાં આવ્યું હતું, અને તેથી ખ્રિસ્તની સુવાર્તા દ્વારા તેનો અમલ મોકૂફ રાખવામાં આવ્યો છે. કદાચ આ વાત તદ્દન સત્ય હોય તો પણ મેં એ વાતનો નિર્દેશ કરવાની મહેનત લીધી છે, કે મારા નિષ્કર્ષની સત્યતા વિષે

શંકા ઊભી કરવાને બદલે તેનાથી તેને સમર્થન મળે છે.

એમ કહેવું કે, સુવાર્તાએ નિયમશાસ્ત્રનું સ્થાન લઈ લીધું છે અને તેથી નિયમશાસ્ત્રનું પાલન હવે ખ્રિસ્તીઓ માટે બંધનકર્તા નથી એ તો વ્યવહારમાં બાઈબલ પ્રત્યે પસંદગીયુક્ત વલણ ધરાવવા બરાબર છે. એ તો એમ કહેવા બરાબર છે કે અમુક બાબતો બીજી બાબતો કરતાં ચઢિયાતી કક્ષાની છે અથવા એમ કહેવા બરાબર છે કે આજે આપણા માટે બ કરતાં અ બાઈબલનું વધારે સાચું વચન છે. વધુમાં મેં એ મુદ્દો પણ સ્પષ્ટ કર્યો છે કે બધા જ સંજોગોમાં કંઈ ખ્રિસ્તીઓ સંપૂર્ણપણે નિયમશાસ્ત્ર તરફ પોતાની પીઠ ફેરવતા નથી. પરિસ્થિતિ આથી વધુ જટિલ છે. આમાંના કેટલાક નિયમોને ખ્રિસ્તીઓ અધિકારયુક્ત-શિરોમાન્ય ગણે છે. જ્યારે કેટલાકને બિલકુલ અધિકારયુક્ત ગણતા નથી અને કોઈ પણ હિસાબે આ વલણનું મૂળતત્વવાદી સિદ્ધાંતની ચુસ્ત માન્યતા તરીકે અર્થઘટન કરી શકાય નહિ.

સાથે સાથે આ બાબત એટલી બધી અગત્યની છે, કે ઘણાને જણાય છે તેમ કદાચ એકદમ ટૂંકા ઉપરછલ્લા આધાર દ્વારા આણેલા નિષ્કર્ષથી આપણે સંતોષ અનુભવીએ. આથી આપણે આગળ વધીને બાઈબલના બીજા ભાગો તરફ દૃષ્ટિપાત કરીએ અને તપાસીએ કે એમાં પણ એવી બાબતો છે કે ખરી કે જેમાં ભેદ પાડવાનું સર્વસામાન્ય વલણ પ્રર્વતમાન છે ? પ્રથમ આપણે જૂના કરાર તરફ દૃષ્ટિપાત કરીએ અને જોઈએ કે તેમાં યહોવાના (ઈશ્વરનાં) કાર્યો અને સ્વભાવ-ગુણધર્મો અંગે શું કહેવામાં આવ્યું છે ? જો કોઈ માણસ મૂળતત્વવાદી સિદ્ધાંતમાં સંપૂર્ણપણે માનતો હોય તો જૂના કરારમાં ઈશ્વર વિષે જે **કાંઈ** કહેવામાં આવ્યું **તે બધું** જ તેણે સંપૂર્ણ સાચું છે તેમ ગણવું પડે.પરંતુ એવું લાગે છે કે કોઈ આ શરત સંપૂર્ણપણે પાળતું નથી.

ઉત્પત્તિ (૧૭ : ૯ - ૧૪ )ના પુસ્તકમાં સુન્નતના નિયમની નોંધ કરવામાં આવી છે. અને ઈશ્વર ત્યાં આવા શબ્દો ઉચ્ચારે છે એવી રજૂઆત છે. " અને દેવે ઈબ્રાહિમને કહ્યું કે તું મારો કરાર

પાળ.... તમારામાંનો દરેક પુરુષ, તેની સુન્નત કરવી જોઈએ.... અને મારો કરાર તમારા માંસમાં **સનાતન** કરાર તરીકે રહેશે.... અને સુન્નત વગરનો પુરુષ જેની ચામડીની સુન્નત કરવામાં આવી નહિ હોય, તે માણસ પોતાના લોકોમાંથી કપાઈ જશે, તેણે મારો કરાર તોડ્યો છે " સુન્નત વગરના બાળકની હત્યા કરવી કે તેને અલગ રાખવો તે સ્પષ્ટ નથી. પરંતુ કોઈ પણ સંજોગોમાં તેના માટે નક્કી કરવામાં આવેલી શિક્ષા ખૂબ જ આકરી છે. શું બાઈબલનો કોઈ ખ્રિસ્તી વાંચક એવું માનશે કે જે બાળક પોતે પોતાની (બે સુન્નત માટે) સુન્નત કરાવવાની નિષ્ફળતા માટે જવાબદાર નથી તેના માટે આવો ભારે દંડ નક્કી કરે તેવો ગુણ ઈશ્વરીય ગુણસ્વભાવ - ચારિત્ર્યનું તાદશ નિરૂપણ કરે છે ?

નિર્ગમન ૪:૨૪-૨૬માં વર્ણવેલ બનાવ એક આવું જ ઉદાહરણ પૂરું પાડે છે. અને માર્ગમાં ઉતારાની જગ્યાએ એવું બન્યું કે યહોવાએ તેને (મુસાને)મળીને મારી નાખવાનું ધાર્યું ત્યારે સિપોરાહે ચકમકનો એક પથ્થર લઈને પોતાના પુત્રની સુન્નત કરીને પેલી ચામડી તેના પગ પાસે નાખીને કહ્યું કે "સુન્નતના કારણથી તું તો મારે સારુ રકતનો વર છે; તેથી તેણે તેને એકલો રહેવા દીધો" અહીં ઈશ્વર જાણે કે કોઇ ખાસ દેખીતા કારણ વિના એક માણસને નજરે પડતાં જ મારી નાખવાને પ્રવૃત થયેલો હોય તેવું જણાય છે. અને જાણે કે તે પુરુષની પત્ની ઉતાવળથી પોતાના પુત્રની સુન્નત કરે છે ત્યારે જાણે તેને સંતોષ થાય છે. શું એવું કોઈ છે ખરું કે જે માને કે ઈશ્વર અને પ્રભુ ઈસુ ખ્રિસ્તના પિતાના ગુણની આ આબેહૂબ રજૂઆત છે.? યહોશુઆના પુસ્તકનો સાતમો અધ્યાય આખાનના વિષે આપણને કહે છે. આ પાપને લીધે ઈશ્વરે આજ્ઞા કરી કે માત્ર આખાન જ નહિં પરંતુ તેના સારાયે પરિવારનો પણ નાશ કરવામાં આવે. અને દંડાજ્ઞાનું સંપૂર્ણ પાલન પણ કરવામા આવ્યું હતું. શું કોઈ પણ માણસ ઈશ્વરના આ ગુણ અને ઈસુ ખ્રિસ્તમાં પ્રકટીકરણ થયેલા

ઈશ્વરના ચારિત્ર્ય-સ્વભાવ બન્નેને એક જ સપાટીએ મૂકે ખરો ? પરંતુ મૂળ તત્ત્વવાદીના ચુસ્ત વલણ મુજબ આ બન્નેને એક સરખી સપાટીએ મૂકવા પડે.

હવે આપણે નિયમ પડતા મૂકીને સૈદ્ધાંતિક બાબતો તરફ નજર કરીએ. આ બાબતમાં પણ જૂના કરારમાં અનેક ઘણી વાતો છે કે કોઈ ખ્રિસ્તી , મૂળતત્ત્વવાદી વિચારધારા મુજબની ભૂલરહિતતા તેમાં ખરેખર હોવાનું સ્વીકારે નહિ. જેમ કે, સભાશિક્ષકના પુસ્તકમાં ૩:૧૯માં આપણે આવું વાંચીએ છીએ " કેમ કે માણસોને જે થાય છે તેજ પશુઓને થાય છે ; તેઓની એકજ દશા થાય છે; જેમ એક મરે છે તેમ બીજું પણ મરે છે; તે સર્વેને એક જ પ્રાણ હોય છે; ને માણસ પશુ કરતાં બિલકુલ શ્રેષ્ઠ નથી; કેમ કે સઘળું વ્યર્થ જ છે." અને આજ પુસ્તકમાં આગળ ઉપર આવા શબ્દો મળે છે " જીવતાંઓ જાણે છે કે પોતે મરવાના છે ; પણ મૂએલા કંઈ તેમનું જાણતા નથી, તેઓને હવે પછી કંઈ બદલો મળવાનો નથી; કેમ કે તેમનું સ્મરણ લોપ થયું છે (૯:૫). જૂના કરારમાં આવા પ્રકારની બીજી ઘણી કહેવતો મળે છે. દા.ત. ગીતશાસ્ત્ર ૮૮ : ૧૧-૧૨ માં લખેલું છે. "શું કબરમાં તારી કૃપા કે વિનાશમાં તારું વિશ્વાસુપણું જાહેર કરવામાં આવશે? શું અંધકારમાં તારાં આશ્ચર્યકારક કૃત્યો અને વિસ્મરણના દેશમાં તારું ન્યાયીપણું, જણાવવામાં આવશે ?" ને ગીતશાસ્ત્ર ૩૯:૧૩; " હું અહીંથી જાઉં અને હતો ન હતો થાઉં તે પહેલાં તારી કરડી નજર મારા પરથી દૂર કર, કે હું બળ પામું. આ વચનોને ઈશ્વરના કદી નિષ્ફળ નહિ જનાર ભૂલરહિત વચન તરીકે સ્વીકારી લેવાં તેનો અર્થ એ થાય કે અનંતકાળના જીવન વિષેના આપણા વિશ્વાસનો આપણે નકાર કરવો."

અત્યારસુધી આપણે જોયેલાં બધાં દૃષ્ટાંતો જૂના કરારમાંથી લીધેલાં હતાં. પણ હવે હું આ પ્રકરણ પૂરું કરું તે પહેલા આપણે નવા કરાર તરફ દૃષ્ટિ કરીએ. ત્યારે પણ આપણને જણાય છે, કે

કોઈ પણ ખ્રિસ્તી આ સંદર્ભમાં પણ સંપૂર્ણ ભૂલરહિતતાના મૂળતત્વવાદી સિદ્ધાંતને જડપણે વળગી રહેતો નથી. હા, એ ખરું છે કે જૂના કરાર પ્રત્યે લોકો જેટલું પસંદગીયુકત વલણ ધરાવે છે એટલા જ પ્રમાણમાં લોકો નવા કરાર પ્રત્યે પસંદગીયુકત વલણ ધરાવતા નથી. પરંતુ અહીં પણ લોકો એક યા બીજા મુદ્દા પ્રત્યે પસંદગીયુકત વલણ ધરાવે છે. વ્યવહારમાં તે પછી કોઈ પણ વ્યક્તિ હોય, નવા કરારના બધા જ વચનો ઈશ્વરના ભૂલરહિત અને કદી નિષ્ફળ નહિ જનારા સાર્વકાલિક વચનો છે એવું સ્વીકારતી નથી.અહીં દા.ત. પાઉલ પ્રેરિતના કોરિંથીઓને લખેલા પ્રથમ પત્રમાં રજૂ કરેલા લગ્ન વિષેના મંતવ્યો વિચારીએ. “ માણસ સ્ત્રીનો સ્પર્શ ન કરે તો સારું; પણ વ્યભિચાર ન થાય માટે દરેક પુરુષે તથા દરેક સ્ત્રીએ લગ્ન કરવું” (૭:૧-૨) પણ કુંવારા તથા વિધવાઓને હું કહું છું કે તેઓ જો મારાં જેવાં રહે તો એ તેમને લાભકારક છે, પણ જો તેઓ સંયમ ન રાખી શકે તો તેઓ પરણે. પણ પ્રભુ કહે છે કે સ્ત્રીએ પોતાના પતિથી જુદાં થવું નહિ પણ જો તે જુદી થાય તો તેણે ફરીથી પરણવું નહિ, અથવા તો પોતાના પતિની સાથે મેળાપ કરીને રહેવું. (૭:૮-૧૧) લગ્ન સંબંધી આ બહુ ઊંચો આદર્શ કે વિચાર કહી ન શકાય. પાઉલ પ્રેરિત લગ્નને માત્ર શારીરિક વાસના સંતોષવાના એક ધારાકીય સાધન તરીકે જુએ છે. શું આજે કોઈ ખ્રિસ્તી લગ્ન સંબંધી આવું દૃષ્ટિબિંદુ સ્વીકારવા તૈયાર થાય ? બધા ખ્રિસ્તીઓ આજે જેઓ કુંવારા રહે છે તેઓ પણ લગ્ન સંબંધી તદ્દન અલગ દૃષ્ટિબીંદુ ધરાવતા નથી? લગ્નને હવે એક ઈશ્વર સ્થાપિત પવિત્ર સંસ્થા લેખવામાં આવતી નથી શું? જેમાં જીવનભરના સાથ સહકાર અને સુખસગવડ પતિ પત્ની બન્નેને એકબીજાની પાસેથી સાંપડે તે માટેની લગ્ન અલગ કરેલી સંસ્થા લેખવામાં આવતી નથી શું ?

આ પ્રકરણમાં આપણે જે બાબતો તપાસી જોઈ તેના પરથી એક હકીકત સ્પષ્ટ, શંકારહિત તરી આવે છે કે વાસ્તવિક રીતે બાઈબલના

દરેક વચનને "ઈશ્વર તરફથી ઉચ્ચારાયેલા," કદી અસત્ય હોઈ શકે નહિ અને એક વખત ઉચ્ચારાયા પછી સાર્વકાલિક ટકનાર વચનો તરીકે કોઈ સ્વીકારતું નથી. આમ છતાં ઘણા બધા બાઈબલના મૂળ તત્ત્વવાદી ભૂલરહિતના દૃષ્ટિબિંદુનું સમર્થન મજબુતાઈથી કરે છે, અને કદાચ તેઓ તેને ચુસ્તપણે વળગી રહે છે તેવી દૃઢ માન્યતા પણ ધરાવે છે.

પરંતુ શું કોઈ એવી વ્યક્તિ છે કે જે બાઈબલ સમગ્રપણે અને સંપૂર્ણતયા અંત સુધી ઈશ્વરનું સંપૂર્ણ વચન માનીને તેનો અમલ સુધ્ધાં એવી રીતે કરે છે ?

## ૩. શું પસંદગીયુક્ત વલણ ઉચિત છે?

આપણે જોયું કે વ્યવહારમાં બધાં ખ્રિસ્તીઓ પવિત્રશાસ્ત્ર પ્રત્યે પ્રસંદગીયુક્ત વલણ ધરાવે છે. હવે એ પૂછવાનો સમય પાકી ગયો છે કે આવું વલણ ઉચિત છે ખરું ? જો તે ઉચિત હોય તો આપણે જોઈ શકીશું કે આજે ભૂલરહિતતાનો મૂળતત્વવાદી સિધ્ધાંત બાઈબલનો સંદેશો સ્પષ્ટ કરવાને બદલે તેને વધુ સંદિગ્ધ બનાવે છે, ગુંચવે છે.

શું પવિત્રશાસ્ત્ર પોતે પોતાના માટે આવા શાબ્દિક ઈશ્વર-પ્રેરિતતાનો હક્કદાવો કરે છે ખરું ? લેખકોએ ઈશ્વરની ઈચ્છા મુજબ જ દરેકે દરેક શબ્દ લખ્યો છે તેવો પવિત્રશાસ્ત્રનો દાવો નથી. જો કે નવા કરારમાં પવિત્રશાસ્ત્રના ઈશ્વર પ્રેરિતતાના, તે દૈવી અધિકારયુક્ત હોવાના સંદર્ભો મળે છે ખરા; પરંતુ આપણે એ યાદ રાખવું જોઈએ કે નવા કરારના લેખકો પોતાના લખાણો માટે નહિ પરંતુ જૂના કરારના સંદર્ભમાં આવા હક્કદાવા કરે છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તના સમય સુધીમાં જૂના કરારના લખાણો સર્વસામાન્યપણે ઈશ્વરના અધિકારયુક્ત અવાજ તરીકે ઓળખાવા લાગ્યા હતા - આ હકીક્ત ઈસુ ખ્રિસ્તના વલણને એકદમ મહત્ત્વનું બનાવી દે છે જે આપણે આગળ જોઈશું. પરંતુ જૂના કરારના અથવા નવા કરારના પુસ્તકો જાતે પોતાના માટે ઈશ્વરના વચનો હોવાનો દાવો કરતા નથી.

જો કે તેમાં આવો હક્કદાવો હોય તો પણ તેનાથી તેનો શબ્દે શબ્દ ઈશ્વર પ્રેરિત હોવાના પ્રશ્ન પર કોઈ પ્રકાશ પડતો નથી "બાઈબલ લેખકો સંપૂર્ણ પવિત્ર આત્માના અંકુશ નીચે હતા" તેવું કહેવાનો ભાગ્યે જ કોઈને અધિકાર સાંપડે છે. ભલે તેના લેખકોએ એવું કહ્યું હોય. આ તો જાણે કે એક વસ્તુ ધારી લઈને તેના દ્વારા પોતાનો મુદ્દો સાબિત કરવો એવું થયું. પરંતુ હકીકત એ છે કે શબ્દે શબ્દ ઈશ્વરપ્રેરિત હોવાનો પવિત્રશાસ્ત્રમાં કોઈ હક્કદાવો નથી. આથી વિરુધ્ધમાં

પોતે જે લખે તેની વ્યક્તિગત જવાબદારીની લેખકો વારંવાર રજૂઆત કરે છે જેમ કે, લુક પોતાની સુવાર્તાની વિશ્વાસપાત્રના દાવાની રજૂઆત કરવામાં જ્યારે લખાણોનો આધાર લઈને તેમને બરાબર તપાસીને તેમનું પૃથ્થકરણ કર્યાનું અને પોતાના ગ્રંથમાં પુરાણાં અગાઉના સ્રોતોની મદદ લીધાનું જણાવે છે. (લુક ૧ : ૧ - ૪) ત્યારે તેનો શબ્દે શબ્દ ઈશ્વર પ્રેરિત હતો અને પવિત્ર આત્મા તેને તમામ પ્રકારની ભૂલોમાંથી મુક્ત રાખશે તેવી માન્યતા સાથે કેવી રીતે સુસંગત ઠરાવી શકાય?

## ધર્મશાસ્ત્ર પ્રત્યે પ્રભુ ઈસુનું વલણ

આપણે જાણીએ છીએ કે 'જૂનો કરાર' ઈસુના વખતનું ધર્મશાસ્ત્ર હતું. (નવો કરાર હજુ સુધી લખાયો નહોતો) જો ઈસુનું એના પ્રત્યેનું વલણ મૂળતત્વવાદી ભૂલરહિતતાનું હોય, તો આપણે એકદમ એ પ્રશ્ન પૂછવો જોઈએ 'બધા શા માટે આ વલણ સાથે સહમત થતા નથી ? બીજી તરફ ઈસુ જાતે જ સંપૂર્ણ ભૂલરહિતતાના સૈદ્ધાંતિક વલણનો અસ્વીકાર કરતા હોય તો બધાએ આવું વલણ છોડી દેવું જોઈએ એવા નિષ્કર્ષ પર આપણે આવવું ન જોઈએ શું ?

તો પછી પરિસ્થિતિ શી છે ? આપણા પ્રભુએ જૂના કરારના પુસ્તકોનો જે રીતે ઉપયોગ કર્યો એ પરથી એક વસ્તુ સ્પષ્ટ થાય છે કે ઈસુ તેમનું ઘણું ઊંચુ મૂલ્ય આંકતા અને પોતાના સેવાકાર્ય (જીવનકાર્ય)નું સ્વરૂપ-શૈલી તેમને એમાં જોવા મળ્યા; પરંતુ એ બાબત પણ એટલી જ સ્પષ્ટ છે કે તેઓ એમને શબ્દસહ સંપૂર્ણ ભૂલરહિત માનતા નહોતા, પરંતુ ખરેખર તેઓ એમના તરફ પસંદગીમુક્ત વલણ ધરાવતા. આ સિવાય બીજી કોઈ સ્પષ્ટ હકીકત નવા કરારમાંથી ઊપસતી નથી.

અહીં, દાખલા તરીકે, જૂના કરારમાં શુદ્ધ અને અશુદ્ધ આહાર અંગેના નિયમોની ભારપૂર્વકની તિલાંજલી ઈસુના શબ્દોમાં જોવા મળે છે. (માર્ક ૭:૧૫-૧૮-૧૯)" બહારથી માણસમાં પેસીને તેને વટાળી

શકે એવું કંઇ નથી, પણ માણસમાંથી જે નીકળે છે તે જ તેને વટાળે છે..... અને તે તેઓને કહે છે કે શું તમે પણ એવા અણસમજુ છો ? તમે જાણતા નથી ? કેમકે તે એના હૃદયમાં પેસતું નથી પણ પેટમાં; અને તે નીકળીને સંડાસમાં જાય છે. (એવું કહીને તેણે દરેક ખોરાક શુદ્ધ ઠરાવ્યા.)'' મુસાનું નિયમશાસ્ત્ર દેવના નામમાં ભારપૂર્વક અને સ્પષ્ટ રીતે કેટલાક ખોરાકને અશુદ્ધ ઠરાવે છે. અને જણાવે છે કે જેઓ તે ખાય તેમને તે વટાળે છે. ઉપરના ફકરામાં ઈસુ જાણી બુઝીને વિશિષ્ટતાપૂર્વક મુસાના નિયમશાસ્ત્રના નિયમને રદ કરે છે. જાણે કે તે તદ્દન નિરર્થક અને વળી કોઇકવાર ગેરમાર્ગે દોરનાર પણ હોય. આના પરથી આપણે કહી શકીએ કે જૂના કરારના નિયમનો ઈશ્વર તરફથી અપાયેલા છે એવું માનવામાં આવતું હોવા છતાં, પ્રભુ ઈસુની દૃષ્ટિએ આ શબ્દો દેવના મુખમાંથી નીકળેલા નહોતા. હા, આ વચનો ઈશ્વરના વચનો છે તેવી સમજણ પ્રવર્તતી હતી, અને એવા શબ્દો તરીકે જ વિશ્વાસ સહિત એમની નોંધ પણ કરવામાં આવી હતી. પરંતુ ઈસુના અભિપ્રાય પ્રમાણે આ વચનોમાં ઈશ્વરની ઈચ્છા પ્રદર્શિત થતી નહોતી અને તેથી એણે આ વચનો રદબાતલ ઠરાવ્યા.

બીજું ઉદાહરણ, આપણને છૂટાછેડા અંગેના મુસાના નિયમશાસ્ત્રમાંના નિયમનો પ્રત્યેના ઈસુના વલણમાં જોવા મળે છે પુનર્નિયમ ૨૪:૧માં કહેલું છે કે,'' જ્યારે કોઇ પુરુષ, સ્ત્રી પરણી લાવે ત્યારે એમ થાય કે તેને એનામાં કંઇ નાલાયક વાત માલૂમ પડયાથી તેની નજરમાં કૃપા ન પામે તો તે તેને ફારગતી લખી આપે અને તે એના હાથમાં મૂકીને પોતાના ઘરમાંથી કાઢી મૂકે.'' ઈસુની દૃષ્ટિએ વિના ભૂલ લખી આપવામાં આવેલો એવો આ ઈશ્વરનો નિયમ નહોતો. ઈસુની દૃષ્ટિમાં આ એક અપૂર્ણ પ્રણાલિકા હતી જેને વધુ સારી નિયમ વ્યવસ્થા દ્વારા દૂર કરવાની જરૂર હતી. આથી તેણે પોતાના શિષ્યોને કહ્યું ''તો હવે જેને દેવે જોડ્યું છે તેને માણસે

જુદું ન પાડવું અને જે કોઇ પોતાની વહુને મૂકી દે ને બીજીને પરણે તો તે તેની વિરુદ્ધ છિનાળું કરે છે (માર્ક ૧૦ : ૯,૧૧, ૧૨) પ્રભુ ઈસુ પોતે મૂળતત્ત્વ વિચારધારાવાદી નહોતો એનું સૌથી સ્પષ્ટ અને શ્રેષ્ઠ ઉદાહરણ તો તેના ગિરિપ્રવચનમાં મળી રહે છે. અને હવે એનો ઉલ્લેખ કર્યા પછી, બીજા કશાનો ઉલ્લેખ કરવાની જરૂર રહેતી નથી. તેમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત જે નવી નૈતિક વ્યવસ્થા શરૂ કરવાનું વિચારતા હતા એનું પ્રકટીકરણ દેખાય છે એટલું જ નહિ પણ વધારામાં આ અજાયબ શિક્ષણ જૂના કરારમાં ખૂબ જતનથી જાળવેલા મુસાના નિયમશાસ્ત્રના પુરાણા નિયમ ઉપરનો ઉપાલંભ પણ છે. પ્રવચનની શરૂઆતમાં જ ઈસુ જણાવે છે, ''નિયમશાસ્ત્રના અથવા પ્રબોધકોની વાતોનો નાશ કરવા હું આવ્યો છું એમ ન ધારો. હું નાશ કરવા તો નહિ, પણ પૂર્ણ કરવા આવ્યો છું'' (માથ્થી ૫ : ૧૭ )પરંતુ આ સાથે નિયમમાં જે સંપૂર્ણતા પોતે ઈચ્છતો હતો એ સમયના તત્કાલીન નિયમના પાલનમાં નહોતી પરંતુ તે નિયમમાં રહેલ સાર્વકાલિક તત્વોને સંપૂર્ણ કક્ષાએ પહોંચાડવામાં રહેલી છે, એવું સ્પષ્ટ કરવામાં ઈસુએ શંકાને કોઈ સ્થાન રાખ્યું નથી. એ માટે આ નિયમોની ઉપરવટ જઈને અસંગત અથવા નકામા બની ગયેલા અથવા પોતાની દૃષ્ટિએ સંપૂર્ણ કક્ષાએ પહોંચાડવામાં વિઘ્નરૂપ હોય એવા નિયમમશાસ્ત્રના ગુણલક્ષણોને તેણે તિલાંજલી આપી.

પરિણામરૂપે આપણે જોઈએ છીએ કે ઉદાહરણ સ્વરૂપ, સંત માત્થીના પુસ્તકમાં પાંચ વખત ઈસુ આવા જ પ્રખર વિરોધાભાસોનું ઉપાયોજન કરે છે. અને જૂના કરારના નિયમમાં કોઈક પ્રકારના સુધારા કરે છે. ૨૭, ૩૧, ૩૩, ૩૮ અને ૪૬મી કલમમાં ઈસુ, જૂના કરારમાંથી કલમો લઈને દરેક પ્રકારની શરૂઆતમાં આવા શબ્દો મૂકે છે,''તમે સાંભળ્યું હતું કે'' અને દરેક પ્રસંગે એની પાછળ પોતાની ટીકા-ટીપ્પણ પણ મૂકે છે અને આ ટીકાની શરૂઆત આ પ્રમાણે કરે છે,'' પરંતુ હું તમને કહું છું'', ખરેખર આથી સ્પષ્ટ થાય

છે, કે ધર્મશાસ્ત્ર પ્રત્યે મૂળતત્વવાદી ભૂલરહિતતાનું દષ્ટિબિંદુ ધરાવનાર વ્યક્તિના આ શબ્દો હોઈ શકે નહિ, એટલે કે એ વ્યક્તિનું વલણ આવું ન હોઈ શકે.

આ હકીકતો આપણી સામે છે ત્યારે ઈસુ, પોતાના સાંભળનારાઓ માટે સારાયે જૂના કરારને બંધનકર્તા અને શિરોમાન્ય લેખવતા એવું કહ્યા કરવું એવી સ્થિતિ જાળવી રાખવાનો પ્રયાસ કરવો અત્યંત કઠિન છે. અથવા જૂનો કરાર એ ઈશ્વરનાં અધિકારયુક્ત ઉચ્ચારણોનું લેખિત, સ્વયંસત્ય અને વિશ્વાસપાત્ર વચન છે, એવું ઈસુ માનતા હતા એમ ઠસાવવું પણ અતિશય કઠીન છે.

એનો એવો અર્થ થતો નથી, કે ઈસુ જૂના કરારનું ઊંચું મૂલ્ય આંકતા એ હકીકત આપણે અવગણીએ છીએ. એ નિર્વિવાદ છે કે ઈસુ અને તેના સમકાલીનો માટે બાઈબલ દેવનું પવિત્ર પુસ્તક હતું. આ પુસ્તકના લખાણોમાં તે ઊંડો ઊતર્યો હતો. એના અભ્યાસમાંથી જ તેને તારણયુક્ત બલિદાનના પોતાના જીવનકાર્યનાં સ્વરૂપશૈલી સાંપડ્યા હતા. આમ છતાં, ઈસુ જૂના કરારને ઈશ્વરની નિગેહબાની હેઠળ લખાયેલ હોવાથી તે કોઈપણ ભૂલ, અછત કે અપૂર્ણતા વિનાનું હોય અને એમાંનો દરેક શબ્દ સપ્રમાણ રીતે દેવના મ્હોંમાંથી નીકળેલો હોય એવું ઈશ્વરનું પુસ્તક ગણતો નહોતો એ એટલી જ નિર્વિવાદ બાબત છે. જૂના કરારના પુસ્તકોના ઈસુએ કરેલા ઉપયોગથી એવું સ્પષ્ટ, શંકારહિત તરી આવે છે, કે ઘણી બાબતોમાં એમાંનું કથન અધકચરું અને અપૂર્ણ હતું. વળી કેટલીક વાર આદર્શથી ઘણું વેગળું હતું. જૂના કરારમાં જે બાબતોનું માત્ર આશિંક, વિકૃત અથવા પ્રારંભિક, ગર્ભિત સ્વરૂપનું રેખાંકન કરવામાં આવ્યું હતું, એમને સુધારી સંપૂર્ણ બનાવી ઈશ્વરના સત્ય તથા તેની પ્રકૃતિ અને ઇચ્છાનું સ્પષ્ટ અને સંપૂર્ણ પ્રકટીકરણ કરવું એજ તો ઈસુના જીવનકાર્યનો એક ભાગ હતો. ઈસુનો જૂના કરાર પ્રત્યેનો અભિગમ તો કાળજીપૂર્વકની સાવચેત પસંદગીનો અભિગમ હતો.

**વિરોધાભાસો :**

બાઈબલને સમગ્રપણે વિચાર કરતાં આપણને એવું ઘણું મળે છે, કે જે ભૂલરહિતના મૂળતત્ત્વવાદી સિદ્ધાંતને અર્થહીન બનાવી દે છે. દાખલા તરીકે શાબ્દિક ઈશ્વર પ્રેરિતતાના દૃષ્ટિબિંદુથી જોતાં બાઈબલમાં જુદે જુદે ઠેકાણે વર્ણવેલી એક જ હકીકતમાં દેખાતી વિગતફેર માટે કોઈ પૂરતું કારણ (સમજૂતી) આપવું લગભગ તદ્દન અશક્ય છે. લખાણોમાંની બધાં જોઈ શકે એવી વિસંગતતા, બાઈબલના બધાં વચનો ઈશ્વર તરફથી સીધેસીધા દોષરહિત મળ્યા હોવાની માન્યતા સાથે સુસંગત નથી.

આ પ્રકારના સંખ્યાબંધ ઉદાહરણો આપવાથી કોઈ ખાસ હેતુ સરતો નથી, અને મારા મનમાં જે બાબત છે તે માત્ર હું બતાવવા માંગુ છું. દાખલા તરીકે ઉત્પત્તિ ૬ :૧૯માં દેવ નૂહને આજ્ઞા આપે છે. ‘‘અને સર્વ જાતનાં જાનવરોમાંથી બબ્બે તારી સાથે બચાવવા સારુ તું વહાણમાં લાવ, તેઓ નરનારી હોય’’ જ્યારે ઉત્પત્તિ ૭ : ૨માં આજ્ઞાના શબ્દો આ પ્રમાણે છે ‘‘સર્વ શુદ્ધ પશુઓમાંથી સાત સાત નરનારી અને અશુદ્ધ પશુઓમાંથી બબ્બે નરનારી તું સાથે લે.’’ વળી, ૨ રાજાઓ ૨૪ :૮ મુજબ યહોયાકીન રાજા થયો ત્યારે તે ૧૮ વર્ષની ઉંમરનો હતો. જ્યારે ૨ કાળવૃત્તાંત ૩૬ : ૯ મુજબ તે ૮ વર્ષની ઉંમરે રાજા થયો.

બાઈબલમાં વિગતોના તફાવતની આવી ઘણી ક્ષતિઓ છે. ખાસ કરીને જૂના કરારમાં, અને આ ક્ષતિઓનું અસ્તિત્વ બાઈબલને દેવના સાચા શબ્દો તરીકે ગણવાનું અશક્ય બનાવે છે. આ ક્ષતિઓનું કાંઈ બહુ મહત્ત્વ નથી. તેમ છતાં મૂળતત્વવાદી ભૂલરહિતતાના શાસ્ત્રોના દૃષ્ટિબિંદુ સામે સ્પષ્ટ અવરોધ ઊભો કરનાર બાબતો છે. આવી ક્ષતિઓ ગમે તેટલી નાની અને મહત્ત્વ વિનાની હોય, ‘‘લેખકોએ શબ્દે શબ્દ ઈશ્વરની ઈચ્છા મુજબનો લખ્યો છે, ’’તેવા દૃષ્ટિબિંદુને સ્પષ્ટતાપૂર્વક અર્થહીન બનાવી દેવા માટે પૂરતી છે. સિવાય કે આપણે એ માની

લેવા તૈયાર હોઈએ કે ઈશ્વર પોતે પોતાનો વિરોધ કરે છે.

બીજી એક હકીકત એટલી જ મહત્ત્વની છે, કે આપણને એ પણ જોવા મળે છે કે નવા કરારના લેખકોને ઘણીવાર જૂના કરારની વાતોનું ખોટું ટાંચણ કર્યું છે. કુલ ૨૭૫ અવતરણો(ટાંચણો)માંથી માત્ર ૫૩માં જ હિબ્રૂ બાઇબલ સપ્તતિ (Septuagint - જૂના કરારનો ગ્રીક તરજુમો) અને નવા કરારના શબ્દેશબ્દ સરખાં છે. ઓછામાં ઓછા ૯૯ જેટલાં અવતરણોમાં નવો કરાર હિબ્રૂ અને સપ્તતિ બન્ને બાઇબલથી જુદો પડે છે. આ વસ્તુ પણ "બાઈબલના લેખકો પવિત્ર આત્માના સંપૂર્ણ અંકુશમાં હતા." તેવા દૃષ્ટિબિંદુ સાથે સુસંગત નથી. પવિત્ર આત્મા ખોટા અવતરણો માટે જવાબદાર હતો તેવું માની શકાય નહિ.

મૂળતત્ત્વ વિચારાધારાવાદીઓ કેટલીક વાર કહે છે, કે મોટા ભાગની આવી નાની ક્ષતિઓ અને શેષ પ્રશ્નો, શાસ્રોની હેરફેર અને એવાં બીજાં સ્થાનિક અને સામયિક કારણોને આભારી છે. હકીકતોની સમજૂતી આપવાની આ ખૂબ જ સાદી રીત છે. પરંતુ જો એ માની લેવામાં આવે તો પણ શાબ્દિક ઈશ્વર પ્રેરિતતાના સિદ્ધાંતને લાગે વળગે છે, ત્યાં સુધી આ બાબતના મહત્ત્વમાં આથી બહુ જૂજ ફરક પડે છે. મોટા ભાગની જ નહિ પરંતુ તેમાની એકેએક ક્ષતિઓનાં કારણ સમજાવવા પડે. જો એમાંની એકાદ ક્ષતિ પણ મૂળ પાઠમાં રહી જાય તો મૂળતત્ત્વવાદી સિદ્ધાંત અસમર્થનીય બની જાય.

કોઈ પણ સંજોગોમાં, આવી તમામ ક્ષતિઓ અને વિરોધભાસોને કારણો આપીને સમજાવી શકાય તો પણ મૂળતત્ત્વવાદી સિદ્ધાંત માટે પરિસ્થિતિમાં ઝાઝો ફેર પડે નહિ. આ માટે એક બીજુ એવું પ્રતિપાદન કરવું પડે, કે ખરેખર તો મૂળ પાઠનો શબ્દેશબ્દ ઈશ્વર પ્રેરિત હતો, તથા ખામીરહિત હતો, બીજી બાજુ એવું પ્રતિપાદાન કરવું પડે કે શાસ્ર સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં આપણને મળ્યું નથી. એનો અર્થ એવો થયો કે જે મુદ્દા પર આપણે ભાર મૂકવા માગીએ છીએ, તેને જ

છોડી દેવો. આ પ્રમાણે દલીલ કરવાનો અર્થ એવો થાય કે આપણી પાસે બાઈબલ જે સ્વરૂપમાં છે તે સ્વરૂપમાં જેનો શબ્દે શબ્દ ઈશ્વર પાસેથી આવેલો હોય એવા બાઈબલ તરીકે એને સ્વીકારી શકાય નહિ એ બાબતનો આપણે સ્વીકાર કરીએ છીએ (બીજી દૃષ્ટિએ જોતાં આવી રીતે દલીલ કરવાથી ઈશ્વરને કંઈ વધારે માન મળી જતું નથી, કારણ કે જો દેવે પોતાના વચનોનો સંપૂર્ણ ભૂલરહિત પાઠ તૈયાર કરવાનું મુનાસીબ ધાર્યું હોત તો શું તેણે તેને કાળક્ષયમાંથી બચાવવાની વ્યવસ્થા નહિ વિચારી હોત ?)

ઉપરની દલીલ સાચી હોવા છતાં, દૈવી પ્રેરણાની ધારણાને મેદાનમાંથી બહાર ફેંકી દેવા માટે બાઈબલની ક્ષતિઓનો આંતરિક પુરાવો પૂરતો છે, એ બતાવવા એના પર આધાર રાખવાની આપણે જરૂર નથી. જેમાં એક જ હકીકતનું જુદી જુદી જગ્યાએ વર્ણન કરવામાં આવ્યું હોય, અને એમાં વિગતફેર હોય એવાં વિગતફેરનાં ઘણાં બધાં ઉદાહરણો હજુ આપણે જોયાં નથી. જ્યારે આપણે વધુ ઊંડાં ઊતરીને તપાસીએ છીએ ત્યારે જણાય છે, કે આપણે જોયેલાં કરતાં વધુ આઘાતજનક તફાવતો પણ જોવા મળે છે. દાખલા તરીકે આપણે જોઈએ છીએ કે કોઈ એક જ વસ્તુ અથવા કોઈ એક જ વ્યક્તિ બાબતમાં વિપરીત સલાહ અથવા ભિન્ન ભિન્ન ન્યાય આપવામાં આવ્યાં હોય; લેખકોએ ઈશ્વરની ઈચ્છા મુજબ શબ્દે શબ્દે લખ્યો એવા દૃષ્ટિબિંદુ સાથે સહેજ પણ સમાધાન કરી શકાય નહિ એવું બાઈબલના પાઠમાંનું આ લક્ષણ છે.

દાખલા તરીકે ગીતશાસ્ત્ર ૧૦૪ : ૧૫માં મદ્યને માણસના હૃદયને આનંદ આપનાર કહીને તેની પ્રશસ્તિ કરી છે. જ્યારે નીતિવચનો ૨૦ : ૧માં મદ્ય તરફ ઘૃણા દર્શાવવામાં આવી છે, “જુઓ દ્રાક્ષારસનું ફળ ઠઠ્ઠા છે ને મદ્યનું ફળ ટંટા છે, જે કોઈ (પીવાની) ભૂલ કરે છે તે જ્ઞાની નથી.” આવું જ ઉદાહરણ મદ્ય માટે સંત પાઉલની આજ્ઞામાંથી મળી રહે છે. દ્રાક્ષારસ પીને છાકટો ન થા. (એફેસી

૫ :૧૮) જ્યારે નીતિવચનો આજ્ઞા કરે છે, "જે મરવાની અણી પર હોય તેને મદિરા અને જેનું મન દુઃખી હોય તેને દ્રાક્ષારસ આપ (નીતિ વચનો ૩૧: ૬-૭) ભલે તે પીને પોતાની દરિદ્રતા ભૂલી જાય અને પોતાનું દુઃખ ફરી કદી તેને યાદ આવે નહિ."

વળી વધુ મહત્ત્વની હકીકત તો એ છે, કે દેવની પ્રકૃતિ અને તેની ઇચ્છા જેવી મૂળભૂત બાબતોમાં પણ અસમંત વિધાનો રહેલાં છે. જો બાઈબલ ખરેખર ઈશ્વરના સાચા વચનો હોય તો આવી મૂળભૂત બાબતો વિષે તો બાઈબલે શરૂઆતથી અંત સુધી એકમત અવાજે બોલવું જોઈએ. બાઈબલ આ મુજબ બોલતું નથી એવું દેખાડી શકાય છે, પુનર્નિયમ ૨૦ : ૧૬, ૧૭માં આપણે વાંચીએ છીએ." પણ આ લોકોનાં જે નગરો યહોવાહ તારો દેવ તને વારસા તરીકે આપે છે, તેઓમાંના કોઈ પણ પ્રાણીને તારે જીવતું રહેવા દેવું નહિ, પણ જેમ યહોવાહ તારા દેવે તને આજ્ઞા આપી છે તેમ તારે તેઓને એટલે હિત્તિઓનો, અમોરીઓનો, કનાનીઓનો તથા યબૂસીઓનો પૂરો નાશ કરવો." આ શબ્દો ઈશ્વરનું એક ચિત્ર રજૂ કરે છે. જ્યારે યોહાન ( યોહાન ૪ : ૮) કહે છે કે 'દેવ પ્રેમ છે' અથવા જ્યારે ઈસુ કહે છે કે તમારા શત્રુઓ પર પ્રેમ કરો અને તમને સતાવનારાઓ માટે પ્રાર્થના કરો (માત્થી ૫ : ૪૪) ત્યારે આપણને ઈશ્વરનું આનાથી તદ્દન ઊલટું ચિત્ર જોવા મળે છે.

આવા ઘણાં ઉદાહરણો આપી શકાય અને આવાં ઘણાં મુદ્દા બતાવી શકાય. જૂના કરારના અમુક પૃષ્ઠ પર મળતી ઈશ્વરની પ્રકૃતિની આવી રજૂઆત કરતાં તદ્દન વિરોધાભાસી રજૂઆત આપણને માત્ર નવા કરારના અમુક ભાગમાં જ નહિ, પરંતુ જૂના કરારના અન્ય પૃષ્ઠ પર પણ વારંવાર જોવા મળે છે. જૂના કરારના ઘણા લખાણોમાં શરૂઆતમાં યહોવાનો અનેક દેવોમાંના એક દેવ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો કે તેને બીજા દેવો પર સર્વોપરી હોવાનો ઉલ્લેખ છે ખરો; જ્યારે જૂના કરારના પાછળના લખાણો નવા કરારના

''એક જ દેવ''ના દૃષ્ટિબિંદુમાં ભાગીદારી નોંધાવતા માલૂમ પડે છે. જૂના કરારના શરૂઆતના કેટલાક લખાણો આ દેવને માત્ર યહૂદીઓમાં જ રસ છે એવા દૃષ્ટિબિંદુને પ્રોત્સાહન આપે છે. નવા કરારમાં, ''દેવના વૈશ્વિક પ્રેમનું'' જ્ઞાન એના ભરપૂર વૈભવ સહિત જોરશોરથી પ્રબોધવામાં આવ્યું છે, એ તરફ જૂના કરારના પાછળના લખાણો આગળ ધપતાં જણાય છે. જૂના કરારના શરૂઆતના લખાણોમાં 'ઈશ્વર વ્યક્તિઓ તરીકે મનુષ્યોના જીવનમાં રસ લે છે' એવા વિચારને સ્થાન મળેલું આપણે જોતા નથી. 'જાણે કે ઈશ્વરને ચાહવા માટે એક જ વ્યક્તિ હોય એમ તે દરેકને ચાહે છે' એવું જે સત્ય ઈસુની સુવાર્તા (શુભસંદેશ)માં આપણને જોવા મળે છે, એનું ભાન જાણે કે જૂના કરારના પાછળના લેખકોને ધીમે ધીમે થાય છે.

માત્ર હકીકતોની બાબતમાં અથવા ઈશ્વરની પ્રકૃતિ અને ઈચ્છાની બાબતમાં જ નહિ પરંતુ બીજી બાબતોમાં પણ આપણને પવિત્રશાસ્રના એક ભાગ કે ભાગોમાં વિરોધભાસ જોવા મળે છે. દા.ત. આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે અનૈતિકતાના સિદ્ધાંતના સંદર્ભમાં પણ આવો મોટો તફાવત જુદા જુદા ભાગોમાં જોવા મળે છે.

અગાઉ ટાંકેલા ફકરાઓ અને જૂના કરારના આવાં બીજાં ઘણાં ફકરા ટાંકી શકાય; આપણને એવું સ્પષ્ટ જણાય છે કે વ્યક્તિગત અનૈતિકતા જેવું કશું નથી અને કબર (મૃત્યુ) એ જ અંત છે, જે આંતરિક ભાવ આ ફકરાઓમાં જોઈએ છીએ એના કરતાં કેટલો જુદો ભાવ અયુબ ૧૯ : ૨૫-૨૬માં જોવા મળે છે ''પણ હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર જીવે છે. આખરે તે પૃથ્વી પર ઊભો રહેશે મારી ચામડીનો નાશ થયા પછી વગર શરીરે પણ હું તેને જોઈશ.'' અને જુઓ નવા કરારના નીચેના ફકરાઓ પણ કેટલો જુદો ભાવ પ્રદર્શિત કરે છે. યોહાન ૧૪ : ૨-૧૯ '' મારા બાપના ઘરમાં રહેવાના ઘણાં ઠેકાણાં છે. નહિ તો હું તમને કહેત કેમકે હું તમારા માટે જગ્યા તૈયાર કરવાને જાઉં છું... હું જીવું છું અને તમે પણ જીવશો''

અથવા ૧ થેસ્સા. ૪ :૧૩-૧૪ "પણ ભાઈઓ, ઊંઘી ગયેલા વિષે તમે અજાણ્યા રહો એવી અમારી ઇચ્છા નથી; જેથી બીજાં માણસો જેઓને આશા નથી, એવાંની પેઠે તમે ખેદ ન કરો. કેમ કે ઈસુ મરણ પામ્યો ને પાછો ઊઠ્યો એવો આપણે વિશ્વાસ કરીએ છીએ, તો તે જ પ્રમાણે ઈસુમાં જેઓ ઊંઘી ગયેલાં છે તેઓને પણ દેવ તેની સાથે લાવશે."

ઉપર ટાંકેલા વચનો "મૃત્યુ પછીના જીવન" વિષેના તેમના દૃષ્ટિબિંદુ કરતાં જૂના કરારના" મૃત્યુ એ અંત છે" એવા દૃષ્ટિબિંદુથી એટલાં વેગળાં છે, કે કોઈ પ્રકારે તેમનું સમાધાન થઈ શકે નહિ. આથી શાબ્દિક ઈશ્વરપ્રેરણાનો કોઈ પણ સિદ્ધાંત આવા વિરોધાભાસોમાં અડીખમ રહી શકે કે કેમ તે પ્રશ્ન છે. આપણી કલ્પનાને પાંખો લગાવી ગમે તેટલી ઊંચી ઉઠાવીએ તો પણ આ બધાં સાથે મળીને ઈશ્વરનાં ભૂલરહિત શબ્દો છે તેવું કલ્પી શકાય નહિ.

હવે એમ લાગે છે કે ઉપરના ઘણાં બધાં ઉદાહરણો જોયા પછી, આપણા મુદ્દાના સમર્થનમાં બીજાં વધુ ઉદાહરણો આપવાની જરૂર નથી. જો કે મને લાગે છે કે એક વધું મુદ્દો ઉમેરવો ઉપકારક નીવડશે. અત્યાર સુધી આપણે જોયેલાં ઉદાહરણોમાં જૂના કરારના લખાણોથી શાસ્ત્રના બીજાં લખાણોમાં જોવા મળતાં તફાવતોનો જ ઉલ્લેખ હતો, ભલે આ લખાણો જૂના અથવા નવા કરારના હોય. આથી આપણને એવું લાગે કે જૂના કરારને લાગે વળગે છે, ત્યાં સુધી આપણે શાબ્દિક ઈશ્વર પ્રેરિતતાના સિદ્ધાંતને કોરાણે મૂકી દેવો જોઈએ, પરંતુ નવા કરારના સંદર્ભમાં હજુ આપણે આ સિદ્ધાંતને વળગી રહી શકીએ; ખરેખર આવું નથી. જો કે જૂના કરારની સરખામણીમાં નવો કરાર ભૂલ રહિતતાની સપાટીની વધુ નજદીક આવે છે તો પણ તેને તે સંપૂર્ણપણે આંબી શકતો નથી.

નવા કરારના જુદા જુદા ફકરાઓમાં ભિન્ન ભિન્ન વિગતો આપવામાં આવી હોય એવા હકીકત દોષો જોવા મળે છે.

દાખલા તરીકે સંત માથ્થીની સુવાર્તામાં આપેલી ઈસુની વંશાવળી, સંત લુકે આપેલી ઈસુની વંશાવળી કરતાં જુદી પડે છે. વળી પ્રથમ ત્રણ સુવાર્તામાં મંદિરના શુદ્ધિકરણની ઘટના પ્રભુ ઈસુ ખ્રિસ્તના સેવાકાર્ય (Mission) ના લગભગ અંત ભાગમાં આપવામાં આવી છે. (માર્ક ૧૧ : ૧૫-૧૭, માત્થી ૨૧ : ૧૨-૧૪, લૂક ૧૯ : ૪૫-૪૬) જયારે ચોથી સુવાર્તા આ ઘટનાને શરૂઆતમાં મૂકે છે. (યોહાન ૨ : ૧૩-૧૭). હા, એ ખરું કે આવા હકીકતફેર નવા કરારમાં જૂના કરાર કરતાં ઓછા જોવા મળે છે. એ પણ ખરું કે ઉપર કહેલા અને એવા બીજા દાખલાઓ બહુ મહત્ત્વના નથી અને સુવાર્તાઓની મૂળભૂત વિશ્વસનીયતા પર એનાથી કોઈ ગંભીર અસર પહોંચતી નથી (ખરેખર તો આ વિગતફેર વિશ્વસનીયતાને સમર્થન પૂરું પાડે છે.) આમ છતાં, આ હકીકત શાબ્દિક ખામીરહિતતા, ભૂલ રહિતતા સાથે સુસંગત નથી તેમાં કોઈ મીનમેખ નથી.

આપણે નવા કરારમાં એક વધુ ઉદારહરણ નોંધીએ. નવા કરારના લખાણોમાં આપણને એવા કેટલાક લખાણો જોવા મળે છે, જે અન્ય લખાણો કરતાં જુદા પડતાં હોય અથવા તેના પર સુધારો સૂચવતાં હોય; વિગતફેરના નહિ પરંતુ અભિપ્રાય અથવા દૃષ્ટિબિંદુના તફાવતો પણ મળે છે. આવા ઉદાહરણો આપણને પાઉલના લગ્ન વિશેના દૃષ્ટિબિંદુમાં મળે છે. કોરિંથીઓના પહેલા પત્રમાંનું સંત પાઉલનું લગનનું દૃષ્ટિબિંદુ તેના એફેસીઓના પત્ર કરતાં જુદું પડે છે.

આપણે કોરિંથીઓના પહેલા પત્રનો ઉલ્લેખ કર્યો છે ત્યારે એક નોંધપાત્ર હકીકત એ છે, કે સંત પાઉલ આ પત્રના પહેલા અધ્યાયમાં તેણે લખેલી હકીકત પાછળથી સુધારે છે. ૧૪મી કલમમા તે કહે છે, ''હું આભાર માનું છું કારણે કે મેં તમારામાંથી ક્રિસ્પસ અને ગાયસ સિવાય બીજા કોઈને બાપ્તિસ્મા આપ્યું નથી.'' પરંતુ બે જ કલમ પછી તે પોતે આ પ્રમાણે કહેવા દોરવાય છે.'' (મેં

સ્તેફનાસના ઘર કુટુંબને પણ બાપ્તિસ્મા આપ્યું.) એવું દેખીતી રીતે લાગે છે કે અગાઉનું લખાણ લખતી વખતે, આ હકીકત તેના ધ્યાન બહાર રહી ગઈ હશે. પત્ર લખતી વખતે અવારનવાર આવું બને છે એ આપણે જાણીએ છીએ. પરંતુ જો ખુદ ઈશ્વર પોતાના પવિત્ર આત્મા દ્વારા લખાણના શબ્દે શબ્દ ઉપર નજર રાખતા હોય ત્યારે પણ આવું બને એવું માનવું ખૂબ જ મુશ્કેલ છે.

પહેલા કોરિંથીઓના ૭મા અધ્યાયનો લગ્ન વિષેનો પ્રેરિત પાઉલનો મત લગ્નના ઊંચા આદર્શ સાથે મેળ ખાતો નથી. અહીં એવી રજૂઆત કરવામાં આવી છે કે જાણે લગ્ન માત્ર ઊતરતી કોટિની વસ્તુ છે. અને માણસ પોતાની વિષયવાસના કાબુમાં ન રાખી શકે ત્યારે જ તેણે એ વિકલ્પ સ્વીકારવો. પરંતુ એફેસીઓના પત્રના પાંચમા અધ્યાયની ૨૨થી ૩૩ કલમોમાં સંત પાઉલ આથી તદ્દન ભિન્ન અને ખૂબ જ ઊંચા દરજ્જાનું દૃષ્ટિબિંદુ દર્શાવે છે. અહીં તે લગ્ન સંબંધને ઈસુ ખ્રિસ્ત અને મંડળી વચ્ચેના સંબંધ સાથે સરખાવે છે અને આવા શબ્દોનું ઉપાયોજન કરે છે. (કલમ ૨૫) ''પતિઓ, જેમ ખ્રિસ્તે પોતાની મંડળીને ચાહી, એટલે સુધી કે તેના માટે પોતાનો જીવ પણ આપી દીધો, તેમ જ તમે પણ પોતાની પત્નીઓ પર પ્રેમ રાખો.''

કેટલીકવાર એવી દલીલ કરવામાં આવે છે, કે અહીં સંત પાઉલ સ્પષ્ટતાપૂર્વક એવું જણાવે છે કે ૧લા કોરિંથીઓના પત્રના સાતમા અધ્યાયમાં લગ્ન સંબંધી પોતે કહેલી વાત એ એનો પોતાનો અભિપ્રાય છે અને નહિ કે ઈશ્વરની આજ્ઞા (અવાજ). આ દલીલમાં છઠ્ઠી કલમના નીચેના વચનોનો આધાર લેવામાં આવે છે. ''આ હું આજ્ઞા તરીકે નહિ પણ છૂટ રૂપે કહું છું.'' પણ આ દલીલ આ વચનોના ખોટા અર્થઘટન પર આધારિત હોય એવું લાગે છે. આ કલમનો ખરો અર્થ એવો લેવો જોઈએ કે પાઉલે લગ્ન સંબંધી અહીં જે કહ્યું છે એની ઈશ્વરે પાઉલને આજ્ઞા ફરમાવવાને બદલે છૂટ આપી છે એમ નહિ, પણ પાઉલ જાતે કોરિંથીઓને અગાઉની કલમમાં કહ્યા

પ્રમાણે, અને એમને લખેલા પત્રમાં દેખીતી રીતે જણાવ્યા મુજબ એમને લગ્નથી વિમુખ રહેવાની આજ્ઞા ફરમાવતો નથી પણ છૂટ આપે છે.

એનો અર્થ એવો થાય છે, કે પાઉલ પોતાના વાંચકોને તાકીદ કરવાને બદલે એમને છૂટ આપે છે. તેઓ જો ઇચ્છે તો એકબીજાથી દૂર રહેવાના સમયોનું પાલન કરે; પણ તેમ કરવાની તેમને આજ્ઞા આપવામાં આવી નથી.

કોઈ પણ સંજોગોમાં મૂળતત્ત્વવાદી ભૂલરહિતતાના વિચારવાદીને આ કલમનું અર્થઘટન કરવાની છૂટ આપવામાં આવે, તો તેનો સિદ્ધાંત ખૂબ જ ગંભીર કટોકટીમાં ફસાઈ જાય છે. કારણ કે તે આપણને એવું ધારવાનું કહે છે, કે દેવ પોતાના એક એલચીને દેવના પોતાના તરફથી જે સંદેશો હતો તેવા પત્રમાં એલચીના અંગત મંતવ્યોનો સમાવેશ કરવાની છૂટ આપે છે; એવા મંતવ્યો કે જે દેવના પોતાના મતથી વિરુદ્ધના હોય; કારણ કે પાછળથી એફેસીઓએ આવું ધારી લેવું પડે.

હું ધારું છું કે બાઇબલના સંદર્ભમાં કહેવાતો ભૂલરહિતતાનો મૂળતત્વવાદી સિદ્ધાંત તેના દાવા મુજબ બાઇબલને યોગ્ય રીતે સમજવાની ચાવી નથી તે ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક બતાવી શકાયું છે. આવું દષ્ટિબિંદુ બાઇબલનો સાચો અર્થ અને ઘણી જગ્યાએ તેના સાદા સંદેશાને સંદિગ્ધ બનાવી દે છે. આથી બાઇબલ આપણા સમયમાં વધુ સ્પષ્ટતાપૂર્વક વાત કરી શકે તે શક્ય બનાવવા માટેનો અભિગમ આપણે જુદી દિશામાં શોધવો રહ્યો.

# ૪. તબક્કાવાર વિકસતું પ્રકટીકરણ

બાઈબલનું એક લક્ષણ જેના તરફ અત્યારસુધીની આપણી ચર્ચાએ ધ્યાન દોર્યું હશે, તેને ઘણીવાર ''ઈશ્વરના તબકકાવાર વિકસતા પ્રકટીકરણ'' તરીકે સંબોધવામાં આવે છે. પરંતુ એને ''ઈશ્વરના પ્રકટીકરણનું તબકકાવાર વિકસતું જ્ઞાન'' કહીને આપણે વધુ યથાર્થ રીતે વર્ણવી શકીએ. કદાચ આપણને આ નજીવી શબ્દ રમત લાગે, પરંતુ તેનાથી મસમોટો ફરક પડે છે. પ્રથમ શબ્દસમૂહથી એવી પ્રતીતિ થાય છે કે ઈશ્વરે માણસને પોતાનું પ્રકટીકરણ કટકે કટકે કર્યું. જાણે કે ઈશ્વરે અનિચ્છાએ એક સમયે પોતાના થોડાક અંશનો એમ ધીરે ધીરે માણસને પોતાના વિષેનું જ્ઞાન આપ્યું. બીજા શબ્દસમૂહથી એ સ્પષ્ટ થાય છે, કે ઈશ્વર તો હંમેશા પોતાનું સંપૂર્ણ જ્ઞાન આપવા આતુર હતો. પરંતુ માણસ ઈશ્વરના સ્વપ્રકટીકરણનું જ્ઞાન મેળવવા ધીરે ધીરે શક્તિમાન બન્યો. ઈશ્વર અને તેના માર્ગો (કાર્યશૈલી) અને તેની ઈચ્છા સંબંધી તબક્કાવાર વિકસતી સમજણની ખૂબ જ સ્પષ્ટ નોંધ બાઈબલમાં આપવામાં આવી છે. ઈસુએ પોતે ધર્મશાસ્ત્રનો જે રીતે ઉપયોગ કર્યો એ જ આ વાત સ્પષ્ટ કરવા પૂરતી છે. બાઈબલની યથાર્થ સમજણ માટે આ હકીકતની સ્વીકૃતિ ખૂબ જ આવશ્યક છે. આ વિકસતું જ્ઞાન આપણને એટલી અગત્યની ચાવી પૂરી પાડે છે, કે એનાં કેટલાંક ઉદાહરણો તપાસવા આપણે એક આખા પ્રકરણનો ઉપયોગ કરીશું.

## ઈશ્વરની સર્વોપરિતા (Sovereignity)

પ્રારંભમાં આપણે જોઈશું કે બાઈબલમાં ઈશ્વરની સર્વોપરિતાના ખ્યાલનો ક્રમિક વિકાસ માલૂમ પડે છે. શરૂઆતમાં ઈઝરાયેલ પ્રજા યાહવેહ (યહોવા)માં માત્ર એક એવા ઈશ્વરને નિહાળતી કે જેણે

તેમને ઘણી લડાઈઓમાં વિજય અપાવીને પોતાનું પરાક્રમ પૂરવાર કરી બતાવ્યું.

જેમકે ન્યાયાધીશના ૧૧માં અધ્યાયમાં યિફતાહ એવું માનતો લાગે છે. અમોરીઓનો દેવ કમોશ પણ સાચો દેવ છે, કેમ કે જેમ ઈઝરાયેલનો યહોવા ઇઝરાયેલ પ્રજાને વતન આપે છે, તેમ જ કમોશ પણ પોતાના લોકોને વતન આપે છે.

ન્યાયાધીશ ૧૧:૨૩-૨૪માં આપણે વાંચીએ છીએ એમ ઈસ્ત્રાએલના દેવ યહોવાએ પોતાના લોક ઈઝરાયેલને અમોરીઓનું વતન આપીને તેઓને વતનહીન કર્યાં છે, ને શું તું તેઓનું વતન નહિ લે ? તારો દેવ કમોશ તને જે વતન આપે છે તે વતન શું તું નહિ લે ? તેમ અમારા દેવ યહોવાએ જેઓને અમારા માટે વતનહીન કર્યા છે, તેઓનું વતન અમે લઈશું. પિફતાહ માને છે કે યહોવા કમોશ કરતાં વધારે પરાક્રમી દેવ છે, પરંતુ યહોવા એકલો એક જ દેવ છે એવું માનવા જેટલી તેની સમજણ ખીલી નથી.

વળી ૧ શમું ૨૬:૧૯ માં આપણે જોઈએ કે દાઉદ શાઉલને દેશપાર નહિ કરવાની વિનંતી કરે છે, ત્યારે તેમાં દાઉદનો એવો વિલાપ સમાયેલો છે કે યહોવાની ભૂમિમાંથી કાઢી મૂકવો એટલે દાઉદને તેની ભકિતમાંથી હદપાર કરવો. જુઓ, "તો હવે, મારા મુરબ્બી રાજાએ કૃપા કરીને પોતાનાં દાસનાં વચન સાંભળવા. જો મારી વિરૂદ્ધ તને ઉશ્કેરનાર તે યહોવા હોય, તો તે એક અર્પણનો અંગીકાર કરો ; પણ જો તે મનુષ્યપુત્રો હોય તો તે યહોવાની આગળ શાપિત થાઓ ; કેમકે એ અન્ય દેવોની સેવા કર, એમ કહીને હું યહોવાના વતનનો ભાગીદાર ન રહું એ મતલબતથી તેઓએ મને આજે હાંકી કાંઢયો છે." જો દાઉદને યહોવાના વતનમાંથી બહાર જવાની ફરજ પડે, તો સાથે જ તેને બીજા દેવોની સેવામાં જોડાવું પડે; દાઉદના મનમાં અને જે લોકોએ તેને બોલતો સાંભળ્યો તેમના

મનમાં પણ યહોવાની સર્વોપરિતા ઇઝરાયેલ પ્રદેશ પૂરતી સીમીત છે એવું પ્રતીત થાય છે.

આવા જ પ્રકારનો ભાવ આપણને ૨ રાજા ૫:૧૭માં જોવા મળે છે. નામાન પોતાની ભૂમિમાં યહોવાનું ભજન કરવા માગતો હતો તેથી બે ગધેડાં પર નંખાય તેટલી તે ભૂમિની માટી પોતાના સિરિયામાંના ઘરે લઇ જવાની અરજ કરે છે, કારણ કે યહોવાની સર્વોપરિતા તેના પોતાના પ્રદેશ પૂરતી જ સીમીત છે.

ધર્મ વિષયક વિકાસના શરૂઆતના તબક્કામાં યહોવાને માત્ર સીમીતતા ધરાવતો દેવ ગણવામાં આવતો, એ પ્રતીતિ આવા કિસ્સાઓથી થાય છે. તે ઇઝરાયેલ પ્રજાનો દેવ હતો બીજી પ્રજાઓનો નહીં. આ બીજી પ્રજાઓને તેમના પોતાના દેવો હતા જેઓ પણ વાસ્તવિક હતા અને તેમના પોતાના પ્રદેશમાં તેમનો અધિકાર રહેતો. આ દેવોને યહોવા કરતાં ઓછા સામર્થ્યવાન ગણવામાં આવતા. અને વારંવાર એક પછી એક લડાઇમાં તેના પરાક્રમની સાબિતી મળે છે. પરંતુ તેમના પોતાના પ્રદેશમાં તેઓનો સંપૂર્ણ અધિકાર રહેતો અને ત્યાં યહોવાનો અધિકાર ચાલતો નહિ. જો કોઇ માણસ ઇઝરાયલની હદ છોડીને બીજા લોકના પ્રદેશમાં પ્રવેશ કરતો અને ત્યાં રહેઠાણ બાંધતો તો તે ત્યાં યહોવાનું ભજન કરી શકતો નહિ, હવે તે જ્યાં રહેતો તે ભૂમિમાં યહોવાનો કોઇ લાગભાગ નહોતો, તેથી જે ભૂમિમાં તે હોય તેના પર અધિકાર ધરાવનાર દેવની સેવા તેણે કરવી પડવી.

યહોવાની સર્વોપરિતા અંગેની સમજણજ્ઞાનનો આ શરૂ શરૂનો તબકકો આપણને જૂના કરારમાં ઘણી જગ્યાએ જોવા મળે છે. જો કે ધીરે ધીરે આ જ્ઞાનનો વિકાસ થતો રહ્યો. તેનો વ્યાપ અને સચ્ચાઇ વધતાં રહ્યાં, એટલે સુધી કે યહોવાની સર્વોપરિતા માત્ર એક દેશવાસીઓ, અથવા અમુક બે કે ત્રણ કે વધુ દેશવાસીઓ પર જ નહિ પરંતુ સારીયે દુનિયા પર પ્રવર્તે છે તેવો અંતમાં સ્વીકાર થવા લાગ્યો. ઉદાહરણ રૂપે આમોસના પુસ્તકમાં, આપણને આવી સભાનતાની

પ્રથમ અભિવ્યક્તિ જોવા મળે છે. પ્રથમ બે અધ્યાયમાં યહોવાનો અધિકાર અને સામર્થ્ય દરેકે દરેક દેશવાસીઓ પર સ્થાપિત થયેલો જણાય છે. અને પુસ્તકના અંતભાગમાં યહોવાની આખી દુનિયા પરની સર્વોપરિતાનો ખ્યાલ એક જ કલમમાં દર્શાવેલો જોઇ શકાય છે. યહોવા કહે છે કે "હે ઇઝરાયલ પુત્રો તમે મારે મન કૂશપુત્રો જેવા નથી ?" શું હું ઇઝરાયલને મિસર દેશમાંથી, પરિસ્થિતિઓને કાફતોરથી, ને અરામીઓને કીરથી બહાર લાવ્યો નથી ? (૯:૭)

યહોવાની સર્વોપરિતાની ભૌતિક સીમીતતાના જૂના ખ્યાલથી ઉપરના વચનો આપણને ઘણા દૂર આગળ લઇ જાય છે. એટલે સુધી કે અંતમાં આપણે એ સ્વીકારતા થઇએ, કે યહોવા સર્વે દેવોમાં સર્વોપરી છે. એટલું જ નહિ પરંતુ ખરેખર તે એક માત્ર દેવ છે. આમ આપણે યશાયા ૪૪:૮ માં વાંચીએ છીએ, "ગભરાશો મા ને બીશો મા; શું મેં કયારનું સંભળાવીને તને જાહેર કર્યું નથી? તમે મારા સાક્ષી છો, શું મારા વિના બીજો કોઇ દેવ છે ? કોઇ ખડક નથી ; હું કોઇને જાણતો નથી' આ સુસ્પષ્ટ જાહેરાત સાથે જૂના કરારની ધર્મવિષયક અભિભૂતિ ( perception ), નવા કરારમાં સર્વત્ર સ્વીકારાયેલ એકેશ્વરવાદના ખ્યાલ સુધી છેવટે આવી પહોંચે છે.

નવા કરારને એકેશ્વરવાદની તરફેણમાં કદી કોઇ દલીલ કરવાની જરૂર પડી નથી. અથવા એકેશ્વરવાદના સત્યમાં સહેજે શંકા ઉપસ્થિત થાય એવી વાત એમાં રજૂ થઇ નથી. આ માટે પાછળના પ્રબોધકોએ પોતાનું કાર્ય ખૂબ જ સારી રીતે અદા કર્યું છે. યહોવા એ એક માત્ર દેવ છે. એ આખા નવા કરારનું આરંભથી અંત સુધી પાયાનું સત્ય બની રહ્યું છે. ઇસુએ જે કંઇ કાર્યો કર્યા અને જે શિક્ષણ આપ્યું તેમાં અને તેના અનુયાયીઓએ જે કાર્યો કર્યા અને બોધ આપ્યો તે સર્વમાં આ સત્ય સ્વીકારાયેલું હતું. ૧ કોરિંથી ૮:૪માં સંત પાઉલ જ્યારે આપણને કહે છે "મૂર્તિ જગતમાં કંઇ જ નથી, અને એક

વિના બીજો કોઈ દેવ નથી" ત્યારે તે જાણે કે આખા નવા કરાર માટે બોલતો હોય તેમ બોલે છે.

## ઈશ્વરની સર્વવ્યાપકતા (Omnipresence of God)

ઈશ્વરની સર્વત્ર હાજરીના ખ્યાલનો પણ આવો જ ક્રમિક વિકાસ થયો છે. શરૂઆતના સમયમાં યહોવાની ગણના **સ્થાનિક** દેવ તરીકે થતી. એટલે કે યહોવા જાણે ઈઝરાયલનો દેવ હોય અને ઈઝરાયલ પ્રજાનું રાજ્ય હોય તે પ્રદેશમાં તેની આણ સ્વીકારાતી એટલું જ નહિ, પરંતુ ઈઝરાયલની સીમમાં જ અને માત્ર થોડાક સ્થળોમાં જ તેની હાજરી છે એવું માનવામાં આવતું.

એક સમયે સિનાયને યહોવાનું નિવાસસ્થાન ગણવામાં આવતું. આથી મુસા જ્યારે તેની સાથે વાત કરવા માગતો ત્યારે, "તે યહોવા પાસે જતો, અને યહોવા દેવ પર્વત પરથી તેને હાંક મારતો" (નિર્ગમન ૧૯:૩) પાછળથી દેવની હાજરી કરારકોશમાં છે એમ માનવામાં આવતું એટલે, ઉદાહરણ તરીકે, જ્યારે રણમેદાનમાં ઈઝરાયલીઓને પોતાની હાર થતી જણાતી, ત્યારે તેઓ કરારકોશ રણમેદાનમાં મંગાવતા; કારણ કે તેઓ માનતા કે કરાર કોશ સાથે ઈશ્વરની હાજરી પણ તેમની મધ્યે આવતી. દા.ત. ૧ શમુ ૪:૩ માં લખ્યું છે "પલિસ્તીઓએ ઈઝરાયલ સામે પોતાની હરોળ બનાવી અને ઈઝરાયલીઓ એમની સામે હારી ગયા. ત્યારે પલિસ્તીઓએ રણમેદાનમાં ચાર હજાર સૈનિકોને વાઢી નાખ્યા. અને જ્યારે બાકીનું લશ્કર પડાવમાં પાછું ફર્યું ત્યારે ઈઝરાયલના વડીલોએ કહ્યું, "આજે યહોવાએ પલિસ્તિઓના હાથે આપણને કેમ માર ખવડાવ્યો છે ? શીલોહમાંથી યહોવાના કરારનો કોશ આપણે પોતાની પાસે લાવીએ કે તે આપણને બચાવે" આ અધ્યાયમાં આગળ આખરે પલિસ્તીઓ લડાઇ જીતે છે અને આ કરાર કોશને જીતના ભાગ તરીકે લઈ જાય છે તેનું વર્ણન આવે છે, અને જણાવ્યું છે તેમ જ્યારે ઈઝરાયલીઓ પાસેથી કરારકોશ

લઈ જવામાં આવે છે, ત્યારે તેઓ માને છે કે યહોવાહની હાજરી પણ તેમની પાસેથી છીનવી લેવાય છે.

ત્યાર પછી, યહોવાને માટે વેદીઓ બાંધીને જે જગ્યાઓ અલગ કરવામાં આવતી, તેમાં જ યહોવાનો વાસ (હાજરી) હોય એમ માનવમાં આવતું. જો કોઈ માણસ દેવની હાજરીમાં જવા માગે તો તેણે આમાંની એકાદ વેદી પાસે જઈને ત્યાં પોતાનું અર્પણ ચઢાવવાનું રહેતું. જેમ કે નિર્ગમન ૨૦:૨૪માં યહોવાને એવું કહેતો જણાવાયું છે કે, ''મારે સારુ તારે માટીની વેદી બાંધીને તે પર તારા દહનિયાર્પણ તથા તારા શાંત્યાર્પણ અને તારાં ઘેટાં તથા તારાં બળદો ચઢાવવા, અને જે સર્વ જગ્યાએ હું મારું નામ સ્થાપિશ ત્યાં હું તારી પાસે આવીશ ને તને આશીર્વાદ દઈશ.''

જેમ માણસો સમજતાં થયાં કે ઈશ્વરની સર્વોપરિતા,તેની આણ (અધિકાર) માત્ર અમુક ભૌગોલિક સ્થાન પૂરતી જ મર્યાદિત ન હતી, તેમ તેમ માણસોને ભાન થવા લાગ્યું કે તેની હાજરીને પણ આવાં કોઈ બંધનો નહોતા દા.ત. ગીતકર્તાના શબ્દો સાંભળો ''તારા આત્મા પાસેથી હું ક્યાં જાઉં ? તારી હાજરામાંથી હું ક્યાં નાસી જાઉં? જો હું આકાશમાં ચઢી જાઉં તો તું ત્યાં છે. જો હું શેઓલમાં મારી પથારી નાંખું તો ત્યાં પણ તું છે. જો હું પરોઢિયાની પાંખો લઈને સમુદ્રને પેલે પાર વસું તો ત્યાં પણ તારો હાથ મને દોરશે; અને તારો જમણો હાથ મને ઝાલી રાખશે'' (ગીતશાસ્ત્ર ૧૩૯: ૭-૧૦) આવાં લખાણોમાં ઈશ્વર સર્વવ્યાપી છે અને તેની સાથે વાત કરવા માગતા દરેકને તેની પ્રત્યક્ષતાનો અનુભવ કરાવે છે, એવા ઈસુએ પૂર્ણ પ્રકાશમાં આણેલા સત્યને, જૂનો કરાર આગળ વધીને આંબતો જણાય છે.

## ઈશ્વરનો વૈશ્વિક પ્રેમ(God'S Universal Love)

ઉપર વર્ણવેલા તબક્કાવાર વિકસતા ખ્યાલ સાથે, ઈશ્વર દરેક જાતિની દરેક વ્યક્તિની સંભાળ લે છે એવા જ્ઞાનનો વિકાસ જૂના

કરારમાં પ્રગટ થાય છે. પ્રથમ તો ઈઝરાયલ યહોવાને માત્ર પોતાનો દેવ માનતા. તેમની માન્યતા પ્રમાણે જો કદાચ તેને બીજા માટે શત્રુતા ન હોય, તો પણ બીજાઓ માટે તેને કશો પ્રેમ તો નહોતો જ. એવા દૃષ્ટિબિંદુથી શરુ કરતાં આપણને જૂના કરારમાં બે દિશામાં વિકાસ થતો જોવા મળે છે. એક બાજુ એવો ખ્યાલ આગળ વધતો દેખાય છે કે દેવને માત્ર યહૂદીઓમાં જ નહિ પરંતુ બીજી પ્રજાઓમાં પણ રસ છે. તો બીજી બાજુ આપણને માણસોમાં એવું પ્રકટીકરણ આગળ વધતું દેખાય છે, કે ઈશ્વરને આખી પ્રજા તરીકે માણસોમાં રસ છે. એટલું જ નહિ પરંતુ તેને વ્યક્તિઓ તરીકે પણ માણસોમાં રસ છે.

પુરાણી માન્યતા એવી હતી, કે યહોવા ઇઝરાયલ પ્રજાનો દેવ હતો. પરંતુ એ આખી પ્રજાનો જ દેવ હતો અને આ પ્રજા સંબંધી તેનો હેતું સિદ્ધ કરવામાં આ પ્રજાની વ્યક્તિઓ જે યત્કિંચિત્ ફાળો આપે એ સિવાય એકલી વ્યક્તિઓમાં એને બીજો રસ નહોતો. દેવ એકલી વ્યક્તિઓને વ્યક્તિઓ તરીકે શ્રાપ કે વરદાન આપવાના બદલે જેની તેઓ સભ્ય હોય તેવા આખા સમૂહને શ્રાપ કે વરદાન આપે છે. એવી એ વખતની માન્યતા ઉપરની હકીકતથી છતી થાય છે.

યહોશુઆ ૭:૧માં આપણને આ ખ્યાલનું દૃષ્ટાંત જોવા મળે છે. યરેખોની લૂંટનો અમુક ભાગ આખાન પોતાનો માટે રાખે છે ત્યારે "અને યહોવાનો કોપ ઈઝરાયલ પુત્રો પર સળગી ઊઠયો" (યહોશુઆ ૭ : ૧) અને યહોવાનો આ કોપ ત્યારે જ શાંત થાય છે જયારે આખાન ગુનેગાર છે તેવું માલૂમ પડતાં આખાનના આખા કુટુંબનો નાશ કરવામાં આવે છે. અને યહોશુઆએ તથા તેની સાથે સર્વ ઈઝરાયલે ઝેરાહનો પુત્ર આખાન, ને રૂપું ને જામો, ને સોનાનું પાનું ને તેના દીકરા, ને તેની દીકરીઓ, ને તેનાં બળદો, ને તેનાં ઘેટાં, ને તેનો તંબુ, ને તેનું સર્વસ્વ લઈને તેઓને તેઓ આખારની ખીણમાં લઈ ગયા અને યહોશુઆએ તેને કહ્યું, "તેં અમને કેમ હેરાન કર્યા છે ? આજે યહોવા તને હેરાન કરશે." અને સર્વ ઈઝરાયલ

લોકોએ તેને પથ્થરે માર્યો.... અને તેના પર પથ્થરોનો મોટો ઢગલો કર્યો, તે આજ સુધી છે. ત્યારે યહોવા તેના કોપના જુસ્સાથી ફર્યો. તે માટે તે ઠેકાણાનું નામ આજ સુધી આખોરની ખીણ એવું પડયું.'' (યહોશુઆ ૭:૨૪-૨૬)

ઈશ્વર વિષેની માન્યતાનો આ પ્રારંભિક તબક્કો હતો. અહીં, દેવને, યહોવા દેવને ઈઝરાયલ સિવાય અન્ય કોઈ પ્રજામાં રસ નહોતો. અને ઈઝરાયલમાં પણ યહોવાને વ્યકિતઓ તરીકે રસ નહોતો. પરંતુ ઈશ્વરની સર્વોપરિતાની માન્યતા અંગેનો વ્યાપ વધવા લાગ્યો અને એવી સભાનતા પ્રગટવા માંડી, કે યહોવાને માત્ર ઈઝરાયલ પર જ નહિં પરંતુ બીજા બધા લોકો પર પણ અધિકાર છે, તેમ તેમ એવી સભાનતા પણ પ્રગટવા માંડી કે યહોવાહ માત્ર ઈઝરાયલ પ્રજાને જ નહિ, પરંતુ બીજી બધી પ્રજાઓને પણ ચાહે છે. અને આમ યશાયા પ્રબોધક ઈશ્વરનાં નીચેનાં વચનો સાંભળે છે. ''ઈજીપ્તની પ્રજા જે મારા લોક છે, અને આસિરીયા જે મારા હાથનું કામ છે અને ઈઝરાયલ જે મારો વારસો છે તે સૌ આશીર્વાદિત થાઓ.''

આ વધતી જતી સભાનતા ''ઈશ્વરને બધી જ દેશજાતિઓ માટે પ્રેમ છે એટલું નહીં પરંતુ દેશમાંની દરેક વ્યક્તિને પણ તે ચાહે છે'' એવા સંપૂર્ણ સત્યના સ્વીકાર તરફ આગળ વધવાનો નિર્દેશ કરે છે. જો કે આ સંપૂર્ણ સભાનતા હજુ ઘણી દૂર હતી અને જૂના કરારના સમયમાં તો એક દૂરગામી સંભાવના તરીકે પણ તેનો કવચિત જ ઉલ્લેખ જોવા મળે છે. નવા કરારના આરંભ કાળમાં પણ આવી સંપૂર્ણ સભાનતા પ્રગટી નહોતી. આ સભાનતા પ્રગટાવવા ઈસુની જરૂર પડી. તેમ છતાં, જૂનો કરાર આ દિશામાં આગેકદમ માંડી રહ્યો છે તેની આપણને પ્રતીતિ થાય છે.

અઢારમા અધ્યાયમાં હઝકીયેલ જોરદાર મત પ્રગટ કરે છે, ઈશ્વર માણસો સાથે માત્ર જૂથો તરીકે તેમના સારા નરસા જૂથ વર્તન મુજબ ખુશ કે નાખુશ થઈને, તેમને આશીર્વાદ દઈને અથવા દંડ

દઈને, તેમની સાથે વ્યવહાર કરે છે એવું માની લેવું ખોટું છે. હઝકીએલની સમજણ મુજબ યહોવાને તો વ્યકિત કેવી રીતે વર્તન કરે છે, તેની સાથે સંબંધ છે. ''જુઓ, સર્વ જીવો મારા છે; જેમ પિતાનો જીવ તેમજ પુત્રનો જીવ પણ મારો છે ; જે જીવ પાપ કરે છે તે માર્યો જશે, પણ જે કોઇ માણસ નેક હશે ને નીતિથી તથા પ્રમાણિકપણે ચાલશે.... મારા વિધિઓ પ્રમાણે ચાલ્યો હશે, મારી આજ્ઞાઓ પાળીને પ્રમાણિકપણે વર્ત્યો હશે; તો તે નેક છે તે નિશ્ચિત જીવશે એમ પ્રભુ યહોવા કહે છે.'' (હઝકીએલ ૧૮:૪,૫,૯) ઈશ્વર વ્યક્તિની કાળજી રાખે છે અને તેની સાથે અંગત સંબંધ બાંધે છે તેવું દર્શન થાય છે. આ પ્રારંભનું એક નાનું કદમ હતું જે યિર્મેયાને વધુ વ્યાપક દર્શન તરફ પ્રેરે છે અને યિર્મેયા ત્યારે બોલી ઉઠે છે. ''યહોવા સંકટના સમયે મારું સામર્થ્ય. મારો ગઢ, તથા મારો આશ્રય.'' (યિર્મેયા ૧૬:૧૯) ઈશ્વરને દરેક દેશજાતિની દરેક વ્યક્તિ માટે સવિશેષ કાળજી છે, તેવી સભાનતા તરફના આ બે તરફી વિકાસ પ્રભુ ઈસુમાં પરાકાષ્ટાએ પહોંચે છે. ઈસુએ સ્પષ્ટતા કરી કે પિતાનો પ્રેમ દરેક વ્યકિતને માટે છે; તેની જાતિ ગમે તે હોય. ઉદાહરણ રૂપે ઈસુ માત્થી ૮:૧૧માં કહે છે, ''અને હું તમને કહું છું કે પૂર્વ તથા પશ્ચિમથી ઘણા લોક આવશે, ને ઈબ્રાહિમની તથા ઈસહાકની તથા યાકૂબની સાથે આકાશના રાજ્યમાં બેસશે'' અને યોહાન ૩:૧૬ ભાગ્યે જ કોઈને યાદ કરાવવાની જરૂર પડે ''કેમકે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય. પણ તે અનંતજીવન પામે.''

પરંતુ ઈશ્વરની દરેક વ્યકિત તરફની કાળજી અને ચિંતાનું સૌથી સુંદર રેખાંકન તો આપણને ઈસુના આ શબ્દોમાં મળે છે. ''શું પાંચ ચકલી બે પૈસે વેચાતી નથી ? તો પણ દેવની દૃષ્ટિમાં તેઓમાંની એકે વિસારેલી નથી. પરંતુ તમારા માથાના નિમાળા

પણ સઘળા ગણાએલા છે. બીહો મા, ઘણી ચકલીઓ કરતાં તમે મૂલ્યવાન છો. (લુક ૧૨:૬-૭) એક પૈસાની બે ચકલીઓ અને બે પૈસાની પાંચ ચકલીઓ ત્યારે વેચાતી (માત્થી ૧૦:૨૯). તેનો અર્થ એવો થયો કે જ્યારે બે પૈસાની ચકલી કોઈ ખરીદતું ત્યારે તેને એક ચકલી વધારામાં મફત મળતી. આમ માણસના મનમાં ચકલીનું મૂલ્ય ધૂળ બરાબર હતું અને તેમ છતાં "તેમાંથી એકને પણ પરમેશ્વર ભૂલતો નથી." ઈસુ પોતાનું દૃષ્ટાંત માણસોના મનમાં ઠસાવી દેવા માટે કહે છે કે ઘણી ચકલીઓ કરતા દેવની નજરમાં એક માણસ વ્યકિત તરીકે વધુ મૂલ્યવાન છે

**મૃત્યુ પછી જીવન (Life after death)**

વિકાસની પ્રક્રિયાનું શ્રેષ્ઠ ઉદાહરણ, જે આપણને બાઈબલ પૂરું પાડે છે, તે તો આપણને ભવિષ્યના જીવનની માન્યતાની વૃદ્ધિ અને તેનું ભરપૂરીપણું છે જેની આપણે અગાઉ નોંધ લીધી છે. પુરાણકાળમાં ઈઝરાયલીઓને કબર પાર (મૃત્યુ પાર)ના જીવનમાં કોઈ ચોકકસ માન્યતા નહોતી. કબર એટલે જાણે તમામ બાબતો અને હેતુઓ માટે જીવનનો અંત; તેમની માન્યતા મુજબ મૃત્યુબાદ મનુષ્યજીવનનો અંત આવે છે એમ નહિ, પરંતુ તેઓ માનતા કે મૃત્યુબાદ માણસ મરેલાઓના રહેઠાણમાં જાય છે. ત્યાં જવા માટે સારા નરસાનો કોઈ ભેદ નથી. વળી આ જગ્યા જે શેઓલ કહેવાતી તે તો મૃત્યુછાયાનો પ્રદેશ ગણાતો. ત્યાં જનાર મૃત માનવી પોતાનું સંપૂર્ણ સ્મરણ ગુમાવી બેસતો. પરિણામે જીવનને અર્થસભર અને આનંદમય બનાવનાર તમામ બાબતોનો લોપ થતો; એટલે કે મૃત્યુબાદનું જીવન બધી રીતે મૃત્યુ જેવું જ બની રહેતું.

વાસ્તવિક રીતે કહીએ તો મૃત્યુ એટલે અસ્તિત્વનો સંપૂર્ણ અંત નહિ, પરંતુ જીવનનો અંત; અને જૂના કરારના ઘણાં બધાં લખાણો એક પછી એક પૃષ્ઠ પર મૃત્યુ એટલે કે છેડો એ વાત ખૂબ જ ભારપૂર્વક જણાવે છે. " કેમ કે મરણાવસ્થામાં તારું સ્મરણ

થતું નથી ; શેઓલમા તારી ઉપકારસ્તુતિ કોણ કરશે ? (ગીતશાસ્ત્ર ૬:૫) હું અહીંથી જાઉં અને હતો ન હતો થાઉં તે પહેલાં તારી કરડી નજર મારા પરથી દૂર કર કે હું બળ પામું " (ગીતશાસ્ત્ર ૩૯.૧૩). "કેમકે શેઓલ તારી ઉપકારસ્તુતિ કરે નહિ મરણ તારાં સ્તોત્ર ગાય નહિ ; જેઓ કબરમાં ઊતરે છે તેઓ તારી માન્યતાની આશા રાખે નહિ. (યશાયા ૩૮-૧૮)"

તે દિવસોમાં ઈઝરાયલમાં વાસ્તવિક વ્યકિતગત અનંત જીવનની કોઈ ઝાંખી નહોતી. તેઓ એક જ અમરપણા વિષે જાણતા હતા અને તે તો તેમના વંશવારસો દ્વારા તેમના સંતાનોમાં તેમને મળતું જીવન, જે તેમને મન ઘણું મૂલ્યવાન હતું. આપણે પેલી તકોઆની વિધવાને જોઈએ કે જે દાઉદ રાજાને તેના એકમાત્ર જીવતા પુત્રની જીંદગી માટે યાચના કરે છે, જેણે પોતાના ભાઈની કતલ કરી હતી ને તે બાઈની અરજ એવી હતી કે જો તેના આ પુત્રને દેહાંતદંડ દેવામાં આવે તો "આ પ્રમાણે તેઓ મારો બાકી રહેલો અંગારો હોલવી નાખશે, ને મારા ધણીનું નામ કે શેષ પૃથ્વી પર રહેવા દેશે નહિ." (૨ શમુ. ૧૪ :૭)

હા, જો કે કેટલાંક ગીત મૃત્યુ પછીના ખરેખરા જીવનની ઝાંખી કરાવડાવે છે ખરા. જેમ કે ગીતશાસ્ત્ર ૪૯:૧૫માં કહેલું છે, પણ દેવ મારા આત્માને શેઓલના કબજામાંથી છોડાવી લેશે કેમકે તે મારો અંગીકાર કરશે. ને ગીત ૭૩:૨૪ "તું તારા બોધથી મને માર્ગ બતાવશે અને પછી તારા મહિમામાં મારો સ્વીકાર કરશે" અને મૃત્યુ પછીના જીવનનો આ ખ્યાલ આપણે આગળ વધતો જોઈએ છીએ ; જ્યારે દાનિયેલ કહે છે, "અને જેઓ પૃથ્વીની ધૂળમાં ઊંઘેલા છે તેઓમાંના ઘણા જાગી ઊઠશે; કેટલાક અનંત જીવનમાં દાખલ થશે અને કેટલાક અનંતકાળ સુધી લજ્જિત અને ધિક્કારપાત્ર થશે." (દાનિયેલ ૧૨:૨)

એ શંકારહિત છે કે આપણે અમરપણાના સિદ્ધાંતનો જૂના

કરારની સીમાઓમાં જ સ્પષ્ટ વિકાસ થતો જોઈએ છીએ. હા, પ્રારંભકાળમાં અને કબૂલ કરવું પડશે કે લગભગ જૂના કરારના મોટા ભાગના લખાણોમાં કબર પારના જીવનના વિચારની કોઈ ઝલક આપણને જોવા મળતી નથી. સિવાય કે મૃત્યુલોકનું છાયારૂપ, જીવનવિહિન, શેઆલ નામક પોસ્ટમોર્ટમ; 'જો કે સમયની સંપૂર્ણતાએ એવા લોકો આવ્યા કે જેમને લાગવા માંડયું કે આ રેખાચિત્ર વાસ્તવિક નહોતું, અને તેમને સત્યની ઝાંખી થવા લાગી. આમાંના કેટલાકને સત્યની અન્ય કરતાં વધારે સ્પષ્ટ ઝાંખી થવા લાગી; સત્યની વધુ નજદીક પહોંચનારા પણ તે તરફ એક અચકાતો અંગુલીનિર્દેશ માત્ર કરી શકયા છે. નવા કરારમાં "અનંત જીવનનો જે ખ્રિસ્તી સિદ્ધાંત ખાત્રીપૂર્વક અને તેના પૂરા ભરપૂરીપણાથી રજૂ કરવામાં આવ્યો છે તે તરફ તેઓ અંગુલી નિર્દેશ કરે છે.

વિકાસની પરાકાષ્ટાની શરૂઆત જૂના કરારમાં થતી આપણે જોઈ શકીએ છીએ, અને પરાકાષ્ટા વિકાસના પ્રારંભથી કેટલે વેગળે નીકળી જાય છે તેનો ખ્યાલ આપણને યોહાનના ૧૪માં અધ્યાયના વાંચન પરથી આવે છે. "તમારાં હૃદયોને વ્યાકૂળ થવા ન દો ; જો તમે દેવમાં માનો છો તો તમે મારા પર પણ વિશ્વાસ કરો. મારા બાપના ઘરમાં રહેવાના ઘણાં ઠેકાણાં છે." અથવા યોહાન ૧૧:૨૫, ઈસુએ તેને કહ્યું, "પુનરૂત્થાન તથા જીવન હું છું ; જે મારા પર વિશ્વાસ કરે છે તે જો કે મરી જાય તો પણ તે જીવતો થશે. અથવા રોમોનોને પત્ર ૮: ૩૫, ૩૭, ૩૯. "ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા પાડશે ? શું વિપત્તિ, કે વેદના, કે સતાવણી, કે દુકાળ, કે નગ્નતા કે જોખમ, કે તરવાર ? તો પણ જેણે આપણા ઉપર પ્રેમ રાખ્યો છે તેને આશરે આપણે એ બધી બાબતોમાં વિશેષ જય પામીએ છીએ. કેમ કે મારી ખાતરી છે કે મરણ કે જીવન, દૂતો કે અધિકારીઓ, ઊંચાણ કે ઊંડાણ, કે કોઈ પણ બીજી સૃષ્ટ વસ્તુ, દેવની જે પ્રીતિ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેનાથી આપણને

જુદાં પાડી શકશે નહિ" અને ૧ કોરિંથી ૧૫ :૫૪-૫૫.

"જ્યારે આ વિનાશી, અવિનાશીપણું ધારણ કરશે અને આ મર્ત્ય અમરપણું ધારણ કરશે. ત્યારે મરણ જયમાં ગરક થઇ ગયું છે એ લખેલી વાત પૂર્ણ થશે. અરે મરણ, તારો જય ક્યાં ? મરણનો ડંખ તે પાપ છે ;. અને પાપનું સામર્થ્ય નિયમશાસ્ત્ર છે."

બાઈબલ પરના વિશ્વાસના અથવા બાઈબલમાં જોવા મળતા વિચારધારાના વિકાસના કેટલાંક ઉદાહરણો મેં અહીં બતાવ્યા. બીજા પણ ઘણા આવા દાખલાઓ છે. શાબ્દિક ઈશ્વરપ્રેરણાનો સિદ્ધાંત કોઇ રીતે ટકી શકતો નથી તેનું સમર્થન આ દાખલાઓ પરથી આપણને મળે છે. એ સ્પષ્ટ છે કે આવો કોઇ પણ સિદ્ધાંત ટકી રહે તે માટે બાઈબલનું શિક્ષણ આરંભથી અંત સુધી એક સરખું હોવું જોઇએ. એક જ વિષય પર ઈશ્વર જુદા જુદા સ્વરૂપે અથવા વિરોધી સ્વરૂપે વાત કરે તે વાત ગળે ઊતરે તેવી લાગતી નથી.

કદાચ આપણને એવું પણ લાગે કે વિકાસના આ તબક્કાઓ હંમેશા, જૂના કરારમાં ઉદ્ભવતા અને તેને લગતા શિક્ષણના વિકાસના તબક્કાઓની બાબત છે, અને તે વિકાસ નવા કરારમાં પૂરો થાય છે. તેથી ઓછામાં ઓછું નવા કરારનુ શિક્ષણ તો જ્ઞાન, સત્ય અને અધિકારયુક્તતાની દૃષ્ટિએ એક જ સર્વસામાન્ય સપાટી પર છે એવું આપણે ગણી શકીએ.

પરંતુ જો કે મોટા ભાગનો વિકાસ જૂના કરારથી નવા કરાર સુધી જોવા મળે છે. તો પણ અમુક બાબતોમાં ખુદ નવા કરારના શિક્ષણમાં તબક્કાવાર વિકાસ થતો જોવા મળે છે. હકીકતે આમાંની એક બાબતનો સંદર્ભ આપણે અગાઉ જોઈ ગયા છીએ. લગભગ ઈ.સ.૫૫ ના અરસામાં કોરિંથીઓને પત્ર લખતાં સંત પાઉલ લગ્ન જાણે કે વધુમાં વધુ એક અનિવાર્ય આવશ્યકતા હોય અને બને તો તેનાથી દૂર રહેવું જોઈએ એમ કહે છે ( ૧ કોરિંથી ૭ ). પરંતુ દસ વર્ષથી પણ ઓછા સમયમાં આ જ સંત પાઉલ એફસીઓને પત્ર લખતાં

લગ્ન એક સમૃધ્ધ અને પવિત્ર બંધન છે એવું જણાવે છે.(એફેસી ૪). આ તો એક નજીવી પરંતુ ચર્ચાથી પર બાબત છે. જો બાઈબલને યોગ્ય રીતે સમજવું હોય તો તેના શાબ્દિક ઈશ્વરપ્રેરણાની હર વાત આપણે બાજુ પર મૂકવી પડશે, એ રજૂઆતનું આ બાબત એક વધુ ઉદાહરણ પૂરું પાડે છે.

## ૫. સમજણની ચાવી

આપણે આગળ જોઈ ગયા કે સંપૂર્ણ શાબ્દિક ઈશ્વરપ્રેરિતતાનું વલણ કોઈ રીતે ચાલી શકે તેમ નથી. આથી આપણે જોયું કે દરેક ખ્રિસ્તી પછી તે ગમે તે સિધ્ધાંત અથવા વિચારધારામાં માનતો હોય, તો પણ તે વ્યવહારમાં બાઈબલના શિક્ષણનો અમલ કરવામાં અથવા તેનું અર્થઘટન કરવામાં પોતાની વિવેકબુધ્ધિ વાપરે છે.આપણે જોયું કે બાઈબલનો યથાર્થ ઉપયોગ કરવામાં વિવેકબુધ્ધિ ફક્ત જરૂરી જ નહિ, પરંતુ વ્યાજબી પણ છે. આપણે એ પણ જોયું કે બાઈબલ પ્રત્યેનું પ્રભુ ઈસુનું વલણ પણ આવું જ હતુ. એટલે કે બાઈબલના શિક્ષણનું  વ્યવહારમાં આચરણ કરતી વખતે વિવેકબુધ્ધિ વાપરવી. આમ હવે આપણે એવા પગથિયા પર આવી પહોંચ્યા છીએ કે બાઈબલને યથાર્થપણે સમજવા માટે આપણે ખુલ્લા મનથી વિવેકબુધ્ધિનો ઉપયોગ કરીને તેનું વાંચન કરવું જોઈએ. આમ આપણે બાઈબલની સમૃધ્ધિના ભંડારનું દ્વાર શોધી કાઢ્યું છે. હવે એના તાળાની ચાવી મેળવવી એ આપણું કાર્ય છે.

આપણે આ ચાવી શોધી ન કાઢીએ ત્યાં સુધી, આપણી અત્યાર સુધીની બધી ચર્ચા લગભગ નિરર્થક નીવડે. પૂર્વવિચારણા વગરની આડેધડ પસંદગી, કોઈ ચોક્કસ ધોરણ વગર આ કે તે બાબતની પસંદગી અથવા અવગણના જોખમકારક થઈ પડે. આવું કરવાનો એવો અર્થ થાય કે બાઈબલના વચનોની આડેધડ તોડફોડ કરીને આપણને ગમતા ભાગોની જ માત્ર પસંદગી કરીએ, અર્થાત બાઈબલના પ્રત્યેના આપણા વલણમાં આપણે વિવેકહીન બનીએ, અને પરિણામે બાઈબલનું મહામૂલું ધન ખોઈ બેસીએ;  એ તો ઘડિયાળના ભાગો છૂટા પાડીને જેવાને તેવા રહેવા દેવા જેવું થાય, એનું મુખ્ય અને જોખમકારક પરિણામ એ આવે કે ઘડિયાળ એનું સમય કહેવાનું કાર્ય બંધ

કરી દે.

આપણને એવું લાગશે કે અત્યાર સુધી આપણે કરેલી ચર્ચાવિચારણાએ બાઈબલના જ્ઞાનની ચાવી શોધવાના કાર્યમાં કોઈ મહત્ત્વનો ફાળો આપ્યો નથી. અને હકીકતમાં આપણે ઘડિયાળના ભાગો છૂટા કર્યા સિવાય બીજું કશું કર્યું નથી. એવું પણ આપણને લાગે કે આ ચાવી કઈ બાબતોમાં નથી તે જ આપણે પ્રસ્થાપિત કર્યું છે, તો પણ આપણા અભ્યાસનો ખરેખરો રચનાત્મક ફાયદો કાંઈ નાનાસૂનો નથી.

બીજા પ્રકરણમાં આપણે શોધી કાઢયું કે, દરેક ખ્રિસ્તી વ્યવહારમાં બાઈબલ પ્રત્યેના પોતાના વલણમાં કોઈ ને કોઈ પ્રકારનું પસંદગીયુકત વલણ તો ધરાવે જ છે. અને બાઈબલના કેટલાક લખાણોને તે પોતાના વિચાર અને આચારના સંદર્ભમાં અસંગત અથવા અનધિકૃત ગણે છે. તે વખતે ખ્રિસ્તીઓ આ કે તે બાબતને કેમ અસંગત કે અનધિકૃત ગણે છે તે પૂછવાને આપણે થોભ્યા ન હતા ; પરંતુ જ્યારે આપણે આવી પૃચ્છા કરીએ ત્યારે આપણને જણાય છે કે તેનો જવાબ તો પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને તેનામાં પ્રગટ થયેલા ઈશ્વરના પ્રકટીકરણ વિષેના તેમના જ્ઞાનમાં આપણને મળી આવે છે. આપણે એ જોયું કે ખ્રિસ્તીઓ ઘણી બાબતોમાં મુસાના નિયમશાસ્ત્રની અવગણના કરે છે. દાખલા તરીકે અશુધ્ધ માંસાહાર અંગે. તેમાં અપાયેલા નિયમો તરફ તેઓ બિલકુલ ધ્યાન આપતા નથી. અને પોતાના નાસ્તામાં ‘બેકન (ડુક્કરનું માંસ) લેવામાં તેઓ કોઈ પાપ ગણતા નથી કારણ કે ઈસુએ જણાવ્યું છે, કે પર્યાપ્ત ખ્રિસ્તી આચરણ માટે આહારના નિયમો બિલકુલ અગત્યના નથી તેઓ આ મુદ્દા પર ઈસુના શિક્ષણને લીધે ભિન્નતા દાખવે છે. એણે કહયું કે, માણસ જે અશુધ્ધ આહાર આરોગે છે. તે તેને વટાળતો નથી. પરંતુ તેના મનમાંથી નીકળતા ભૂંડા વિચારો અને ઈચ્છાઓ તેને વટાળે છે. અર્થાત, તેમનું પસંદગીયુક્ત વલણ, તેમનો ભિન્નતાનો સિધ્ધાંત, તો ઈસુ ખ્રિસ્ત છે.

ઈશ્વરના લોકોએ જુદા જુદા પ્રસંગોએ કયાં કયાં અર્પણો લાવવા

જોઈએ તે અંગેના વિશાળ અને વિગતપૂર્ણ નિયમનોનો પણ મુસાના નિયમશાસ્ત્રમાં સમાવેશ થાય છે. કોઈ ખ્રિસ્તી આ નિયમનો પાળવાનો પ્રયત્ન સુધ્ધાં કરતો નથી. અને એનું કારણ તો એ છે કે ઈસુએ એ વાત સ્પષ્ટ કહી છે, કે દેવ ખરેખર જે અર્પણ માગે છે તે તો તેના પ્રેમ અને સેવાકાર્ય માટે આપવાનું સંપૂર્ણ સ્વાર્પણ છે. અહીં પણ ફરીને માર્ગદર્શક સિધ્ધાંત તો ઈસુ ખ્રિસ્ત છે.

ખ્રિસ્તીઓ, મુખ્યત્વે, દસ આજ્ઞાઓમાંની ચોથી આજ્ઞા એના મૂળ સ્વરૂપમાં સ્વીકારતા નથી. આ આજ્ઞા છે સાબ્બાથવાર પવિત્ર પાળવો. સાબ્બાથવાર એટલે કે અઠવાડિયાનો છેલ્લો દિવસ અર્થાત્ શનિવાર. કારણ એ છે કે ઈસુએ પોતાના પુનરૂત્થાનના દિવસથી પોતાની મંડળીની શરૂઆત કરી એ દિવસ રવિવાર હતો. આથી તેણે રવિવારને ખ્રિસ્તીઓ માટે સાબ્બાથવાર કરતાં વધુ પવિત્ર ઠરાવ્યો. અહીં અલગ પડવાનું ધોરણ ઈસુ ખ્રિસ્ત હોવાનો એક વધુ પુરાવો આપણને મળે છે.

મુસાના નિયમશાસ્ત્ર સંબંધે ખ્રિસ્તીઓ અલગતાસૂચક અભિગમ દર્શાવે છે એના એક પછી એક ઘણાં ઉદાહરણો આપણે જોઈ શકીએ. આ દરેક કિસ્સામાં આપણે નિહાળી શકીએ છીએ કે અલગતાનું ધોરણ તો ઈસુ ખ્રિસ્ત અને એનામાં તેમણે જોયેલા ઈશ્વરના પ્રગટીકરણ સંબંધી જ્ઞાનમાં રહેલું છે.

મુસાના નિયમશાસ્ત્રથી જૂના કરારના બીજાં ભાગો તરફ ફરતાં ઈશ્વરનું જે વર્ણન આપણે સંખ્યાબંધ લખાણોમાં વાંચીએ છીએ તેને સાચા વર્ણન તરીકે સ્વીકારવાનું કોઈ પણ ખ્રિસ્તી માટે મુશ્કેલ છે. ૧ શમુ. ૧૫ : ૨-૩ ઈશ્વર વિશે 'એણે અમાલેકીઓની, એમના બાળકો અને વળી ધાવણાં બાળકો સહિત સરેઆમ કતલ કરવાની આજ્ઞા આપી' એવું જે કહે છે, એને ઈશ્વરી પ્રકૃતિની વાસ્તવિક વર્ણન નોંધ તરીકે ખ્રિસ્તીઓ સ્વીકારી શકે નહિ. અને એનું કારણ ઈસુએ ઈશ્વરની પ્રકૃતિના કરેલા પ્રકટીકરણ સાથે આ વર્ણન બંધબેસતું નથી

તે છે.

ઉત્પત્તિ ૭ : ૯-૧૧, નિર્ગમન ૪ : ૨૪-૨૬, યહોશુઆ ૭ અને આવા ઘણા ફકરાઓ વિષે આવું જ છે. આવા ફકરાઓ વિષેનો ખ્રિસ્તી અભિપ્રાય (Verdict) એ છે કે આ ફકરાઓમાં ઈશ્વરની પ્રકૃતિનું આંશિક અથવા વિકૃત ચિત્ર આલેખવામાં આવ્યું છે ; અને ખ્રિસ્તમાંના "શબ્દ સદેહ થયો" એવા ઈશ્વરના સંપૂર્ણ પ્રગટીકરણ વિષે તે જે જાણે છે તેમાં રહેલું છે.

આપણે એ પણ જોયું, કે જૂના કરારમાં મૃત્યુ પછીના જીવનના ખ્યાલનું કોઈ સ્થાન નથી અથવા નજીવું સ્થાન છે. અને એવા સંખ્યાબંધ ફકરાઓ (સભાશિક્ષક ૩ : ૧૯ ; ગીતશાસ્ત્ર ૮૮ : ૧૧-૧૨) છે જેમાં કબર પારનું કોઈ ખરેખર વાસ્તવિક જીવન હોવાનો ભારપૂર્વક નકાર કરવામાં આવ્યો છે. ખ્રિસ્તીઓ આવા ફકરાઓમાંના શિક્ષણનો સદંતર અનાદર કરે છે, કારણ કે ઈસુએ ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક કહ્યું છે; કે આવું શિક્ષણ ખામીભર્યું છે. આપણે એ પણ જોયું કે ખ્રિસ્તીઓ મુખ્યત્વે જૂના કરારના સંદર્ભમાં જ પસંદગીયુક્ત વલણ અખત્યાર કરે છે એટલું જ નહિ નવા કરારના કેટલાક લખાણો પરત્વે પણ પસંદગીનું વલણ ધરાવે છે. ઉદાહરણ તરીકે ૧ કોરિંથી ૭ માં આપવામાં આવેલા ખ્યાલમાં લગ્નને પશુઓનાં ધોરણથી સહેજ જ ઊંચું ગણવામાં આવ્યું છે. તેનો લગ્નના સાચા ખ્યાલ તરીકે સ્વીકારવાનો ખ્રિસ્તીઓ ઈન્કાર કરે છે. અહીં પણ અલગ પડવાનો સિધ્ધાંત ઈસુ ખ્રિસ્ત છે, જેણે સ્ત્રીઓનું સ્થાન મોભાવંતુ કરીને બે વિજાતિય વ્યક્તિઓ વચ્ચેના સંબંધને વધુ સ્વચ્છ, સમૃધ્ધ અને પવિત્ર ઠરાવ્યો છે.

ખ્રિસ્તીઓ બાઈબલના ઉપયોગમાં પસંદગીયુક્ત વલણ અખત્યાર કરે છે એવા દરેક કિસ્સામાં પસંદગીનો સિધ્ધાંત ઈસુ ખ્રિસ્ત પોતે છે. આ બધાં પરથી એક ખૂબ જ મજબૂત એવું સૂચન મળે છે, કે બાઈબલને સમજવાની ચાવી ઈસુ ખ્રિસ્ત પોતે જ છે, અને હવે પછીનો આપણો શેષ અભ્યાસ આપણા આ નિષ્કર્ષને ટેકો આપે છે.

ત્રીજા પ્રકરણમાં આપણે જોયું કે ઈસુએ ઘણી બાબતોમાં બાઈબલ પ્રત્યે પસંદગીયુક્ત વલણ દાખવ્યું છે. ગિરિપ્રવચનમાં મળે છે એવા ઘણાં વચનોમાં (''તમે સાંભળ્યું છે કે ... પણ હું કહું છું'') ઈસુએ અધિકારપૂર્વક ધર્મશાસ્ત્રના વચનોમાં સુધારા કર્યા છે. વળી જે અધિકારને આધારે તેણે ધર્મશાસ્ત્રથી અલગ થવાનું પસંદ કર્યું, એ તો એનો પોતાનો જ અધિકાર હતો. તે દૃઢતાપૂર્વક માનતો કે દેવ વિષેના એના પોતાના જ્ઞાન-સમજ અને માણસો સાથેના એના વર્તનવ્યવહાર કરતાં જૂના કરારનું શિક્ષણ વિપરીત હોય તો તે દોષપૂર્ણ છે. અને તેથી એમાં સુધારાવધારા કરવાનો પોતાને અબાધિત અધિકાર હોવાની એને ખાત્રી હતી.

આગળ વધીને ચોથા પ્રકરણમાં આપણે એ નોંધ્યું કે નીચલી કક્ષાથી ઉપર તરફ ક્રમિક વિકાસ જેમાં થતો હોય એવા સંખ્યાબંધ ખ્યાલ આપણને બાઈબલમાં જોવા મળે છે. આવા કિસ્સાઓમાં ખ્રિસ્તી માણસ પાસે અમુક ચોકક્સ ખ્યાલની નિમ્ન કે ઉચ્ચતમ સપાટી નક્કી કરવાનું કયું ધોરણ છે? એવું કેમ છે કે, ખ્રિસ્તી માન્યતા મુજબ પ્રત્યેક ખ્યાલ અથવા સિધ્ધાંતની ઉચ્ચતમ અભિવ્યક્તિ નવા કરારમાં ઉદીપ્ત થાય છે ? અહીં પુનરાવર્તન કરવું પડે છે કે ઈસુ ખ્રિસ્તમાં પ્રગટેલું પ્રકટીકરણ જ એનું કારણ છે : એનામાં પ્રગટેલું પ્રકટીકરણ શ્રેષ્ઠતમ પ્રકટીકરણ છે અને પવિત્રશાસ્ત્રમાં ક્રમિક વિકાસ થયેલા જોવા મળતા ખ્યાલો એના તરફ વિકાસ કરે છે. નવા કરારમાં પણ આવા ક્રમિક વિકસતા ખ્યાલ જોવા મળે એવાં ઉદાહરણો છે, તો ત્યાં પણ મૂલ્યાંકનનું માપદંડ પ્રભુ ઈસુ જ છે. જો કોઈ ખ્રિસ્તીને બાઈબલનો અમુક વિચાર બીજા કરતાં ચઢિયાતો લાગે, જેમકે ૧ કોરિંથી ૭માં અને એફેસી ૫માં મળતા લગ્ન સંબંધી ખ્યાલો એક બીજાથી જુદા જણાય ત્યારે તેમાંનો કયો ખ્યાલ ઈસુ ખ્રિસ્તના મન અને વિચાર સાથે બંધબેસતો છે અથવા નથી એને આધારે જ તે એનું મૂલ્યાંકન કરે છે.

નિશ્ચે, બાઈબલની યોગ્ય સમજણની ચાવી તો ઈસુ ખ્રિસ્ત પોતે છે. બાઈબલનું બધું જ લખાણ શબ્દસહ ઈશ્વરપ્રેરિત છે એવું સ્વીકારી લેવું ખૂબ જ કઠીન છે. ઈશ્વરપ્રેરિતતાની દૃષ્ટિએ કેટલાંક લખાણો ઊણા ઊતરતા જણાય છે.

ઈશ્વર પિતાએ પોતાના પુત્રમાં સત્યનો જે સિધ્ધાંત પ્રગટ કર્યો એ જ સિધ્ધાંત પણ બાઈબલના વચનોની પસંદગીના સિધ્ધાંત તરીકે આપણે અપનાવવાનો છે. જેટલા પ્રમાણમાં બાઈબલનાં વચનો ઈસુના મત પ્રમાણે સત્ય ઉચ્ચારે છે એટલા જ પ્રમાણમાં આ વચનો ઈશ્વર વિષે પણ સત્ય ઉચ્ચારે છે. જેટલા પ્રમાણમાં બાઈબલ અથવા એનો કોઈ ભાગ ઈસુ ખ્રિસ્તમાંના ઈશ્વરના પ્રકટીકરણ સાથે બંધબેસતા હોય એટલા પ્રમાણમાં જ એ વચનોને ઈશ્વરના મુખના વચનો તરીકે ગણાવી શકાય. આપણે જે ચાવીની જરૂર છે તે ચાવી આ જ છે. આ ચાવી જ બાઈબલના યથાર્થ સમજણનું દ્વાર ખોલી આપશે.

આપણે જે સંગમસ્થાન સુધી આવી પહોચ્યા છીએ તેને હું અહીં સંક્ષિપ્તમાં જણાવીશ. આપણે જોયું કે બાઈબલનું પ્રત્યેક વચન ઈશ્વર પ્રેરિત છે એવા સિધ્ધાંતનો સ્વીકાર શક્ય નથી. તથા આવી દૃષ્ટિથી બાઈબલને નિહાળવાના બધા પ્રયાસ પણ આપણે મૂકી દેવા પડશે. હવે આપણને એવા નિષ્કર્ષ પર આવવાની ફરજ પડે છે કે, **જો કે બાઈબલના લેખકોને એમનાં લખાણો લખવામાં પવિત્ર આત્માની પ્રેરણા મળી હતી, અને એમનાં લખાણો પવિત્ર આત્માની દોરવણી વડે લખાયાં હતાં, તો પણ છેવટે તો આ વચનો એમના પોતાના મન, યાદદાસ્ત, જ્ઞાન અને એમની પોતાની સમજણની નીપજ હતી.** અને એટલે ભૂલ વગરના નહોતા.. પરિસ્થિતિ આવી હોવાથી, એમનાં લખાણો ખરેખર દેવના મુખનાં વચનો અર્થાત દેવનો સંદેશો છે કે નહિ તે નક્કી કરવા માટે કોઈક વિશ્વાસપાત્ર પધ્ધતિ શોધવી પડે. અમને વિશ્વાસ છે કે આવું જરૂરી સીમાચિહ્ન આપણને પ્રભુ **ઈસુમાં મળે છે, અને એ ઈસુ જેનું જ્ઞાન, સમજણ આપણને સુવાર્તાઓમાંથી**

મળે છે. એ એક એવું ધોરણ છે, કે જેના દ્વારા આપણે પવિત્રશાસ્ત્રનાં લખાણોનું મૂલ્યાંકન કરી શકીએ. એ એક એવો માપદંડ છે કે જેને આધારે લખાણોની સત્યતા ચકાસી શકાય અને આપણા જમાના માટે બાઈબલના સંદેશાની ચાવીરૂપ છે. અહીં એ નોંધ કરવા લાયક છે કે હિબ્રુઓના પત્રનો લેખક જ્યારે એમ કહે છે કે "પ્રાચીન કાળમાં પ્રબોધકો દ્વારા આપણા પૂર્વજો સાથે દેવ અનેકવાર તથા અનેક પ્રકારે બોલ્યો. તે આ છેલ્લા સમયમાં પુત્ર, કે જેને તેણે, સઘળાંનો વારસ ઠરાવ્યો, અને વળી જેના વડે તેણે જગતને ઉત્પન્ન કર્યું, તેના દ્વારા આપણી સાથે બોલ્યો" (હિબ્રુ. ૧ : ૧-૨) ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે તેનું દૃષ્ટિબિંદુ આપણા દૃષ્ટિબિંદુ સાથે સુસંગત છે.

## ૯. આજના જમાના માટે બાઈબલનો અવાજ વિશ્વાસપાત્ર છે ખરો?

બાઈબલની યોગ્ય સમજણ માટે જો ઈસુ ખ્રિસ્ત એક માત્ર ચાવી હોય, તો આપણે તેને સંપૂર્ણ રીતે ઓળખીએ એ દેખીતી રીતે ખૂબ જ અગત્યની બાબત બની જાય છે. આથી, સુવાર્તાઓમાં દોરેલા ઈસુ ખ્રિસ્તના રેખાચિત્ર ઉપર આપણે ખાતરીપૂર્વક વિશ્વાસ કરી શકીએ એ આપણા માટે અગત્યનું છે. આમ, બાઈબલની વિશ્વાસપાત્રતા માટે સુવાર્તાઓની વિશ્વાસપાત્રતા એક સીમાચિહ્ન બની જાય છે, અર્થાત સુવાર્તાઓ વિશ્વાસપાત્ર હોવી આપણા માટે અત્યંત આવશ્યક છે.

અત્રે આપણે યાદ રાખવું જોઈએ કે ઈસુનું - અતથી ઈતિ - સંપૂર્ણ જીવનવૃતાંત આપવાનો દાવો સુવાર્તાઓ નથી કરતી. એટલું જ નહિ પરંતુ સુવાર્તાઓમાં એવું જીવનવૃતાંત પણ નથી. તેઓમાં પસંદ કરાયેલા સંસ્મરણો છે. તો બીજી ઘણી બાબતો કે જેનો સમાવેશ થઈ શક્યો હોત, થવો જોઈતો હતો, તે બાકાત રહી ગઈ છે, જેમ કે ઈસુ કહે છે કે, " ઓ ખોરાજીન, તને હાય ! હાય !. ઓ બેથસાઈદા તને હાય ! હાય! કેમ કે જે પરાક્રમી કામો તમારામાં થાય તે જો તૂર તથા સીદોનમાં થયા હોત તો તેઓએ તાટ તથા રાખમાં બેસીને ક્યારનો પસ્તાવો કર્યો હોત." (માત્થી ૧૧ : ૨૧ ; લુક ૧૦ : ૧૩) પરંતુ ખોરાજીનમાં ક્યાં પરાક્રમી કામો થયાં હતાં તે આપણે જાણતા નથી. કારણ કે સુવાર્તાઓમાં આ સ્થળ વિષે બીજે કયાંય ઉલ્લેખ નથી. મને આ વાત બીજી રીતે રજૂ કરવા દો. સુવાર્તાઓ પ્રભુ ઈસુનું એવું સંપૂર્ણ રેખાચિત્ર આપતી નથી કે જેમાં પૂરેપૂરો વૃતાંત વિગતવાર આવી જતો હોય. પરંતુ તેમાં તો પ્રખ્યાત કલાકારોએ ચિતરેલાં ઈસુનાં જીવનનાં કિંમતી રેખાચિત્રો સંઘરાયલા છે. પણ વિગતોમાં તેઓ એકબીજાથી જુદાં પડે છે; પરંતુ જો કલાકારો ખૂબ જ કાબેલ અને પ્રમાણિક હોય

તો આપણે તેમની પાસેથી એવીજ અપેક્ષા રાખીએ. ચાર ચિત્રકારોએ કોઈ એક વસ્તુના દરેક બાબતમાં એકદમ સરખાં ચિત્રો આલેખ્યાં હોય તો તો ઘણું વિચિત્ર કહેવાય. તો પણ, માત્થી, માર્ક, લુક અને યોહાને આલેખેલાં આ ચાર શબ્દ ચિત્રો એક જ વ્યક્તિનાં છે તે નિર્વિવાદ હકીકત છે, અને તેનું આલેખન ખૂબ જ સ્પષ્ટતાથી કરેલું છે. દરેક ઝીણી વિગતોમાં તેઓ એકબીજા સાથે સંમત નથી થતા એ વાત સાચી છે. તેમજ તેઓ કોઈ મહત્ત્વના મુદ્દામાં જુદા પણ પડતા નથી ; વળી વિશેષમાં, જ્યારે તેમને પાસે પાસે મુકવામાં આવે છે ત્યારે એકબીજા સાથે એટલી સુસંગતા મળતી આવતી જણાય છે, અને તેમાંથી ઊપસતું ઈસુનું ચિત્ર એટલું ધ્યાનાકર્ષક દેખાય છે કે, સુવાર્તાઓ અધિકૃત અહેવાલો હોવાની તે જાતે જ ગવાહી પૂરે છે.

આ આંતરિક સાબિતી ઘણાંને સુવાર્તાઓમાં આલેખાયેલું ઈસુનું રેખાચિત્ર સ્વીકારવા માટેનું સંપૂર્ણ સાચું અને તર્કયુક્ત કારણ લાગે. પરંતુ તે જ સ્થિતિમાં તેને છોડી દઈ શકાય નહિ. સુવાર્તાઓની વિશ્વાસપાત્રતા વિષે આપણે વધુ વિચાર કરવો ઘટે. પવિત્રશાસ્ત્ર ઈશ્વરની દોરવણીથી લખાયેલું છે અને તેમાં ખામી-ભૂલ હોવાની શક્યતાને કોઈ સ્થાન નથી એવા ખ્યાલનો આપણે ત્યાગ કર્યો છે. આથી આપણે જે રીતે અન્ય પુરાણી કૃતિઓની વિશ્વાસપાત્રતા ચકાસીએ છીએ તે રીતે જ આપણે સુવાર્તાઓની વિશ્વાસપાત્રતા પણ ચકાસવી જોઈએ. આમ આ પ્રમાણે સુવાર્તાઓની ઐતિહાસિક પ્રમાણભૂતતાને તપાસવા માટે સુવાર્તાઓ કેવી રીતે અસ્તિત્વમાં આવી તેની પ્રક્રિયા તપાસવી પડશે.

સુવાર્તાઓમાં જે બનાવો આલેખાયેલા છે એટલે કે ઈસુનું જીવન, મૃત્યુ અને પુનરુત્થાન -આ બનાવોથી આ પ્રક્રિયાનો આરંભ થયો. પરંતુ સુવાર્તાઓ લખાઈ તે પહેલાં સંખ્યાબંધ વર્ષો પસાર થઈ ગયાં. શું આપણે ખાતરીપૂર્વક કહી શકીએ કે, આ બનાવોની નોંધ કરવાનું કાર્ય જ્યારે કરવામાં આવ્યું તે સમયે અને વચમાંના સમયગાળા દરમ્યાન, આ બનાવોનાં સંસ્મરણો એવાં ને એવાં તાજાં હતાં, અને તેમની નોંધ

ચોકસાઈથી કરવામાં આવી હતી ? અત્યારે આ સવાલો આપણી સામે પડેલાં છે.

ઈસુની કથાના પ્રસારણની પ્રક્રિયા - બનાવો ખરેખર બન્યા ત્યારથી તેમની નોંધ લખવામાં આવી ત્યાં સુધીના પ્રસારની પ્રક્રિયા તો કથાનું અંતિમ પ્રકરણ શરૂ થાય તે પહેલાં આરંભાઈ ચૂકી હતી. અરે, ઈસુ હજુ તો પેલેસ્ટાઈનમાં જતો આવતો, સંદેશાઓ આપતો, અને એનાં પ્રેમરૂપી સાજાપણાંનાં કૃત્યો કરતો ત્યારથી આ પ્રક્રિયા આરંભાઈ હતી; કારણ કે તે જ વખતથી તેના વચનો અને કાર્યોની કથા લોકમુખે વારંવાર ચર્ચાતી અને એમાંથી કેટલીક લખાઈ પણ ખરી. પુનરુત્થાન અને સુવાર્તાઓનો ઉદ્ભવ - બે વચ્ચેના સંધિકાળના દસકાઓમાં જે બનવાનું હતું એની અપેક્ષારૂપ આ પરિસ્થિતિ પ્રવર્તતી હતી. સુવાર્તાઓ અને એમાં આલેખાયેલા બનાવો ખરેખર બનવાના સમય દરમ્યાન, સુવાર્તાઓના પ્રસારણનું મુખ્ય માધ્યમ "મૌખિક-મુખપાઠ પ્રણાલી" હતું. પ્રણાલી એટલે "કોઈ વસ્તુ કે જે પરંપરાગત અપાય છે" આ છે શબ્દાર્થ; અને મુખપાઠ પ્રણાલી એટલે મૌખિક રીતે પરંપરાગતા અપાયેલી વસ્તુ.

જો કે ઈસુના જીવનકાળના સમયથી જ તેવી કથાના નાના નાના કથાનકો લખાવાના શરૂ થયા હતા, તો પણ ખરેખરા બનાવો બન્યા ત્યારથી માંડીને સુવાર્તાઓ લખવામાં આવી ત્યાં સુધીના વર્ષોમાં આ જીવનકથા મોટા ભાગે મુખપાઠ (મૌખિક) પ્રણાલી દ્વારા સચવાઈ હતી.

શરૂઆતથી જ ઈસુએ કહેલી વાતો, એણે કરેલાં કાર્યો તથા એનાં જન્મ, મૃત્યુ અને પુનરુત્થાનના પ્રસંગો અઠવાડિયે અઠવાડિયે અને વર્ષોવર્ષ સંભાળતા રહ્યાં. ફરી ફરી અનેકવાર અનેક મુખે ચર્ચાતા રહ્યાં અને આમ એમનું પુનરાવર્તન થતું રહ્યું.

મુખપાઠ પ્રણાલીના આ દિવસોમાં ઈસુની વાર્તાકથાઓ ઉચ્ચારવાનું પુનરાવર્તન મુખ્ય બે ક્ષેત્રોમાં થયું.

પ્રથમ તેના અનુયાયીઓની ભજનસેવાની સભાઓ. જ્યારે

જ્યારે ખ્રિસ્તીઓ આ હેતુસર ભેગા મળતા ત્યારે આવી દરેક સભામાં, પ્રભુના જીવનના સંસ્મરણો કોઈક અધિકૃત વ્યક્તિના મુખે સાંભળવા માટે ભજનસેવાનો ઘણો સમય ફાળવવામાં આવતો.

બીજું, સુવાર્તાપ્રચારના સેવાકાર્યમાં આપવામાં આવતા સંદેશા. શરૂઆતથી જ ખ્રિસ્તી મંડળી સુવાર્તાપ્રસારનું કાર્ય કરતી મિશનરી મંડળી હતી. ઈસુના પુનરુત્થાનથી ઉલ્લાસિત થયેલા અને ધરમૂળથી બદલાઈ ગયેલા આરંભના આ ખ્રિસ્તીઓને જાણે એવા તો અજાયબ શુભસમાચાર સાંપડ્યા હતા કે પોતાની પાસે જ તે સંઘરી રાખવાનું તેમને અશક્ય લાગતું. પરિણામે તેમને મળનાર દરેકને, ભલે પછી તે સાંભળવાનો માત્ર ડોળ કરે તો પણ, ઈસુની વાતો કહેવાની તક જવા દેતા નહિ. યરૂશાલેમથી શરૂ કર્યા પછી તેમણે પોતાનું ક્ષેત્ર ખૂબ વિસ્તાર્યું. જ્યાં કઈ આરંભનો ખ્રિસ્તી મિશનરી પ્રયાસ શરૂ થયો ત્યાં બધે એનો મુખ્ય આશય અને એનું અવિરત કાર્ય આ જ હતું; એટલે કે આ વાતો વારંવાર કહ્યા કરવી.

તેથી આ વચલા ગાળા દરમ્યાન, ખ્રિસ્તીઓ આ વાતો વારંવાર કહેતા. એકબીજા વચ્ચેના અથવા અન્ય સાથેના વાર્તાલાપમાં એમની ભજનસેવામાં અવિશ્વાસીઓ મધ્યે પ્રસારકાર્યમાં તથા આ વાતોની સમર્થનની દલીલોમાં આ વાતોનું પુનરાવર્તન થતું રહેતું.

આ વાતોમાં જેનું સ્થાન સર્વોચ્ચ રહેતું તે તો ઈસુના મરણ અને પુનરુત્થાનની વાતો. કારણ કે આ જ તો સુવાર્તાઓનું હાર્દ હતું. એટલે કે ઈસુ, જે વધસ્તંભ પર જડાયો હતો એણે કબર ઉપર વિજય મેળવ્યો છે. કદાચ કોઈ એમ કહે કે મૌખિક પ્રણાલિકાના વહેણોમા આ જ એક મુખ્ય વહેણ હતું. પરંતુ એ એક માત્ર વહેણ નહોતું. ઈસુએ કહેલી વાતો અને તેણે કરેલાં કાર્યો, આ મુખ્ય પ્રવાહની સમાંતર વહેતું બીજું ઝરણું હતું. આ વાતો પણ સ્મરણમાં રહે તે જરૂરી હતુ. કારણ કે તારણહાર ઈસુમાં વિશ્વાસ હોવાની પ્રતીતિ તો એ જ બાબતથી મળી રહેતી કે ઈસુ

જે રાજા હતો, તેણે જે નમુનો આપ્યો હતો અને જે આજ્ઞાઓ આપી હતાં તે પ્રમાણે જીવન જીવવું. આ પ્રમાણે, આ સમગ્ર સમય દરમ્યાન, ઈસુનાં જે સંસ્મરણો તાજા રહ્યાં હતાં તે માત્ર તેના મૃત્યુ અને પુનરુત્થાનનાં જ સ્મરણો નહોતાં બલ્કે તેણે કરેલાં કાર્યો અને તેણે કહેલી વાતોના પણ હતાં. જો કે દરેક ખ્રિસ્તી મંડળીમાં આ મૌખિક પ્રણાલિકા તદ્દન એકસરખી રીતે અસ્તિત્વ ધરાવતી નહોતી. નજરે જોયેલ એક સાક્ષી પોતાની મંડળી સમક્ષ જે વાતો કહેતો તે બીજા સાક્ષીએ બીજી મંડળીમાં કહેલી વાતો સાથે વિગતવાર મળતી આવતી નહોતી. તેમાં થોડો ફેર રહેતો. પરિણામ એ આવ્યું કે ટૂંક સમયમાં દરેક મંડળી પાસે પોતાની મનપસંદ વાતો અને કથનોના સમૂહની યાદી અસ્તિત્વમાં આવી અમુક લોકોને સ્વાભાવિક રીતે જ અમુક વાતો અને કહેવતો વધારે ગમતાં અને તેમનું વારંવાર પુનરાવર્તન થતું રહેતું; જ્યારે બીજી વાતો ધીરે ધીરે આ યાદીમાંથી લોપ થતી ગઈ.

દરેક જાતિ કે સમૂહની મૌખિક પ્રણાલિકા આ રીતે ઘડાતી હોય છે. પરિણામે આવી પ્રણાલિકાનો મુખ્ય ભાગ લગભગ દરેક સમૂહમાં એક સરખો જ રહેતો. પરંતુ કોઈ પણ બે જુદા જુદા પરગણાઓમાં એક સરખા પ્રસંગોના જ સંસ્મરણો સચવાયાં હોય, અથવા તે જ પ્રસંગોના એક જ સ્વરૂપના મૌખિક સંસ્મરણો સચવાયેલાં હોય તેવું બનવું લગભગ અશક્ય ગણાય. યરૂશાલેમની મંડળીની મૌખિક પ્રણાલિકામાં દાખલા તરીકે, એવાં કેટલાંક બનાવો હોય કે જે કાઈસારીયાની મંડળીમાં ન પણ હોય અને કાઈસારીયાની મંડળીની પ્રણાલિકાના બનાવો યરૂશાલેમની મંડળીમાં ન હોય; વધારામાં બન્નેની પ્રણાલિકામાં એક જ પ્રસંગ કે બનાવની વાત જુદી જુદી મંડળીમાં જુદી જુદી રીતે કહેવાતી હોય. ધીરે ધીરે આ વારંવાર પુનરાવર્તન પામેલી વાતોના સંસ્મરણો દરેક મંડળી અને પરગણામાં ચોક્કસ રૂપ પકડતાં ગયાં તેમ તેમ આ મૌખિક પ્રણાલીકાઓએ અમુક ચોક્કસ સ્વરૂપ પકડવા માંડ્યું. એથી જુદા જુદા

વિસ્તારની મૌખિક પ્રણાલિકા એક વ્યક્તિગત બાબત બની ગઈ, જે મૂળભૂત રીતે અન્ય વિસ્તાર સાથે મળતી આવતી હોવા છતાં એનું આંતરિક સ્વરૂપ એકદમ જુદું જણાઈ આવતું.

જે પરિસ્થિતિનું હું વર્ણન કરવાનો પ્રયાસ કરી રહ્યો છું તે સ્પષ્ટ રીતે નિહાળવી તે અત્યંત અગત્યની વાત છે. તેથી હું જે કહી રહયો છું તેને ટૂંકાણમાં સમજાવવાના મારા પ્રયાસને દરગુજર કરશો. પુનરુત્થાન અને તે પછીના દિવસોનાં ખૂબજ આશ્ચર્યકારક બનાવોને લીધે ખ્રિસ્તી મંડળી સ્થપાઈ કે તરત જ ઈસુના અનુયાયીઓના હોઠો પર ઈસુની વાતો મુક્તપણે રમવા લાગી અને પોતાની મહત્તા સંતોષવા અન્ય સાથે વાર્તાલાપમાં તેમનું પુનરાવર્તન થતું રહ્યું. ખાસ કરીને, જેમ બનતું આવ્યું છે તેમ, આ વાર્તાઓના પ્રથમ કહેનારાઓ પ્રેરિતો અને નજરે જોનારા સાક્ષીઓ હતા. જેને સૌથી વધુ કહેવા જેવી લાગી તેવી વાતો પોતાને મનપસંદ ઢબમાં કહી. સંસ્મરણોની પસંદગીની બાબતમાં અથવા એક જ પ્રસંગની વિગતોની બાબતમાં કોઈ પણ બે જણ એક સરખા બરોબર નહોતા. આથી આ મૌખિક પ્રણાલીના આરંભ કાળમાં જ ઈસુનાં સંસ્મરણોની જાણે કે જુદી જુદી આવૃત્તિઓ બહાર પડી. મૂળભૂત રીતે તો આ પ્રણાલીઓ એકબીજા સાથે મળતી આવતી હતી પરંતુ વિગતોમાં એકબીજાથી તદ્દન અલગ પડતી, અને જુદી જુદી ખ્રિસ્તી મંડળીઓમાં આ મૌખિક પ્રણાલિકાઓનાં જે ચોક્કસ સ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં તે મંડળીઓની અંગત માલિકીના બન્યાં; તેના મૂળમાં કાચો માલ તો આરંભકાળની પ્રેરિતો અને નજરોનજર નિહાળનારાઓની વાતો હતી.

ઉપરના મુદ્દાથી એવું લાગે કે જુદા જુદા નજરે જોનાર સાક્ષીઓના સંસ્મરણોએ આરંભકાળની ખ્રિસ્તી મંડળીની સાક્ષીમાં એક અલગ સ્વરૂપ ધારણ કર્યું હશે, અને ધીરે ધીરે એણે આ અથવા પેલી ખ્રિસ્તી મંડળીની શાખાની પ્રણાલિકા તરીકે સ્થાન મેળવ્યું હશે. પરંતુ હું આવું કહેવા માગતો નથી. હા, આ એવી કોઈ બાબત નહોતી કે પીતર અથવા યાકૂબ અને યોહાન અને અન્ય શિષ્યો પોતપોતાની અલગ "ખ્રિસ્તની

વાતોનાં સંસ્મરણો'' લઈને આવ્યા અને તેમણે મંડળીને સંબધિત વર્ણન આપ્યું. તેમનાં સંસ્મરણોને એક અલગ વાર્તા અથવા વાર્તાસમૂહ કે કથાઓ તરીકે સુવાર્તા પ્રચારમાં જરૂર પડવાથી કે સાક્ષી આપવામાં કે સલાહ શિક્ષણ આપવામાં કે સ્તુતિ કરવામાં જરૂર પડવાથી વારંવાર ઉચ્ચારાવાની તક મળી અને આમ વ્યવહારમાં સ્વીકાર પામ્યાં.

પરિણામ એ આવ્યું કે ખ્રિસ્તી મંડળીના ઉદ્‌ભવના પ્રથમ અઠવાડિયાઓમાં, ઈસુએ કહેલી વાતો અને તેણે કરેલાં કાર્યોમાં પણ તેના મૃત્યુને પુનરુત્થાનની વાતો મોખરે રહેતી. નજરે જોનારા સાક્ષીઓના અહેવાલોનાં મોટો સમૂહ મંડળીને મળ્યો અને કેટલાક વખત સુધી આવી એકાકી પ્રસંગ કથાઓ અને કથાનકો અથવા એમના સમૂહ તરીકે આ વાતો લોકમુખે ફરતી રહી. જ્યારે મંડળી યરૂશાલેમની આસપાસના પ્રદેશમાં વિસ્તાર પામી અને પેલેસ્ટાઈનમાંથી દુનિયામાં આગળ વધી, ત્યારે આ વ્યક્તિગત સંસ્મરણો પણ સાથે ગયાં. દરેક જગ્યાએ જ્યાં જ્યાં સુવાર્તાનો મંચ ઊભો કરવામાં આવ્યો, ત્યાં ત્યાં તેની ભજનસેવા અને સુવાર્તા પ્રસારની કેન્દ્રીય લાક્ષણિકતા - આ વાતો કહેવી, ફરીને કહેવી, ખાસ કરીને ઈસુની ખ્યાતિ પામેલી વાતોનું અગાઉની જેમ જ પુનરાવર્તન કરવું - એ હતી.

શરૂઆતમાં કહેવામાં આવતા સંસ્મરણોનું સંખ્યા અને પ્રકૃતિની દષ્ચિએ કોઈ નિયત સ્વરૂપ નહોતું સિવાય કે દરેક જગ્યાએ કષ્ટ સહન કરવાના પ્રસંગો કેન્દ્રમાં રહેતાં. પરંતુ જેમ જેમ સમય જતો ગયો, તેમ તેમ અમુક જગ્યાઓમાં અમુક વાતો વધારે પસંદ પડતી અથવા વધારે સહાયક લાગતી અને ધીરે ધીરે આ જગ્યાની ખ્રિસ્તી મંડળીઓમાં આ વાતો સિવાયની અન્ય વાતો લોપ થઈને તેમાં "ઈસુના સંસ્મરણોનું એક નિયત સ્વરૂપ નક્કી થતું જેનું પુનરાવર્તન પણ અમુક ચોક્કસ સ્વરૂપમાં નિયત થતું રહેતું અને આમ સમયાવધિમાં યરૂશાલેમ અને તેની આજુબાજુના પ્રદેશમાં પ્રથમ કહેવાયેલી વૈયક્તિક

વાતોનાં જુદાં જુદાં વાર્તા સમૂહો ખ્રિસ્તી મંડળીઓની મૌખિક પ્રણાલિકામાં નિયત સ્વરૂપમાં આકારિત થયા.

વર્ષો વીતતાં ગયાં તેમ, સુવાર્તાસંદેશાના કથાનકના કેટલાક વધુ અગત્યના ભાગોને કાયમી રીતે જાળવવાની તથા તેને ચોક્કસ લેખિત સ્વરૂપ આપવાની જરૂર જણાઈ. એનો અર્થ એવો નથી કે આ ચાર સુવાર્તાઓ પહેલાં સુવાર્તાઓના કથાવાર્તાના કોઈ ભાગનું લખાણ થયું જ નહોતું. સુવાર્તાઓ તો લેખિત બચેલી નોંધોમાં સૌથી પુરાણી નોંધો છે. સુવાર્તાઓ પહેલાં પણ લખાણો લખાયાં હતાં ખરાં. પરંતુ દુર્ભાગ્યે કોઈ આજે મોજુદ નથી. ખરેખર, એ ચોક્કસ સંભવિત વાત છે કે લોકોએ અહીં તહીં ઈસુ વિષેના તેમનાં સંસ્મરણો લખ્યાં હોય અને ઈસુ વધસ્થંભે જડાયા ત્યાર પહેલાં આવી લેખન પ્રવૃત્તિ ચાલુ થઈ પણ હોય. કદાચ ઈસુને અંતરંગથી ઓળખનારામાં કોઈકે દૈનિકનોંધ (Diary) સ્વરૂપમાં નોંધ રાખી હોય; જેમ કે માત્થી; જેની વ્યાવસાયિક તાલીમ આવી નોંધ રાખવા માટે અનુકૂળ હતી.

ઘણાં ખરા તજજ્ઞો જેમાં વિશ્વાસ ધરાવે છે એવો એક દસ્તાવેજ જે સુવાર્તાઓ પહેલાં અસ્તિત્વમાં હતો, તેને તેઓ ક્યુ ('Q' )નામથી ઓળખે છે જે(Quelle) નો પ્રથમ અક્ષર છે જેનો અર્થ છે સ્રોત. આ એક ખૂબ જ પૌરાણિક દસ્તાવેજ છે અને તે કદાચ લગભગ ઈસુના સમયનો છે; એમાં મુખ્યત્વે એક વાર્તાના સ્વરૂપમાં ગુંથાયેલા આપણા પ્રભુનાં વચનોનો સમાવેશ થાય છે.

સંત લુકની વાર્તાની શરૂઆતની કલમોથી એ વાત સ્પષ્ટપણે જણાય છે કે તે સમયમાં આવાં બીજા લખાણો પણ હતાં. મોફાટે કહ્યું છે તે પ્રમાણે આ કલમોનો તરજુમો આમ વંચાય; "આરંભથી જેઓ નજરે જોનારા તથા સુવાર્તાના સંદેશામાં વચનના સેવકો હતા તેમની પાસેથી આપણને આપવામાં આવ્યા મુજબ, આપણા ધર્મમાં પ્રસ્થાપિત થયેલી હકીકતોનું વર્ણન કરવાને ઘણાને હાથમાં લીધું છે; માટે ઓ

નેકનામદાર થિઓફિલ, મેં પણ સઘળાનો શરૂઆતથી કાળજીપૂર્વક અભ્યાસ કરીને તારા પર વિગતવાર લખવાનો ઠરાવ કર્યો. એ માટે કે જે વાતો તને શીખવવામાં આવી છે તેઓની સત્યતા તું જાણે.'' (લુક ૧ : ૧ -૪ ) સુવાર્તાઓ પહેલાં પણ લેખિત સુવાર્તાઓ હતી તેનો આ ચોખ્ખો પૂરાવો છે.

આમ છતાં, ખ્રિસ્તી મંડળીની પ્રથમ એકાદ બે પેઢી માટે સુવાર્તા પ્રણાલિકાને લખાણમાં મુકવાની પ્રવૃત્તિ ખૂબ ઓછી રહી. પરંતુ પ્રથમ પેઢી ઉત્તરોત્તર ઘસાતી ગઈ અને નજરે જોનારા સાક્ષીઓના અવાજ એક પછી એક શાંત પડતા ગયા, ત્યારે જ આ પવિત્ર સુવાર્તાને અમુક નિયમિત અને વધુ કાયમી સ્વરૂપમાં જાળવવાની જરૂરિયાત તીવ્રપણે જણાવા લાગી. આ જરૂરિયાતના પ્રત્યુત્તરરૂપે બાઈબલમાંની સુવાર્તાઓનો ઉદ્ભવ થયો.

જ્યારે આ સમય આવી પહોંચ્યો અને જેઓએ લેખિત નોંધો એકત્ર કરીને પુસ્તક સ્વરૂપમાં મૂકવાનું કાર્ય સ્વીકાર્યું, ત્યારે જણાયું કે તેમની પાસે ઈસુના સંસ્મરણોની એવી જથ્થાબંધ સામગ્રી આવી કે જે વર્ષોસુધી યથાવત સચવાયેલી પડેલી હતી; જેમાંની કેટલીક સામગ્રી લેખિત હતી પરંતુ બીજી ઘણીખરી મૌખિક સ્વરૂપમાં હતી. ચાર સુવાર્તિકોએ આ બધી જ, મૌખિક અને લેખિત સામગ્રી એકત્ર કરી, તેને પૂરેપૂરી તપાસી, તેમાંથી તેમની ગુણવત્તા પ્રમાણે પસંદગી કરીને તેમાનાં દરેકને જે વાતો સૌથી વધુ નોંધવાલાયક લાગી તેમને પુસ્તક સ્વરૂપે લખી. એ જ આપણા નવા કરારની શરૂઆતમાં આવતી સુવાર્તાઓ છે.

સૌથી પ્રથમ માર્કની સુવાર્તા બહાર પડી અને વિશારદોએ શક્ય તેટલી ચોકસાઈપૂર્વક તેની તવારીખ નક્કી કરી. તે મુજબ એ ઈ.સ. ૬૫ની વચમાં લખવામાં આવી છે. પ્રેરિત યોહાનનો એક શિષ્ય નામે પોલિકાપર્હ હતો. અને તેના મિત્ર પેપિયાસે આપેલી માહિતી મુજબ આ સુવાર્તાન મૂળમાં પીતરનાં સંસ્મરણો રહેલાં છે. ઈ. સ. ૧૪૦ના

અરસામાં પેપિયાસ આ પ્રમાણે લખે છે.''.......પ્રેસબિટર (Presbiter) આવું પણ કહેતા; ''માર્ક કે જે પીતરનો દુભાષિયો પણ હતો. તેણે પોતાને યાદ રહ્યું તે પ્રમાણે પ્રભુનાં વચનો અને કાર્યો વિષે ચોકસાઈથી લખ્યું પરંતુ તેણે ઐતિહાસિક ક્રમમાં લખ્યું નહિ, કારણ કે તેણે પ્રભુને સાંભળ્યા નહોતા અને તે તેમનો અંગત શિષ્ય પણ ન હતો. પરંતુ પાછળથી તે પીતરને અનુસરનાર શિષ્ય થયો.'' આ લખાણ , માર્ક કે જે, પીતર જ્યારે સુવાર્તાનો સંદેશો અને શિક્ષણ આપતો સુવાર્તા પ્રસાર અર્થે ફરતો હતો ત્યારે તેની સંગાથે જતો હોય, એવા. યુવાન માર્કનું ચિત્ર આપણી સમક્ષ ઊપસાવે છે, અને પીતરના શહીદ થયા બાદ તેણે પ્રેરિતના મુખેથી અનેકવાર સાંભળેલી વાતો લખવા પોતાની કલમ ઉપાડી. કદાચ, ખરેખર એવું પણ બન્યું હોય કે પીતરની પાસેથી લેખિત ડાયરી સ્વરૂપમાં તેને કેટલીક નોંધ મળી અને બીજા સાધનો દ્વારા મળેલી માહિતીનો તેણે પોતાના લખાણમાં ઉમેરો કરીને લખાણને વધુ સમૃધ્ધ બનાવ્યું હોય.

ક્રમમાં બહાર આવેલી બીજી સુવાર્તા તો માત્થીની સુવાર્તા છે. અને મોટે ભાગે તે ઈ.સ. ૮૦ અને ૮૫ દરમ્યાન પ્રકાશમાં આવી. ''માત્થી અનુસાર'' એવું શીર્ષક પાછળથી ઉમેરવામાં આવ્યું હશે. મૂળમાં તો એક અનામી લખાણ હતું. અને આપણી પાસે છે તે માત્થીની સુવાર્તા એ પ્રેરિતે જ લખેલી હોય તેવી સંભાવના ખૂબ ઓછી છે. પરંતુ આ સુવાર્તા પાછળ સંત માત્થીનું નામ જોડવાનું કારણ એ હોઈ શકે કે માત્થીએ પ્રભુનાં અગત્યનાં વચનોની ડાયરી રાખી હોય અને તેના આધારે અથવા એમાંની સામગ્રીથી આ સુવાર્તાનો વિકાસ થયો હોય. જો કે પેપિયાસ કોઈ પણ હિસાબે, આપણને જણાવે છે કે માંત્થી આવા દસ્તાવેજનો મૂળ લેખક છે.તે લખે છે, ''માત્થીએ ઈસુનાં વચનો હિબ્રુમાં લખ્યાં અને પોતાને શ્રેષ્ઠ લાગ્યું તેમ દરેકે તેનું અર્થઘટન કર્યું. આ પૌરાણિક દસ્તાવેજને મૂળ સ્રોત તરીકે ઓળખવો તદ્દન અશક્ય હોય એવું લાગતું

નથી. આ પ્રાથમિક સ્રોત ઉપરાંત''માત્થી'' માં માર્ક અને બીજાં લખાણોનો આધાર લેવામાં આવ્યો છે.લૂકની સુવાર્તા લગભગ માત્થીની સુવાર્તાની સમકાલિન છે. અને ''દુનિયાના સૌથી સુંદર પુસ્તક'' તરીકે તેને વર્ણવવામાં આવી છે. લૂક એ તો નવા કરારનો અજાયબ સાહિત્યકાર છે. પરંતુ આપણા માટે સૌથી અગત્યની વાત એ છે કે તે એક નિષ્ઠાવાન અને ચોકસાઈ રાખનાર ઈતિહાસકાર હતો. આધુનિક નિષ્ણાતો અને સંશોધકોએ ઐતિહાસિક ચોકસાઈ અને વિશ્વાસપાત્રતાને ખૂબ જ સમર્થન પૂરૂં પાડ્યું છે. લૂકની સુવાર્તાની શરૂઆતની કલમોમાં ઘોષિત કરવામાં આવ્યું છે તે મુજબ લૂકે સુવાર્તાના લખાણમાં ઘણા મૂળ સ્રોતોને ઉપયોગ કર્યો છે જેમાં માર્કનો પણ સમાવેશ થાય છે.

યોહાનની સુવાર્તા આપણને એક જુદા જ પ્રદેશમાં વિહાર કરાવે છે. આ તફાવત શરૂઆતથી જ વર્તાતો હતો. અને બીજી સદીના લેખક, એલેક્સાન્દ્રિયાના શ્રી કલેમેન્ટ, તેનું આ શબ્દોમાં વર્ણન કરે છે. ''યોહાને જોયું કે મૂળભૂત હકીકતો સુવાર્તાઓમાં સંસ્થાપિત થઈ ચૂકી છે ત્યારે તેણે પોતાના મિત્રોના આગ્રહથી અને આત્મા દ્વારા પ્રેરણા પામ્યાથી, એક આત્મિક સુવાર્તા લખી.'' તેઓ અહીં એવું કહેવા માગે છે કે બીજી સુવાર્તાઓના માધ્યમ દ્વારા મુખ્ય મુખ્ય હકીકતો હવે લોકહાથમાં જવાથી જાણીતી થઈ ગઈ હતી તે હકીકતથી યોહાન સભાન હતો તેથી તેણે ઈસુ અને તેના જીવન અને કાર્યોનો, ગુઢયાર્થ લખવાને માટે પોતાને પ્રથમથી તૈયાર કર્યો. પોતાના વાંચકોને અગાઉથી સુવાર્તાઓમાંથી વાતો જાણી લીધી છે એમ ધારીને, આ બીજી સુવાર્તાઓમાં કહેલી વાતોની પુરવણી સ્વરૂપે લખવાનું યોહાને વિચાર્યું અને સાથે સાથે પોતાના આખા જીવન દરમ્યાન કરેલાં મનનના ફળ સ્વરૂપે આ હકીકતોનો પોતે પામેલ ગુઢ અર્થ પોતાના વાચકોને આપવાનું નક્કી કર્યું. આ સુવાર્તા સંભવિત છે કે ઈ. સ. ૯૫ અને ૧૦૦ ના અરસામાં લખાઈ અને લખાણનું શ્રેય યોહાનને આપવામાં આવે છે. પરંતુ તે તેણે લખી હોય તેવું

સંભવિત લાગતું નથી. મૂળ લેખક શિષ્યોમાંનો એક હોવો જોઈએ અને એવો શિષ્ય કે જે પ્રેરિતના સાથમાં ઘણાં વર્ષો રહ્યો હશે અને સંભાવના એવી છે કે તેણે પોતાની સામગ્રી યોહાને લખેલાં સંસ્મરણોમાંથી મેળવી હોય; કદાચ બનાવો બન્યા પછી ટૂંક સમયમાં જ ડાયરી સ્વરૂપમાં લખેલી નોંધોમાંથી પણ મેળવી હોય અને તેમાં તેણે આપેલાં બોધ - ભાષણો અને અનઔપચારિક વાતચીતમાંથી મળેલી સામગ્રીનો પણ ઉમેરો કર્યો હોય.

સુવાર્તાઓ લેખિત સ્વરૂપે કેવી રીતે બહાર આવી તેની પ્રક્રિયાનું આ ટૂંકૂ વર્ણન, સુવાર્તાઓ મૂળ દસ્તાવેજોના ચોકસાઈપૂર્ણ રૂપાંતરિક સ્વરૂપો છે એવું બતાવવા પૂરતું છે. બે સવાલો જે વારંવાર પૂછવામાં આવે છે તે વિષે વિચાર કરીને આપણે આપણી દલીલને વધુ બળ પૂરું પાડીશું

૧. એવું કેમ બન્યું કે બનાવો બન્યાના ઘણા લાંબા સમય પછી સુવાર્તાઓ લખવામાં આવી ? આરંભની સુવાર્તાઓ પ્રકાશમાં આવ્યા પહેલાં ૩૦ થી ૪૦ વર્ષોનો ગાળો વહી જાય એ કદાચ વિચિત્ર વાત લાગે. પરંતુ આ બાબતમાં કેટલીક વસ્તુઓ વિચારવી પડે

(અ) માર્કની સુવાર્તા બહાર આવી તે પહેલાં કશું જ લખાણમાં મૂકાયું નહોતુ એવું આપણે ધારી લઈ શકીએ નહિ. આપણે અગાઉ જોયું તેમ, ઈસુના શિક્ષણ અને કાર્યોનાં ઘણાં છૂટાછવાયા અહેવાલો માર્કના અગાઉના સમયમાં લખવામાં આવ્યા હોવાની પૂરી સંભાવના છે. પરંતુ દુર્ભાગ્યે સ્વતંત્ર રીતે આવાં લખાણો બચ્યાં નથી. જો કે આમાંના કેટલાકનો સુવાર્તિકોએ પોતાના મૂળ સ્રોતના ભાગ તરીકે ઉપયોગ કર્યો હોવો જોઈએ. અને ચાર સુવાર્તાઓમાંથી એક કે વધુમાં આ લખાણો સચવાયાં હોય.

(બ) પ્રથમ પેઢીના ખ્રિસ્તીઓ એમ માનતા કે દુનિયાનો અંત ઘણો નજદીક છે, અને તેથી તેમને માટે પુસ્તકો લખવા મોટે ભાગે અસંગત અને અનાવશ્યક બાબત હોય.

(ક) સાથે સાથે તેમનામાં તીવ્ર મિશનરી ઉત્સાહ હતો. આખી દુનિયામાં સુવાર્તિક કાર્ય કરવામાં તેઓ એટલા રોકાયેલા હતા, કે તેમની પાસે શાંતિથી બેસીને લખવાનો સમય નહોતો.

(ડ) જો કે, મુખ્ય કારણ તો એ હતું કે પ્રથમ પેઢીમાં અને તે અરસામાં લેખિત નોંધ રાખવાની જરૂરિયાત અથવા એવી ઈચ્છા મહેસૂસ થઈ નહોતી. તે જમાનામાં પુસ્તકોનો વપરાશ ઘણો જૂજ હતો અને પુસ્તકો વૈભવની વસ્તુ ગણાતાં. જે પુસ્તક લખાય તેની એક માત્ર હસ્તલિખિત નકલ બનતી અને નવા કરાર જેવું મોટું પુસ્તક લખવાનું કાર્ય ઘણું મોઘું પડતું. અત્યારે ઘણા છાપખાનામાંથી નીકળતા થોકબંધ પુસ્તકોના અવિરત વહેણથી આપણે એટલા ટેવાઈ ગયા છીએ કે પુસ્તકો જૂજ હોય અને મેળવવા મુશ્કેલ બને એવો કોઈ સમય હોઈ શકે તેવું આપણે કલ્પી શકતા નથી. પણ એ દૂરના ભૂતકાળમાં એવા દિવસો હતા અને હાલની જેમ રોજબરોજ લોકોના વિચારોમાં પુસ્તકો પ્રવેશતા નહોતા.

એથી વધુ અગત્યની વાત તો એ હતી કે પુસ્તકોના અભાવને કારણે તે જમાનામાં આજના કરતાં યાદદાસ્ત અને મૌખિક શિક્ષણ પર વધુ આધાર રાખવો પડતો, અને યહૂદીઓ ઘણા લાંબા સમયથી પોતાનો ઈતિહાસ તેમજ પોતાનું ધાર્મિક અને સામાજિક શિક્ષણ મુખપાઠ દ્વારા આપલે કરવાની રીતથી ટેવાઈ ગયા હતા. આનું એક પરિણામ એ આવ્યું કે યહૂદીઓ લેખિત નોંધો કરતાં મૌખિક શિક્ષણને વધારે અધિકૃત અને ચઢિયાતું ગણતાં અને અગાઉના ખ્રિસ્તીઓ કે જેઓ મૂળે યહૂદીઓ હતા, અને યહૂદી પશ્ચાદભૂમિકામાંથી આવ્યા હતા અને તેમની જેમ તેઓ પણ આ પૂર્વગ્રહથી પીડાતા હતા અને તેમની સંપૂર્ણ સમજણયુક્ત લાગણી એવી હતી કે ઈસુના અંતરંગ સાથીઓના મુખે ઈસુની વાતો સાંભળવી એ કોઈ પુસ્તક અથવા ચોપાનિયામાંથી વાંચવા કરતાં વધુ સારું છે. અને આ લાગણીએ તેમના મૌખિક શિક્ષણના ચઢિયાતાપણાના પૂર્વગ્રહમાં વધારો કર્યો હતો; આથી, જ્યાં સુધી પ્રભુને જેમણે દેહમાં

જોયા હોય અને તેમના જીવન અને મૃત્યુ અને પુનરુત્થાન વિષે જાત અનુભવથી કહી શક્તા હોય તેવા ઘણા બધા લોકો જીવિત હતા ત્યાં સુધી લેખિત નોંધ જેવી બિનઅંગત પદ્ધતિ માટે કોઈ ખાસ અવકાશ કે આવકારને સ્થાન નહોતું.

૨. શું આપણે એવી ખાતરી રાખી શકીએ કે આ મૌખિક પ્રણાલિકાના સમગ્ર સમયગાળા દરમ્યાન આ પ્રણાલિકા ચોકસાઈપૂર્વક જળવાઈ રહી હતી અને આ બાબતો લખાણમાં મૂકાઈ ત્યાં સુધી તેમાં કોઈ અવરોધ કે શિથિલતા આવ્યાં નહોતાં ? પશ્ચિમની વિચારસરણીવાળા લોકોને એવું લાગશે કે મોટાભાગે મૌખિક પ્રણાલિકા દ્વારા વહન થતી વાતોને ઘણા લાંબા ગાળા બાદ લેખિત સ્વરૂપમાં મૂકવામાં આવે ત્યારે મૂળ મૂખપાઠમાં ખૂબ નોંધપાત્ર ફેરફાર થઈ ચૂક્યો હોય તેમાં કોઈ મીનમેખ નથી. ફરીથી આ સંબંધમાં આપણે ઘણાં પરિબળો ધ્યાનમાં લેવા જોઈએ.

(અ) યહૂદીઓ માટે મૌખિક શિક્ષણની પ્રણાલિકાની ચોકસાઈ એક અજાયબ ઘટના હતી. તેઓ મોટા ભાગે મૌખિક પ્રથા દ્વારા અધ્યયન કરતા અને શિક્ષણ આપતા. શિક્ષણ માટેનો તેમનો શબ્દ "મીશ્નાહ" છે જેનો શબ્દસઃ અર્થ "પુનરાવર્તન" થાય છે. જે "મોઢે કરવું" એવું સૂચવે છે. આ તેમની ખરેખરી પ્રથા હતી. શરૂઆતથી જ તેમને મોઢે કરવાની કળાનું નૈસર્ગિક તાલંત મળેલું હતું અને લાંબા મહાવરા દ્વારા આ પ્રથાથી તેમનામાં ખૂબ જ પ્રબળ યાદદાસ્ત જોવા મળતી. ખરેખર તો સમગ્ર પૂર્વની આ પ્રથા હતી અને સામાન્ય બાબતોમાં પણ ચમત્કારિક યાદદાસ્તનાં ઉદાહરણો મળતાં અને તે પણ જુવાનોમાં ; આપણા આધુનિક પશ્ચિમ જગતને માટે તો એક આશ્ચર્યકારક બાબત ગણાય. જેમકે નિકેરાસ્ટેસ કહે છે "મારા પિતા, મને એક સારા માણસમાં વૃદ્ધિ પામતો જોવા,હોમરની બધી જ કલમો મોઢે કરાવતા અને અત્યારે હું આખું ઈલિયડ અને ઓડીસી સ્મૃતિ પરથી મોઢે બોલી શકું છું."

(બ) ઈસુની બાબતમાં આ પ્રથાની જાળવણીમાં માત્ર અમુક થોડીક જ વ્યક્તિઓ સંકળાયેલી નહોતી ;એવું નહોતું કે આ પ્રથા અમુક

નાના જૂથમાં ખાનગીમાં ચાલતી અને ઘણાં વર્ષો પછી આ પ્રથા જાહેરમાં શરૂ થઈ એવું નહોતું; ત્યારબાદ આ પ્રથા લેખિત સ્વરૂપમાં મૂકાઈ એવું પણ નહોતું. શરૂઆતથી જ આ પ્રથા આખી મંડળીની સાર્વજનિક માલિકીની હતી અને આખી મંડળી આ શિક્ષણના ચોકસાઈની ચોકિયાત હતી. આપણે એટલી ખાતરી રાખી શકીએ કે જો મૂળ શિક્ષણમાં કોઈ અગત્યનો ફેરફાર થવાનો ભય ઊભો થયો હોત તો તેની સામે એટલો પ્રચંડ વિરોધવંટોળ ઊભો થયો હોત કે આવા ફેરફારને તરત જ સુધારવો પડ્યો હોત.

(ક) આ મૌખિક પ્રણાલિકાની ચોકસાઈની જાળવણીમાં આખી ખ્રિસ્તી મંડળી સંકળાયેલી હતી એટલું જ નહિ, પરંતુ આ ખ્રિસ્તી સમાજમાં નજરે જોનારા સાક્ષીઓ પણ હતા. આ હકીકત ખૂબ જ અગત્યની છે. કેટલાક લોકો એમ ધારી લે છે કે જાણે શરૂઆતમાં આ વાતો કહ્યા પછી નજરે જોનારા સાક્ષીઓ હમેંશને માટે એકદમ આ દશ્યમાંથી ખસી ગયા. પરંતુ હકીકત તો એ છે કે આ મૌખિક પ્રણાલિકા લેખિત સ્વરૂપમાં મૂકવામાં આવી ત્યાં સુધી મંડળીમાં નજરે જોનારા સાક્ષીઓ હતા અને તેમની નજરચૂક દ્વારા મૌખિક શિક્ષણમાં કોઈ મહત્વનો ફેરફાર ઘૂસી જાય તેવું માનવું વધુ પડતું છે.

હું ઉદાહરણ દ્વારા આ વાત સમજાવીશ. પાર્ટીઓમાં રમવામાં આવતી એક રમતથી આપણે બધા વાકેફ છીએ. આમાં એક હારમાં ઊભેલાં લોકોને એક છેડેથી મૌખિક સંદેશો આપવામાં આવે છે. દરેક વ્યક્તિ પોતાની પાસેની વ્યક્તિને કાનમાં આ સંદેશો કહે છે. આપણે જાણીએ છીએ કે જ્યારે એક થી બીજી વ્યક્તિ પાસે પસાર થતો સંદેશો બીજા છેડાની છેલ્લી વ્યક્તિ પાસે પહોંચે ત્યારે વિકૃત થઈ જાય છે. કેટલાક લોકો એવું સમજે કે મૌખિક પ્રણાલી દ્વારા સુવાર્તાના પરંપરાગત પ્રસારણમાં આવું જ કંઈક બન્યું હશે. હકીકતમાં, આવું કંઈ બન્યું નહોતું. એવું ધારી લો કે જે ઓરડામાં આ રમત રમાઈ રહી છે, ત્યાં એક પછી એક જુદા જુદા લોકો આવતા જતા રહે છે. શરૂઆતમાં કોઈ

એક માણસ બીજા સાથીદારોને તે દિવસે સાંજે બનેલ બનાવ વિષે ત્યાં હાજર હોય એવી, આ બનાવને નજરે નિહાળનાર બીજી વ્યક્તિઓની હાજરીમાં વાત કહે છે. પ્રથમ વાર્તા કહેનાર અને બીજાઓ આ વાર્તાનું પુનરાવર્તન કરે છે અને આ રમતમાં સાથીઓ સતત આવજા કર્યા કરે છે. સુવાર્તા પ્રસાર થવાની મૌખિક પ્રણાલિકાની બાબતમાં લગભગ કંઈક આવું બન્યું છે.

હવે તમારી કલ્પનામાં ઉમેરો કરો. ધારો કે એકથી બીજામાં મુક્ત આવજા થઈ શકે તેવી રીતે જોડાયેલા કેટલાક ઓરડા વિચારો; અને ધારો કે આ દરેક ઓરડામાં આ એક જ વાત વારંવાર કહેવામાં આવે છે, પણ દરેક ઓરડામાં શરૂઆતમાં વાર્તા કહેનાર માણસ તો બનાવનો નજરે નિહાળનાર માણસ છે; અને જેમ જેમ રાત ઢળતી જાય છે તેમ વધુ ને વધુ લોકો વાર્તાના ભાગો લખવા માંડે છે અને છેલ્લે, ચાર એવી વ્યક્તિઓ ધારી લો, તેઓ વાર્તાની શરૂઆતમાં હાજર નહોતા, વળી તેઓ બનાવ નજરે જોનારા પણ નહોતા. હવે ધારો કે ચાર વ્યક્તિઓ ઓરડાઓમાં હાજર હોય એવી વ્યક્તિઓની સહાય લઈને. આ વાર્તાનું વાસ્તવિક સ્વરૂપ વ્યવસ્થિત રીતે લખવાનું બીડું ઝડપી લે છે. છેવટે, આ બનાવના આ ચાર જણાએ લખેલ ચાર જુદા જુદા વૃતાંતો આ બધા સાથીદારોને વાંચી સંભળાવવામાં આવે છે. સાંભળનારાઓમાં હજુ કેટલાક નજરે જોનારા પણ છે. ત્યાર પછી જાણે કે આ બનાવના ખૂબ વિશ્વાસપાત્ર વૃતાંત લખાણ પર મહોર મારવામાં આવે છે.

સુવાર્તાના બનાવો બન્યા ત્યારથી માંડીને છેવટે તેમને લેખિત નવા કરારના દસ્તાવજોના સ્વરૂપમાં મૂકવામાં આવ્યા ત્યાં સુધીના દાયકાઓ દરમ્યાન મૌખિક પ્રણાલિકા દ્વારા સંદેશા મહદ્ અંશે યાદદાસ્ત દ્વારા પસાર કરવાની રીતની બાબતમાં ઉપરનું ચિત્ર આછો ખ્યાલ આપે છે. આ ચિત્ર લગભગ એના જેવું જ દૃષ્ટાંતચિત્ર પૂરું પાડે છે. આનું વ્યાજબી તારણ આપણે એ કાઢી શકીએ કે તેની ચોકસાઈની જાળવણીમાં આટલા

બધા ચોકિયાત પરિબળોએ ભાગ ભજવ્યો હોવાથી આ મૌખિક પ્રણાલી મહદ્‌ અંશે ખાત્રીપૂર્વક એ જ મૂળ સ્વરૂપમાં ચાલુ રહેવામાં નિષ્ફળ નહિ નીવડી હોય.

સુવાર્તાના વૃતાંતોની બે ખાસ લાક્ષણિકતાઓ હું અહીં રજૂ કરું છું, જે તેમની વિશ્વાસપાત્રતાના સમર્થનમાં ઉમેરો કરે છે.

(૧) કેટલીક બાબતોમાં જુદી જુદી સુવાર્તાના વૃત્તાંત એકબીજાથી અલગ પડે છે. આ હકીકત કેટલાંક લોકોના મનમાં ખળભળાટ પેદા કરે છે. પરંતુ આવા તફાવતોની હાજરી તો આપણી શંકામાં ઉમેરો કરનાર કારણો નથી. પરંતુ તે આપણો વિશ્વાસ દઢ કરવામાં ઉમેરો કરે છે. કોઈ સામુહિક બનાવોના સ્વતંત્ર, વિશ્વાસપાત્ર અહેવાલોની વિગતોમાં તફાવત હોય એવી આપણને અપેક્ષા હોય છે. કોઈ એક બનાવના ગમે તે નજરે જોનારા સમૂહના સાક્ષીઓ ક્યારેય એક સરખો અહેવાલ આપતા નથી. એને આ અહેવાલોમાં ગૌણ મુદ્દાઓની બાબતમાં વિગતોનો તફાવત ચોક્કસ રહેવાનો જ. પરંતુ સાક્ષીઓ વિશ્વાસપાત્ર હોય તો અહેવાલોમાંની મુખ્ય હકીકતોમાં કોઈ તફાવત રહેશે નહિ. આ બાબતોમાં સંમતિ રહેશે. સુવાર્તાના સંદર્ભમાં પણ આવી જ પરિસ્થિતિ જોવા મળે છે.

સુવાર્તાઓમાં કેટલીક ગૌણ વાતોમાં તફાવતો જોવા મળે છે. અને કેટલીકવાર કેટલીક મહત્ત્વની વસ્તુઓમાં પણ તફાવત જોવા મળે છે ; પરંતુ જો આ સુવાર્તાઓ દરેકે દરેક બાબતોમાં એકબીજાની સાથે બિલકુલ તફાવત વગર એકદમ મળતી આવતી હોય તો કદાચ આપણા માટે એ વધુ ચિંતાનો વિષય બની રહેત. કારણ કે તેથી તો શંકાનું વાદળ ઊભું થાત કે વાર્તાઓમાં કોઈ અસંમતિ ના જોવા મળે તેવા ઈરાદાથી-આશયથી સાથે મળીને તેમની સાફસૂફી કરવામાં આવી છે. સુવાર્તામાંના તફાવતો, કેન્દ્રમાં મુખ્ય હકીકતોને વજૂદ વગરની સાબિત કરવાને બદલે તેમના ખરાપણાની ખાતરી પૂરી પાડે છે.

(૨) સુવાર્તાની બીજી પણ કેટલીક એવી લાક્ષણિકતાઓ છે કે જેને બીજી કોઈ રીતે સમજાવી શકાય નહિ. પરંતુ તેમની હાજરી સુવાર્તાની વિશ્વાસપાત્રતાનું સમર્થન પૂરું પાડનારી છે.

સુવાર્તાઓમાં એવી કેટલીક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે કે જે મંડળીને બહુ આનંદદાયક લાગતી ન હોય; અને આ બાબતો સુવાર્તામાં હજુ સુધી રહી શકી છે તે તો તેમનું ચુસ્ત પ્રમાણિકપણું બતાવે છે. કેટલીક કહેવતો અને કેટલાક એવાં સંદર્ભો છે કે પ્રારંભની મંડળીને માટે મૂંઝવનારા, તેને માટે મુશ્કેલી સર્જનાર અને ટીકા વહોરી લેનારા છે. જો આ પરંપરાના પ્રસારના સમય દરમ્યાન તેમાં જાણે અજાણે કોઈ ગંભીર સુધારાવધારા કરવામાં આવ્યા હોત તો આ વિચિત્ર બાબતો દૂર કરવામાં આવી હોત. સુવાર્તાના લખાણોમાંની તેમની હાજરી ખૂબ જ બળપૂર્વક બતાવે છે કે મંડળી કે જે શરૂઆતના નજરે જોનારા સાક્ષીઓના અહેવાલોની સંગ્રાહક (Custodian) હતી તેણે સભાનપણે, આવી હકીકતો જો કે મૂંઝવનારી હતી તેમ છતાં તેમના પ્રત્યે પણ આદર જાળવ્યો છે.

દાખલા તરીકે, પ્રારંભના સમયથી જ ખ્રિસ્તીઓ ઈસુને દેવ તરીકે પૂજતા તેમ છતાં તેમાં આપણે એવી નોંધ જોઈએ છીએ. કે ઈસુ વધસ્થંભ પરથી બૂમ પાડે છે. "મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે ?" (માર્ક ૧૫ : ૩૪). વળી, કેટલાક, ખૂબ ઓછા નહિ તેવા પ્રસંગોમાં, એક કે બીજા શિષ્યોના સંદર્ભમાં, ઈસુની પરિસ્થિતિ ખરાબ ગણાય તેવી લાગે છે. અગાઉની મંડળીનાં અધિકૃત લખાણોમાં આવી વસ્તુઓની હાજરી કોઈ રીતે સમજાવી શકાય નહિ. માત્ર આપણે એટલું કહી શકીએ કે તેઓ સત્યને પ્રમાણિકતાથી વળગી રહ્યા હતા.

**સુવાર્તાના ચિત્રની વિશ્વાસપાત્રતા (Credibility of the Gospel)**

સુવાર્તામાં રજૂ કરેલાં ઈસુનાં રેખાચિત્રો ઈસુ જેવો હતો તેવું સાચું આલેખન કરે છે, તેમાં શંકાને કોઈ સ્થાન રહેતું નથી. અને તેણે જે કામો કર્યા અને જે વચનો કહ્યા તેની ખૂબ જ સ્પષ્ટ અને

સાચી રજૂઆત તે દરેકમાં કરવામાં આવી છે તેવું આપણે સહજતાથી કહી શકીએ. હા, એ ખરું કે તે દરેકને સો ટકા સાચી રજૂઆત ગણી ન શકાય, પણ તેમ છતાં, તેમાં ઈસુનું સંપૂર્ણ ચિત્ર રજૂ થયું છે એ બાબતની શંકા કરવાને આપણને કંઈ કારણ રહેતું નથી.

જો ચાર જુદા જુદા ખ્યાતનામ ચિત્રકારો અમુક એક જ માણસનું તૈલચિત્ર તૈયાર કરે, તો આ તૈલચિત્રોમાં અમુક બાબતોમાં અને ઝીણી વિગતોમાં તફાવત જોવા મળે એ દેખીતું છે. પરંતુ આ ચિત્રો કોઈ એક જ વ્યક્તિનાં ચિત્રો તરીકે સહેલાઈથી ઓળખી શકાય ; અને કદાચ તેના એક ચિત્ર પરથી તે વ્યક્તિનું આબેહુબ નિરૂપણ થયેલું તમે ન સ્વીકારો, તો તમે આ બધાં ચિત્રો સાથે મૂકીને તેના સંપૂર્ણ વ્યક્તિત્ત્વનો અંદાજ તો મેળવી શકો. ધારો કે આ તૈલચિત્રોને એકની સાથે બીજું - એકની ઉપર એક - એમ મૂકવામાં આવે અને એમાંનું એક ચિત્ર બીજાઓની સરખામણીમાં વિરોધાભાસ દર્શાવતું હોવાની બાબતને બાજુએ મૂકીએ તો જે માણસનું આ ચિત્ર છે તેનું આબેહૂબ, વિશ્વાસપાત્ર વર્ણન આપણને મળી રહે. ઈસુનું, આવી જ જાતનું, સંપૂર્ણ વિશ્વાસપાત્ર ચિત્ર, આપણને આ ચાર સુવાર્તાઓમાંથી મળી રહે છે.

# ૭. આજના જમાના સાથે બાઈબલનો અવાજ સુસંગત છે ખરો?

કલ્પના કરો કે વિમ્બ્લી સ્ટેડિયમની એક અંતિમ સ્પર્ધાના અડધા સમયમાં, જાહેર સંબોધન વ્યવસ્થા દ્વારા એક માણસ કોમેન્ટ્રરી આપી રહ્યો છે. આ માણસ સ્પષ્ટ લાગણીવિહિન ભાષામાં બોલી રહ્યો છે; એનો અવાજ પણ તદ્દન સ્પષ્ટ સંભળાય છે. આ રમતની ભાષામાં જે એ બોલે છે એની કોમેન્ટ્રરી સાંભળનારાઓને એનો અર્થ સ્પષ્ટ સમજાય છે. વધારામાં આ માણસ એની પ્રમાણિકતા માટે જાણીતો છે. આ રમતનો તે નિષ્ણાત હોવાના પૂરતા પુરાવા છે. એ સાચી જ કોમેન્ટ્રરી આપે છે એવો સ્વીકાર કરવાનાં ઘણાં બધાં કારણો છે.

આમ છતાં, શ્રોતાઓમાંથી ભાગ્યે જ કોઈને એમાં રસ છે. હા, તેનો સંદેશો સરળ, સ્પષ્ટ અને ભરોસાલાયક છે. પરંતુ મોટા ભાગના શ્રોતાઓને તો તે વ્યર્થ તથા એમની હાલની પરિસ્થિતિમાં માત્ર વાહિયાત જ નહિ પરંતુ દખલ કરનાર ને વળી કંટાળો લાવનાર પણ છે. કારણ કે એ તો ક્રોકિ (croquet) ની રમતનો પાછલો ઈતિહાસ અને એ કેવી રીતે રમવી એનાં કેટલાંક સૂચનો આપી રહ્યો છે.

જો આધુનિક માણસ માટે બાઈબલ અસંબંધિત-અસંગત હોય, તો પછી બાઈબલ વિશ્વાસપાત્ર હોય કે ન હોય, સરળતાથી સમજી શકાય એવું હોય કે ન હોય, એનો અવાજ સ્પષ્ટતાથી સંભળાતો હોય કે ન હોય, તો બાઈબલના હોવા અથવા ના હોવાથી પણ એને કશો ફેર પડતો નથી. વાસ્તવમાં, આજે ઘણાં લોકો એવું માને છે કે બાઈબલ મોટા ભાગે અસંગત પુસ્તક છે.

ઈતિહાસ કહે છે કે બાઈબલ પર ઘણા ભયાનક હુમલા

કરવામાં આવ્યા તો પણ તેમાંથી તે નિર્વિઘ્ને બહાર આવ્યું છે. એની અડીખમતાનું સૌથી મહાન ઉદાહરણ તો એ છે કે બાઈબલનો નાશ થયો છે એવું કહેનાર વોલ્ટેઈર નામના માણસના એક વખતના નિવાસ્થાનમાં જ બાઈબલ સોસાયટીની સ્થાપના થઈ.

એક યુવાનનો બાઈબલ પ્રત્યેનો અભિગમ બાઈબલ માટે જેટલો ખતરનાક છે એટલું બીજું કોઈ આક્રમણ ખતરનાક નથી; એ પોતાના ખભા ઉલાળી કહે છે.''આ પુસ્તકને વળી મારા માટે શું અગત્યનું કહેવાનું હોય ?''

બાઈબલ સાચું અથવા ખોટું કે બન્નેનું મિશ્રણ હોય એમાં આ યુવાનને કશો રસ નથી. બાઈબલ શીખવે છે એ નીતિશાસ્રનો વ્યવહારુ ઉપયોગ થઈ શકે કે કેમ એની ય એને કંઈ પડી નથી. દૈવી ચમત્કારોના બાઈબલના દાવા પ્રત્યે એને ક્રોધ પણ ચઢતો નથી. અવકાશયાત્રા અને અવકાશી ગ્રહોના સંશોધનના આ યુગમાં એના પોતાના જીવનને અંગત રીતે સ્પર્શી શકે એવી કોઈ શક્યતા આ પુસ્તકમાં હોવાનો એ ધરાર ઈન્કાર કરે છે.

**મારું માનવું છે કે બાઈબલ આજે પણ અગાઉના જેટલું જ સુસંગત છે અને હું સાચેસાચ એમ કહેવા માંગુ છું, કે બાઈબલ ખરેખર ખૂબ જ ઉપયોગી છે.**

એ સાચું છે કે આપણા જમાનામાં માણસો અવકાશમાં મુસાફરી કરે છે છતાં બાઈબલમાં અવકાશ યાત્રા વિષે કશો ઉલ્લેખ નથી. પરંતુ અવકાશમાં મુસાફરી કરનાર માણસ છે અને આ માણસ તેમજ મનુષ્ય સ્વભાવ વિષે બાઈબલમાં ઘણું જ્ઞાન છે.

એ પણ સાચું છે કે આપણા જમાનામાં માણસે ચંદ્ર પર પગ મૂક્યો છે, અને માણસ કદીક ચંદ્ર પર પગ મૂકશે એવી કલ્પનાય બાઈબલમાં જડતી નથી, તો પણ ચંદ્રની સફર કરનાર મનુષ્ય છે અને બાઈબલને મનુષ્ય જીવન કેવી રીતે જીવવું એ વિષે ઘણું કહેવાનું છે.

મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતો અગાઉની જેમ આજે પણ એવી જ રહી છે. અને બાઈબલ દાવો કરે છે કે એને આ જરૂરિયાતો વિષે કહેવાનું છે. હવે જો બાઈબલ વિશ્વાસપાત્ર હોય તો એને અસંગત કહીને બાજુ પર હડસેલી દઈ શકીએ નહિ .હા ! એ સિવાય એનું બીજું ગમે તે કરી શકીએ.

જેમ કે સર્પદંશનો ઉપાય જો તે લાગુ પડે તો તે પહેલી સદીની જેમ આજે વીસમી સદીમાં પણ એટલો જ ઉપયોગી, સુસંગત છે. એ જ પ્રમાણે બાઈબલનો સંદેશો જો તે ભરોસાપાત્ર હોય તો આરંભના દિવસોની જેમ આજે પણ એટલો જ સુસંગત (ઉપયોગી) છે.

દરેક જણ પોતાના જીવનમાંથી સૌથી વધુ મેળવવાની ઈચ્છા રાખે છે, અને આ મેળવવાનું રહસ્ય પોતાનામાં છે એવો બાઈબલનો દાવો છે. આથી એને આપણે અસત્ય, પાગલ કે વિચિત્ર કહીને ચોક્કસ કાઢી નાખીએ પણ અસંગત તરીકે તો નહિ જ.

બાઈબલને નાઝરેથના ઈસુ વિષે જે સંદેશો કહેવાનો છે- એના જન્મ, મૃત્યુ અને પુનરુત્થાનનો સંદેશો -માણસો માટે એ જે નવું જીવન શક્ય બનાવે છે એનો સંદેશો એને સુવાર્તા અથવા શુભસંદેશ કહેવામાં આવે છે કારણ કે તે સારા સમાચાર છે. (સુવાર્તાનો અર્થ એ જ થાય છે) અને આવા સુસમાચાર કદિયે અસંગત તો ન જ હોઈ શકે.

જ્યારે આપણે જોઈએ છીએ કે વિશેષતઃ વીસમી સદીના જીવન વિષે બાઈબલને ઘણું બધું કહેવાનું છે, ત્યારે આ વાત એકદમ સ્પષ્ટ રીતે તરી આવે છે.

કબૂલ છે કે બાઈબલ પુરાણું પુસ્તક છે. પણ પુરાણું એટલે જૂની ઢબનું એવો જ અર્થ થવો જરૂરી નથી. અને "જૂની ઢબ"નું એટલે જ નકામું, નાંખી દેવાનું એમ પણ નહિ. બાઈબલને વારંવાર એવી ઘણી વાતો કહેવાની છે કે જે માણસના આજના જીવનના

સંજોગો અને સમસ્યાઓ સાથે ગાઢ સંબંધ ધરાવે છે.

આપણે થોડાં ઉદારહરણો જોઈએ.

આજના યુગમાં વંશીય ભેદભાવની સમસ્યા જેવી પેચીદી અને મહત્ત્વની કોઈ બીજી સમસ્યા છે ખરી ? બાઇબલને આ સમસ્યા બાબતે ઘણું કહેવાનું છે. ઈસુ વિષેના એના સંદેશાના મહત્ત્વથી એ વાત સ્પષ્ટ થાય છે કે ગમે તે રંગ કે જાતિના હોય, બધાં માણસ ઈશ્વરની નજરમાં સરખાં છે. એ વખતના ધર્મના અધિકારીઓ તેમ જ રાજ્યના અધિકારીઓ એક બાબતથી ખૂબ છંછેડાયેલા હતા. આ બાબત, ઈસુએ સાંકડી રાષ્ટ્રીયતાને વળગી રહેવાનો ઇન્કાર કર્યો એ હતી.

સાઈખારના કૂવા પાસે સમરૂનમાં એક પ્રખ્યાત બનાવ બન્યો. બાઈબલમાં ઉલ્લેખાયેલા સૌ સ્થાનોમાં આ એક વિશેષ અધિકૃત સ્થાન છે. આજે પણ તમે ત્યાં જઈને આ ખૂબ ઊંડા પાણીવાળા કૂવાની મુલાકાત લઈ શકો છો. ડોલ વડે આ ઊંડા વારિ કાઢી સ્વચ્છ ઠંડા જળનો આસ્વાદ લો, ત્યારે ખાતરી રાખજો કે ઈસુએ પણ આ કૂવાનું પાણી પીધું હતું.

સંત યોહાનની સુવાર્તાના ચોથા અધ્યાયમાં આ વાતનું વર્ણન મળે છે. ઈસુ યરૂશાલેમથી ગાલીલ જતા હતા. ત્યાં જવાનો સીધો રસ્તો સમરૂનની મધ્યમાં થઈને પસાર થતો હતો. આજે પણ આ રસ્તો સૌથી ટૂંકો છે. પરંતુ યહૂદીઓ ગાલીલના ઉત્તર ભાગમાં પગપાળા ચાલીને સમરૂનને બાજુ પર મૂકી લાંબો માર્ગ લેતાં. આનું કારણ એ હતું કે યહૂદીઓ અને સમરૂનીઓ વચ્ચે ખૂબ જૂનું વૈમનસ્ય હતું.

છેક મિસરમાંના બંદીપ્રવાસના સમયથી આ વૈમનસ્ય ચાલતું આવતું હતું. બંદીપ્રવાસના લાંબા વર્ષો દરમ્યાન, દક્ષિણના યહૂદા પ્રાંતના વતની યહુદીઓ તેમના પર જીત મેળવનારાઓ સાથે આંતરજાતિય લગ્ન કરવાનો સાફ ઈન્કાર કરતા. એટલા માટે કે કોઈ પણ ભોગે તેમની જાતિ વિશુદ્ધ રહે. પરંતુ ઉત્તરના વતની સમરૂનીઓ આ

વિષે જડ આગ્રહી નહોતા. અને એમની વચ્ચે ઘણાં આંતરજાતિય લગ્નો થતાં.

જ્યારે છૂટકારો આવ્યો અને યહૂદીઓ તથા સમરૂનીઓએ પોતપોતાના પ્રાંત પર ફરીથી કબ્જો મેળવ્યો, અને પોતાની સાંસ્કૃતિક જીવન શૈલીનું પુનઃસ્થાપન કરવાનું શરૂ કર્યું ત્યારે, યહૂદીઓએ પોતાના સમરૂનના પડોશીઓ અને ભાઈઓ સાથેનો વ્યવહાર કાપી નાખ્યો. કારણ કે તેમના મત અનુસાર સમરૂનીઓએ પોતાની જાતિનો ખૂબ જ ખરાબ રીતે વિશ્વાસઘાત કર્યો હતો.

આ વૈરભાવ ઈસુના સમય સુધી ચાલતો આવ્યો હતો. અને આ કારણથી જ કોઈ યહૂદી જો શક્ય હોય તો સમરૂનમાં પગ મૂકવાનો કે સમરૂનીઓ સાથે કોઈ પણ જાતનો વ્યવહાર કરવાનો વિચાર પણ ન કરતો.

બાઈબલની વાર્તા કહે છે તે પ્રમાણે જાણે કે યહૂદા અથવા ગાલીલ જેટલો જ સમરૂન પણ સારો પ્રદેશ હોય, તેમ ઈસુ આખી દુનિયા મૂકીને સમરૂનના પ્રદેશમાં થઈને મુસાફરી કરવાનું પસંદ કરે છે. આટલું ઓછું હોય તેમ માર્ગમાં એક સમરૂની સાથે લાંબી અને અંગત વાતચીતમાં રોકાય છે અને તે પણ એક સ્ત્રી સાથે કે જે વેશ્યા જેવી હતી.

આ વાર્તા એ વાતની શાહેદી પૂરે છે, કે ઈસુની વાણી અને વર્તન સતત એક જ વાત ઘોષિત કરે છે કે દેવના માટે બધા સ્ત્રી અને પુરુષો મહત્ત્વનાં છે અને એક સરખી રીતે મહત્ત્વનાં છે. ઈસુના સંદેશાના મૂળમાં હંમેશા આ વાત દૃષ્ટિગોચર થાય છે કે ઈશ્વર વ્યક્તિ વ્યક્તિ વચ્ચે તેના વંશ કે રંગને લીધે ભેદભાવ રાખતો નથી. આ બનાવમાં ગર્ભિત રીતે દેખાય છે કે, અને બીજા લખાણોમાં એવું સ્પષ્ટ કહેવામાં આવ્યું છે, કે ખ્રિસ્તી લોકોએ પણ કોઈ પણ જાતના ભેદભાવથી દૂર રહેવું.

પાઉલ આ બાબત વિષે કહે છે ‘‘હવે કોઈ યહૂદી નથી

અને કોઈ હેલેની પણ નથી'' પણ ખ્રિસ્ત ઈસુમાં બધાં એક છે.'' (ગલાતી ૩ :૨૮)

બાઈબલ જે બાબતો વિષે શિક્ષણ આપે છે તેનો આ એક ભાગ છે. આપણી વીસમી સદીની દુનિયા માટે આથી વિશેષ સુસંગત બાબત બીજી કઈ હોઈ શકે ? આજે જયારે વંશીય ભેદભાવની તંગદીલી અને જાત, વંશ અને રંગભેદનો દાવાનળ ચોતરફ સળગે છે ત્યારે આ વાત સુસંગત નથી લાગતી ?

આગળના પોતે આપેલા અવતરણમાં પાઉલ આગળ વધીને જણાવે છે કે ખ્રિસ્તી ધર્મને લાગેવળગે છે ત્યાં સુધી સ્ત્રી બધી રીતે પુરુષ સમોવડી છે. ''ખ્રિસ્તમાં કોઈ સ્ત્રી નથી કે કોઈ પુરુષ નથી, તમે ખ્રિસ્તમાં એક છો.'' એનો અર્થ એ છે કે બાઈબલ ઘોષિત કરે છે કે જાતિય બાબતમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે કોઈ ભેદભાવ રાખવો નહિ. આજના યુગમાં જયારે આપણે નારી સ્વાતંત્ર્યના નારા લગાવાતા સાંભળીએ છીએ, ત્યારે કોઈ એમ કહી શકે કે બાઈબલ આપણા જમાના માટે અસંગત છે ? ખરેખર ઈસુના જન્મથી જ નારી સ્વાતંત્ર્ય અસ્તિત્વમાં આવ્યું. ગ્રીકો રોમન સામ્રાજ્ય ટોચે હતું અને પાલેસ્ટાઈન તેનો એક નાનો ભાગ હતો. ત્યાં ઈસુનો જન્મ થયો, તે જમાનામાં સ્ત્રીઓને મોટે ભાગે ખૂબ ઓછા અધિકાર મળતા. કેટલીક સ્ત્રીઓને તો કોઈ અધિકાર જ નહોતો. અરે, તેમાંની કેટલીકને જીવવાનો અધિકાર પણ નહોતો.

ઈસુએ એ જે દુનિયામાં પગ મૂકયો, તેમાં છોકરીઓને બહાર ફેંકી દેવાનો (દૂધ પીતી કરવાનો) રિવાજ તદ્દન સામાન્ય હતો. એટલે સુધી કે આવા રિવાજનો ન તો કોઈ વિરોધ કરતું ન તો તેનાથી કોઈનો અંતરાત્મા કકળતો. અંધારી રાત્રિમાં આવું બનતું. નવી જન્મેલી વીસેક જેટલી છોકરીઓને રોમના પ્રદેશમાં મરવા માટે મૂકી દેવામાં આવતી. સવારના પહોરમાં રસ્તા વાળનારાઓની એ નિયમિત ફરજ બની જતી કે એમના નગ્ન શબો ભેગા કરીને લઈ જવા. ઈજીપ્તના

રણપ્રદેશમાંથી એક પેપીરસ પર લખેલ પત્ર મળી આવ્યો છે. જેનો વારંવાર ઘણે ઠેકાણે ઉલ્લેખ કરવામાં આવે છે. આ સદીની શરૂઆતમાં તે મળેલો, અને એ તે જમાનાના લોકોનું વલણ છતું કરે છે. એક રોમન સૈનિક પરદેશ યુધ્ધમાં રોકાયેલો હતો અને તેની પત્ની ગર્ભવતી હતી, ત્યારે આ પત્ર લખાયેલો હતો. ઘણી બધી કૌટુંબિક બાબતોની સાથે બહુ જ સરળતાથી તે નવા આવનાર બાળક વિષે લખે છે. ''જો એ છોકરી હોય તો એને મરવા મૂકી આવજે અને જો તે છોકરો હોય તો તેને જીવવા દે જે,''

જો તે છોકરી હોય તો તેને બહાર મરવા મૂકી આવજે ! કોઈ નાટકીય, કટોકટીની પળમાં લીધેલો નિર્ણય નહિ, કોઈ વિશિષ્ટ સંજોગો નહિ ; સમાજ એને આઘાત પહોચાડનાર બાબત ગણે એવું પણ કશું જ નહિ ; ઠંડા કલેજે કરાયેલું વિધાન - જેમાં કોઈને સહેજ પણ આશ્ચર્ય ન હોય એવા કૃત્યનું વિધાન ! વળી આવી સ્થિતિમાં કોઈ પણ વ્યક્તિ સહજતાથી અને અનિવાર્યપણે આ જ રસ્તો લે.

બાઈબલ એક એવા માણસની વાત કરે છે કે જે આવા પ્રકારની દુનિયામાં પ્રવેશ્યો અને તેણે પોકારીને કહ્યું કે સ્ત્રીઓ, હા બધી સ્ત્રીઓ, ઈશ્વરની નજરમાં મહત્ત્વની છે અને આથી આ બધી સ્ત્રીઓની પુરુષોએ પણ અદબ જાળવવી.

ઈસુએ વચનમાં અને વર્તનમાં આ ધોરણો પ્રસ્થાપિત કર્યા. દાખલા તરીકે આપણે આગળ જોયું કે કૂવા ને થાળે તે એક સમરૂની સ્ત્રી સામે વાતચીતમાં ઊતર્યો અને તેની સાથે લાંબી વાતચીત કરી. હવે, કોઈ યહુદી ધર્મગુરુ તો કોઈ સ્ત્રી સાથે વાત કરે નહિ. ભલે તે પોતાના સગપણમાં હોય. તે બહાર ખુલ્લામાં તો તેની સાથે વાત કરે જ શાનો ? અને સમરૂની સ્ત્રી સાથે તો કોઈ કાળે નહિ ! યહૂદી ઘરોમાં સ્ત્રીઓનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું રહેતું, ગ્રીક લોકોમાં સ્ત્રીઓનો પોતાનો કોઈ અધિકાર નહોતો. રોમનો માટે, તેમનાં કાયદા મુજબ, સ્ત્રીઓ જીવનભર માત્ર બાળકની જેમ રહેતી. વળી

યહૂદીઓમાં, જો કે ઘરમાં સ્ત્રીઓ મોખરાનું સ્થાન ધરાવતી, તેમની ખૂબ્ અદબ જળવાતી, તો પણ તેમની ગણતરી માણસ તરીકે નહિ પણ રાચરચીલા તરીકે થતી. યહૂદીઓની એક પ્રાર્થનાના શબ્દો આવા છે. : "હે ઈશ્વર ! હું તારો આભાર માનું છું, કેમકે તેં મને વિધર્મી, કે ગુલામ કે સ્ત્રી નથી બનાવ્યો. "

ઈસુ, બાઈબલ આપણને કહે છે તેમ, આ બાબતમાં વિરોધી મત ધરાવતો. તેના આવ્યા પછી, નારીત્વનો ઉધ્ધાર શરૂ થયો અને નારી સ્વાતંત્ર્યની આ તો શુભ શરૂઆત હતી. તેનું ખરું કારણ અને ઉદ્ભવ તો આ ઈસુએ કહેલી વાતોને તેણે કરેલાં કાર્યોના મૂળમાં રહેલાં છે. આ દષ્ટિબિંદુ પરત્વે આપણે ગમે તે મત ધરાવતા હોઈએ તેમ છતાં, આ વિષયમાં બાઈબલને કેમ કરીને અસંગત ગણી શકીએ?

બીજાઓની દરકાર રાખવાની બાબત જેવો બીજો કયો મુદ્દો આજના જમાના માટે વધુ સુસંગત છે ? બીજું એવું કયું પુસ્તક છે, કે જેને આ મુદ્દા પર બાઈબલ કરતાં વધુ અગત્યની વાત કહેવાની હોય ? આ તો બાઈબલનું એક મુખ્ય વિષયવસ્તુ છે જેનો આપણે અગાઉ થોડો સ્પર્શ કર્યો છે. અને આ બાબતમાં ઈસુએ સ્પષ્ટ અને જોરદાર સાક્ષી આપી છે કે ઈશ્વર માણસોમાં રસ લે છે અને તે દરેકની કાળજી રાખે છે. માત્ર તેણે તેના શબ્દોથી જ આ વાતની શાહેદી આપી નથી. પરંતુ તેણે જે કાર્યો કર્યા અને તે જે હતો તે દ્વારા તેણે આ વાતની શાહેદી આપી છે. અને તેના સારુ બીજાઓને તેણે જે કરવાની છૂટ આપી તે દ્વારા પણ શાહેદી પૂરી. તો પછી, જો ઈશ્વરને દરેક વ્યક્તિમાં રસ છે ને દરેકની ચિંતા કરે છે, એ વ્યક્તિ પછી ગમે તે હોય, તો ઈશ્વર ભક્તોએ પણ બીજી બધી વ્યક્તિઓમાં રસ લેવો જોઈએ, તેમની ચિંતા રાખવી જોઈએ, ખરુંને?

આ વસ્તુ ઈસુએ વારંવાર કહી દેખાડી ; કદાચ, વિશેષતઃ ભલા સમરૂનીના દૃષ્ટાંતના રૂપમાં. ઈસુ દષ્ટાંતના રૂપમાં જે વાર્તાઓ કહેતો તે વાસ્તવિક જીવન વિષે હતી, એવા બનાવો વિષેની જે ખરેખર

બન્યા હોય અથવા બની શક્તા હોય. આ બનાવ પણ તેમાં કોઈ અપવાદ નહોતો.

યરૂશાલેમથી યરેખો જવાનો રસ્તો ચોર અને લુંટારાઓ માટે જાણીતો હતો. આ રસ્તા પરના મુસાફરો વીસેક માઈલમાં લગભગ ૩૬૦૦ ફુટ જેટલો ઢોળાવ ઊતરતા. આમ આ રસ્તો ખૂબ જ ઢોળાવવાળો અને વાંકાચૂકા માર્ગવાળો હતો. તેમાં અસંખ્ય વળાંક આવતા, સાંકડી કેડીઓ, અને કોતરો સંતાવાની જગ્યા પૂરી પાડતાં.સાચે જ તે ''લુંટારાઓનું સ્વર્ગ'' હતું અને અવારનવાર ''લોહીયાળ રસ્તા'' તરીકે એને મળેલ બિરુદ વ્યાજબી હતું. આજે પણ નવા સીધા રસ્તા પર ૧૦૦ કિલોમીટરની ઝડપે તમે કાર હંકારી જતા હો તો તરત તમને ખ્યાલ આવશે કે આવા પ્રદેશમાં ચોરડાકુઓ સહજતાથી મળી જાય.

આ છે દૃશ્યની જગ્યા. ઈસુએ આ રસ્તા પર પસાર થતા એકાંકી વટેમાર્ગુની વાત કરી છે. આ વટેમાર્ગુને ચોરોએ ઘેરી લીધો, લુંટી લીધો. કપડાંય કાઢી લીધાં ને પછી તેને મરણતોલ અવસ્થામાં રસ્તાની કોરે ફેંકી દીધો. એ હજુ ત્યાં પડેલો હતો ત્યારે ત્યાંથી વ્યાવસાયિક ધાર્મિક લોકોમાંનો મંદિરનો એક યાજક પુરોહિત, પસાર થતો હતો. પેલા જખમી માણસને તેણે જોયો. તેણે ન જોયો હોય એવું બને નહિ, પણ તેને પોતાને સારું લાગ્યું તેમ, કારણો તે જ જાણે, તે તો બીજી બાજુએ ચાલીને ત્યાંથી પસાર થઈ ગયો.

અને બીજા વળાંક પરથી તે દેખાતો બંધ થાય તેટલામાં તો વળી બીજો એક માણસ ; મંદિરમાં નિત્ય જનારો, લેવી, જે મંદિરના સેવાકાર્યમાં સહાયક હતો તે ત્યાંથી પસાર થયો. તેણે પણ, પેલા મંદિરના યાજકની જેમ, પોતે આ જખમી માણસને મદદ કરવા ક્યાં તો શક્તિમાન નથી અથવા તો તેને મદદ ન કરવી જોઈએ એમ તેણે પોતાના મનને મનાવી લીધું

આ બે માણસો પછી, વળી એક ત્રીજો મુસાફર આ યરૂશાલેમથી યરેખો જવાના માર્ગ પર જઈ રહ્યો હતો, અને તે બીજો કોઈ નહિ

પણ સમરૂની હતો. ઈસુ યહુદી હતો, તેના સાંભળનારામાં શ્રોતા પણ યહુદીઓ હતા, અને પરાપૂર્વથી યહુદીઓ અને સમરૂનીઓ વચ્ચે દુશ્મનાવટ હતી, અને તેથી એ સ્વાભાવિક હતું કે શ્રોતાઓ સમરૂનીના પ્રવેશ સાથે જ માની લે કે આ તો ખરો ખલનાયક આવ્યો. વાસ્તવમાં તો આવનાર સમરૂની વાર્તાનો નાયક નીકળ્યો.

પોતાની તકલીફો - ખોટો સમય ગુમાવવો પડે, લુંટારાઓના હુમલાનો ભય પણ આવી પડે (કારણ કે લુંટારૂઓ આ પ્રકારની રીત રસમો અજમાવતાં)-ની પરવા કર્યા વગર આ સમરૂની ત્યાં થોભ્યો અને રસ્તાની કોરે પડેલા જખમી માણસની પોતાથી બનતી સેવા સુશ્રુશા કરી. આટલું જાણે બસ ન હોય તેમ, તેને પોતાના ગધેડા પર બેસાડીને યરૂશાલેમ અને યરેખોના માર્ગની વચમાં આવેલી ધર્મશાળામાં તેને લઈ ગયો. અને ત્યાં તેની વધારે કાળજી લેવાય તેવો બંદોબસ્ત કર્યો. ત્યારે જે લોકો સાંભળતા હતા, અને આજે જે લોકો સાંભળે છે, તે સૌને ઈસુ કહે છે કે દૃષ્ટાંતમાંના સમરૂની જેવા વર્તાવની ઈશ્વર તમારી પાસે અપેક્ષા રાખે છે. બીજાઓની જરૂરીયાત એ પ્રથમ અગ્રતા માગતી બાબત છે. આપણે જરૂરીયાતમંદ લોકોને સહાયનો હાથ આપીએ ;સંજોગો ગમે તેવા હોય, કિંમત ગમે તે ચૂકવવી પડે, તોપણ તે જ આપણી ફરજ છે.

બાઈબલના કથન મુજબ ઈસુ વારંવાર આવી વાતો કરે છે. બીજે કયાંય ન કરી હોય તેટલી સ્પષ્ટતાથી અને દૂરાગ્રહથી તેણે જો આ વાત કરી હોય તો આપણે જેને ''ઘેટાં અને બકરાં'' નું દૃષ્ટાંત કહીએ છીએ, તે દૃષ્ટાંતમાં આપણને તેનું ઉદાહરણ મળે છે. અહીં તે કહેં છે, કે કોઈએ પોતાનું જીવન સારી રીતે વિતાવ્યું છે કે નહિ તેની કસોટી, તેનું ધોરણ તો તેણે કેટલા પ્રમાણમાં બીજાઓને મદદરૂપ થવાની તકનો ઉપયોગ કર્યો છે તેના પર અવલંબેં છે. જરૂરિયાતમંદ લોકો તરફનો તમારો વર્તાવ નિર્ણાયક બાબત છે. જ્યારે તમે કોઈને મદદ આપો છો અથવા મદદ આપવાનું ટાળો છો, ત્યારે તમે મને

તે મદદ આપો છો અથવા મારાથી તે મદદ પાછી રાખો છો. ''મારા સૌથી નાના ભાઈઓમાંના એકને તમે જે કર્યું, તે તમે મને કર્યું'' આવું જે શિક્ષણ બાઇબલમાં ઈસુ ખ્રિસ્તને આરોપવામાં આવ્યું છે, તે આજના 'ખ્રિસ્તી સહાય ફંડ' જેવા ઘણા કાર્યક્રમો પાછળનું પ્રેરણાત્મક અને વિધાયક બળ છે. હું એવું માની શકું નહિ કે કોઈ એવું સૂચવશે કે આજના જમાના માટે આ બાબતો ખૂબ જ સુસંગત સિવાય બીજું કશું છે. તો પછી આ બાબતોની પ્રેરણા આપનાર અને હજુ એને ઉત્તેજન આપે છે એવા બાઇબલને અસંગત કહી શકાય ?

વ્યક્તિગત સંબંધો એ હમેંશને માટે સંગત બાબત રહી છે. કારણ કે વ્યકિતગત સંબંધો છેવટે તો માનવજીવન માટે પાયાના છે. આ ક્ષેત્રમાં પણ બાઇબલને ઘણું કહેવાનું છે અને એમાંની કેટલીક બાબતો તો એવી છે જ કે જે આજના સામાજિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંબંધો માટે મહત્ત્વની છે.

દાખલા તરીકે, એક સમયે બાઇબલ ઈસુને એમ કહેતા ટાંકે છે કે, ''તમે એવું કહેલું સાંભળ્યું હશે કે તમે તમારા પાડોશીને ચાહો અને શત્રુઓને ધિક્કારો. પણ હું તમને કહું છું કે, ''તમારા શત્રુઓ પર પ્રેમ રાખો.'' (માત્થી ૪૩ : ૪૪ ) અગાઉનું ધોરણ તો ભૂંડાઇને બદલે ભૂંડાઈ પાછી વાળવાનું હતું અને તે પણ શક્ય હોય તો વ્યાજસહિત; ઈસુએ કહ્યું કે તેની ઈચ્છા એવી હતી કે તેના અનુયાયીઓ પ્રેમનુ આચરણ કરે. હાલ જેઓ તેમને હાનિ પહોંચાડે તેમને પણ તેઓ પ્રેમથી નવાજે.

અમુક વખતે તેણે આ બાબત ખૂબ જ વિસ્તારપૂર્વક કહી. એક વખતે તેણે કહ્યું,''જે ભૂંડો (નઠારો ) છે તેનો સામનો ન કરો, પરંતુ જો કોઈ તમારા ડાબા ગાલે તમાચો મારે તો તમે બીજો ગાલ પણ ધરો; અને જો કોઈ તમારા પર દાવો માંડીને તમારું પહેરણ લઈ લે તો તમે તેને અંગરખો પણ આપો; જો કોઈ તમને બળપૂર્વક એક માઈલ સુધી સાથે લઈ જાય તો તમે તેની સાથે બે માઈલ

દૂર સુધી જાઓ.'' (માત્થી ૫ : ૩૯ - ૪૨)

ઈસુ પોતાના અનુયાયીઓને જે નવાં ધોરણો પાળવાનો આગ્રહ કરે છે, તેના ઉપર આપેલાં ત્રણ જ્વલંત ઉદાહરણો છે.જો કોઈને હાનિ પહોંચાડવામાં આવી હોય અથવા અન્યાય થયો હોય તો તેમાં કોઈ કડવાશ અથવા બદલો લેવાની ભાવના હોવાં ન જોઈએ. એક અર્થમાં આ ઉદાહરણોને આપણે જૂનાં ગણાવી શકીએ, પણ એક જ અર્થમાં. આમ છતાં આ શબ્દો સૌ પ્રથમ ઉચ્ચારાયા ત્યારે એમના પ્રભાવથી એ જેટલા તાજાં (આધુનિક) લાગતાં તેટલાં જ આજે પણ તાજાં છે. ''જો કોઈ તમારા જમણા ગાલ પર તમાચો મારે તો બીજો ગાલ પણ ધરો,'' અહીં જમણો ગાલ ખરેખર સૂચક છે. મોટા ભાગનાની જેમ તમે જમણેરી હો; બીજા માણસની સામે ઊભા હો, અને તમારા ખુલ્લા હાથથી તેને જમણા ગાલે તમાચો મારવા માંગો, તો તમે હથેલીને બદલે ઊંધા હાથથી જ તેને સરળતાથી મારી શકો. યહૂદી ધર્મના રાબ્બીઓના કાયદા પ્રમાણે, ઊંધા હાથથી મારેલો ફટકો સૌથી વધુ અપમાનકારક બાબત ગણાતી. ઈસુ, આથી કહે છે કે, તમારું સૌથી મોટું અપમાન કરવામાં આવે, તો પણ તમારે શક્ય તેટલી નરમાશથી સહન કરી લેવું અને તેનો બદલો વાળી આપવો નહિ.

આ દિવસોમાં અથવા આપણા પોતાના યુગમાં ઈરાદાપૂર્વક તમાચો મારવાના કે તમાચાનો માર ખાવાની પરિસ્થિતિમાં મૂકાવું ન પણ પડે. આ મુદ્દા અનુસાર આજના જમાના માટે બાઈબલ જૂનવાણી અને કદાચ અસંગત પણ લાગે. પરંતુ અપમાનજનક સંજોગો હજુ જૂનવાણી થયાં નથી અને તેથી અહીં જે કહેવામાં આવ્યું છે તે આજના માટે પણ એટલું જ પર્યાપ્ત છે.

બીજા બે ઉદાહરણોમાં પણ આવી જ વાત છે. ''જો કોઈ દાવો કરીને તારું પહેરણ લઈ લે, તો તેને તારો અંગરખો પણ લેવા દે '' ઘણા સમયથી આવી પરિસ્થિતિ જૂનવાણી થઈ ગઈ છે. પણ

આ ઉદાહરણની આંતરિક વાત આજના જમાનાને લાગુ પડે છે. માણસનું પહેરણ તો એક લાંબુ ઢીલું અંદર પહેરવાનું ખમીસ હતું. દરેકની પાસે આવાં બે પહેરણ રહેતા. પછી તે ગમે તેવો ગરીબ હોય, કે જેથી તેમાંનુ એક ખોવાય જાય તો બીજું તો બાકી રહે.યહુદી કાયદો એવું કહેતો કે માણસના પહેરણ માટે તેના પર દાવો કરી શકાય.

પણ કાયદો એવું પણ કહેતો કે માણસ પર તેના અંગરખા (cloak) માટે દાવો કરી શકાય નહિ. આ તો તેનો બહાર પહેરવાનો લાંબો ઝભ્ભો હતો, કે જે દિવસે ઝભ્ભા તરીકે અને રાત્રે કામળ તરીકે વપરાતો. સામાન્ય માણસ પાસે આવો એક જ ઝભ્ભો રહેતો અને કાયદો તેને આ ઝભ્ભો રાખવાનો અધિકાર આપતો. માણસનાં દેવાં અને જવાબદારીઓ ગમે તેટલી હોય તો પણ આ ઝભ્ભો રાખવાનો તેને અધિકાર હતો.

પરંતુ ઈસુ કહે છે કે, જો તેના કોઈ અનુયાયી સામે પહેરણ માટે દાવો કરવામાં આવ્યો હોય, તો તેણે પોતાનો ઝભ્ભો પણ દાવેદારને આપવાની તૈયારી રાખવી.

અહીં ઈસુ જે ખાસ કહેવા માગે છે તે તો એ છે, કે તેના અનુયાયીઓએ તેમના અધિકારનો બહુ વિચાર કરવો નહિ. તેમણે તો પોતાની જવાબદારીઓ અને બીજાઓની જરૂરિયાતોને વધારે પ્રાધાન્ય આપવું.

આપણી આધુનિક જીવનશૈલીમાં પહેરણ અને ઝભ્ભાને કોઈ સ્થાન નથી. પરંતુ વધારે અગત્યની બાબતો જવા દઈને પણ પોતાના અધિકારને ચીટકી રહેવાનું પરીક્ષણ આજે પણ માણસમાં જેવું ને તેવું જ રહ્યું છે. બાઈબલ જ્યારે કહે છે અને અહી ખરેખર બાઈબલના કહેવાનો મતલબ એવો જ છે, કે અધિકારો કરતાં માણસો વધારે અગત્યનાં છે, અને વ્યક્તિગત અધિકારો કરતાં વ્યક્તિગત સંબંધો મહત્ત્વના છે. ત્યારે કદાચ તમે એવું તારણ કાઢી શકો કે આ સલાહ તમારા માટે નથી, પરંતુ તે જૂનવાણી છે એવો આરોપ તેના પર

મૂકી ન શકો.

"જો કોઈ તમને બળપૂર્વક એક માઈલ લઈ જાય, તો તમે તેની સાથે બે માઈલ દૂર જેટલે જાઓ" પ્રથમ જે ભૂમિ પર ઈસુના આ વચનો ઉચ્ચારાયાં તે વિદેશી સત્તાને કબજે હતી. રોમનો પાલેસ્ટાઈન જીતીને તેના પર સત્તા ચલાવતા.

આ કબજા હેઠળનો એક કાયદો એવો હતો કે કોઈપણ રોમન સૈનિક કોઈ પણ પાલેસ્ટાઈનવાસીને સામાન ઊંચકનાર તરીકે પોતાની સેવામાં એક માઈલ સુધી જવાની ફરજ પાડી શકતો. રોમન સૈનિક કોઈ નાગરિકના ખભા પર પોતાના ભાલાનો ચપટો ભાગ અડકાડીને પોતાની ઈચ્છા જણાવતો, એટલે આ કાર્ય સિધ્ધ થતું અને નાગરિક તેનો ઈન્કાર કરી શકતો નહિ. જેમકે સીરીનીના સિમોનને આ રીતે ઈસુનો વધસ્તંભ ગોલગથ્થા સુધી ઊંચકી જવાની ફરજ સોંપવામાં આવી તે આનું ઉદાહરણ છે.

ઈસુ પોતાના અનુયાયીઓને કહે છે, જો તમને આવો અનુભવ થાય, તમને જેની ફરજ પાડવામાં આવે તે કાર્ય તો તમે કરો જ, પણ તે ઉપરાંત તમારી સ્વેચ્છાએ બમણું કામ કરી આપો.

આજના જગતમાં કબજેદાર સત્તાના સૈનિકનો નાગરિકને સામાન ઊંચકવાની ફરજ પાડવાનો અધિકાર બિલકુલ અસંભવિત બાબત છે. કદાચ ફરી એવો વખત નહિ આવે. પણ આ એકદમ સ્પષ્ટ અલંકારિક રીતે ઈસુએ જે સિધ્ધાંત વર્ણવ્યો, તે આજે જાણે તેટલો જ મહત્ત્વનો છે જેટલો તે જમાનામાં હતો. કારણ કે ઈસુ એમ કહેવા માંગે છે કે ફરજના ક્ષેત્રમાં તેના અનુયાયીએ ઘડિયાળ જોનારા નહિ પરંતુ બીજાને મદદ કરવા તેમની ફરજ ઉપરાંત કાંઈક વિશેષ કરનારાં હોવાં જોઈએ.

આપણી વીસમી સદીની દુનિયામાં ટોચનું સ્થાન ધરાવતી હોય તેવી બીજી વિષયવસ્તુઓની બાઈબલમાં અછત નથી. દા.ત. "સ્વતંત્રતા" જે આજે અસંખ્ય લોકોનો ખાસ કરીને જુવાનોનો નારો

છે. બાઈબલ ઘોષિત કરે છે, કે સાચી સ્વતંત્રતાનો માર્ગ તેનામાં આપવામાં આવ્યો છે. તે ખાત્રીથી જણાવે છે કે ''સાચી સ્વતંત્રતા'' તે સત્તા તથા નિયંત્રણોમાંથી મુક્તિ સમાન નથી. એ તો સ્વતંત્રતા નહિ, પણ પરવાનો છે અને આવો પરવાનો ખરેખર તો કનિષ્ટ પ્રકારની ગુલામી છે. બાઈબલ કહે છે કે તે પોતે સ્વતંત્રતાની ચાવી ધરાવે છે. એટલે કે તમારે જે કરવું છે તે નહિ પણ તમારે જે કરવું જોઈએ તે કરવાની સ્વંતત્રતા અને વાસ્તવમાં ઈસુ ખ્રિસ્તની સેવામાં જણાતી ગુલામીનો સ્વીકાર કરવામાં આ સ્વતંત્રતા રહેલી છે.

**''પ્રભુ બનાવો મને કેદી,**
**ત્યારે ખચિત થશે, મુક્તિ મારી.''**

પ્રેમ, જાતીય સંબંધ અને લગ્ન વિષયક બાબતોની પણ બાઈબલ ઝીણવટથી છણાવટ કરે છે. આપણાંમાંનો દરેક આજે, બાઈબલમાં નિર્દેશેલ દૃષ્ટિબિંદુ સાથે સંમત ન થાય એવું બને ; લગ્ન અતિરિક્ત સંબંધોમાં પવિત્રતા ; લગ્ન સંસ્થામાં પણ પવિત્ર સંબંધો ; પરંતુ આ બાબતો વિષે આપણે કોઈ ચોક્કસ ન્યાયી અભિગમ પર આવીએ અથવા કોઈ યોગ્ય નિર્ણય બાંધવા માગીએ તો ત્યાર પહેલાં આ સંબંધમાં બાઈબલને શું કહેવાનું છે તે પણ આપણે જોઈવિચારી લેવું પડે.

એવી બીજી ઘણી બાબતો છે કે જેમાં બાઈબલે આધુનિક નીતિશાસ્ત્ર અને સામાજિક પ્રશ્નો અંગે સ્પષ્ટ મંતવ્યો દર્શાવ્યાં છે. હા, ખરેખર તો આપણે એમ પણ વિવાદ કરી શકીએ કે આજનો નીતિવિષયક અથવા સામાજિક એવો એક પણ પ્રશ્ન નહિ હોય, કે જેના વિષે બાઈબલને કંઈ પણ કહેવાનું ન હોય.

વાસ્તવમાં મનુષ્યજીવનને લગતી બાબતોમાં બાઈબલ ખૂબ જ ઝીણવટથી અને વિસ્તારપૂર્વક છણાવટ કરે છે. વ્યક્તિગત વર્તન, સામાજિક બાબતો, સામૂહિક સંબંધો અને આંતરરાષ્ટ્રીય બાબતો ; બાઈબલ આ બાબતો વિષે જે કહે છે તેની સાથે આપણે કદાચ સંમત

ન થઈએ; તેની તારવણીઓ અને અસરોનો અસ્વીકાર કરવાનું આપણે પસંદ કરીએ. પરંતુ માનવીય વર્તણૂંકના ક્ષેત્રમાં ભાગ્યે જ કોઈ એવી બાબત હશે જેમાં બાઈબલને જે કહેવાનું છે એનો લાંબા વર્ષોથી માણસોએ બાઈબલના વચનોનો ઉપયોગ કરીને જે સિધ્ધ કર્યું છે તેને પ્રથમ ધ્યાનમાં લીધા વિના કદાચ આપણે આ બાબતોમાં કોઈપણ બચાવયુક્ત - નિર્ણયાત્મક મંઝિલે પહોંચી શકીશું નહિ.

બાઈબલના શબ્દો તથા શબ્દસમૂહોનો (કીંગ જેઈમ્સની અધિકૃત આવૃત્તિ -આપણું હાલનું ગુજરાતી બાઈબલ) જે રીતે લોકોની રોજની ભાષામાં ઉપયોગ થતો આવ્યો છે, તે પૂરવાર કરે છે કે ભૂતકાળમાં બાઈબલ લોકબોલી પર અસર કરનાર મહત્ત્વનું પુસ્તક હતું. સાથે જ એ વાત પણ વિશેષ રીતે ફલિત થાય છે કે કોઈ મુદ્દા અંગે આપણે નિર્ણય પર આવીએ અથવા એનું મૂલ્યાંકન કરીએ તે પહેલાં બાઈબલનું દૃષ્ટિબિંદુ ધ્યાનમાં લીધું ન હોય તો તે નિર્ણય અથવા મૂલ્યાંકનને સંપૂર્ણપણે ન્યાયી કે, યોગ્ય કહી શકાય નહિ.

શું આજે બાઈબલ કોઈ સંગતતા-ઉપયોગીતા ધરાવે છે ? આપણી સામે આ પ્રશ્ન પડેલો છે.ઘણા લોકો માને છે કે જીવન જીવવાના વ્યવસાયમાં અવકાશ શોધખોળ ખરેખર કંઈ ઉપયોગી નથી. છતાં અવકાશ યાત્રા તેમના માટે અમુક અંશે સમજી શકાય તેવી બાબત છે અને માણસે અવકાશમાં મુસાફરી કરી છે તે તેઓ જાણે છે. તેમાં તેમને શંકા કરવા જેવું જણાતું નથી. એટલું જ નહિ તેમની પ્રસંશા અને વિસ્મય પણ તેઓ છુપાવતા નથી. તેમ છતાં રોજના સામાન્ય જીવનમાં તેનું કાંઈ કામ હોય એ વાત તેઓ સ્વીકારવા તૈયાર નથી. સામાન્ય રીતે બાઈબલ પ્રત્યે અને ખાસ કરીને નાઝરેથના ઈસુ વિષે બાઈબલને જે સંદેશો આપવાનો છે તેમાં પણ લોકો આવું જ વલણ ધરાવે છે. તેઓ માને છે કે તેમના રોજિંદા જીવન વ્યવહારમાં મહત્ત્વનું હોય એવું કશું બાઈબલે કહેવાનું નથી.

મોટા ભાગના લોકો તેમના જીવનમાંથી મહત્તમ અને ઈષ્ટની

પ્રાપ્તિ મેળવવા માગતા હોય છે. અને બાઈબલ એવો દાવો કરે છે કે આવી પ્રાપ્તિ કેવી રીતે કરવી તેનું રહસ્ય તેની પાસે છે. આથી આપણે જો ઈચ્છીએ તો તેને બાજુ પર હડસેલી દઈ શકીએ. પરંતુ તેને અસંગત કે બીનજરૂરી ગણાવીને એ કારણસર તો આપણે તેને બાજુ પર હડસેલી દઇ શકીએ જ નહિ.

## ૮. કૂંચી (ચાવી) નો ઉપયોગ કરવો

આપણે જોયું તેમ, સુવાર્તાઓમાં ઈસુનું જે શબ્દચિત્ર ઊપસાવવામાં આવ્યું છે તે એક ધોરણ - એક માપદંડ છે કે જેના દ્વારા બીજા ધર્મલેખોનું મૂલ્યાંકન કરવું જોઈએ ; વળી તેમાં રહેલા આવશ્યક સત્યનું દ્વાર ખોલવાની તે કૂંચી પણ છે.

અહીં એક દેખીતી મુશ્કેલી સર્જાતી દેખાય છે અને એક ખૂબ જ ધારદાર પ્રશ્ન પૂછવામાં આવે, આ પ્રશ્ન આવો હોઈ શકે. "જો આપણે આપણા પવિત્રશાસ્ત્રનું મૂલ્યાંકન તેમાં મળતા ઈસુના ચિત્રના સંદર્ભમાં કરવાનું હોય, તો વિજ્ઞાનના ક્ષેત્રમાં આવતી બાઈબલના સંદર્ભની બાબતોની ચોક્કસતા કે અચોક્કસતાનું મૂલ્યાંકન કેવી રીતે કરી શકાય ? દાખલા તરીકે ઉત્પત્તિના પુસ્તકમાંથી સૃષ્ટિના સર્જનની વાત વૈજ્ઞાનિક દૃષ્ટિએ સાચી છે કે નહિ તે નક્કી કરવામાં આ પરીક્ષણ કઈ રીતે મદદરૂપ થઈ શકે?

આનો સીધો જવાબ એ છે કે આનાથી બાઈબલના કોઈપણ વિધાનની વૈજ્ઞાનિક સત્યતા આપણે ચકાસી શકીએ નહિ. અને ઉદાહરણ તરીકે, ઉત્પત્તિની વાત વૈજ્ઞાનિક દૃષ્ટિએ સાચી છે કે નહિ તે નક્કી કરવામાં એ મદદરૂપ નથી. પણ આવો સાદોસીધો જવાબ પૂરતો નથી. મારે કાંઈક વિશેષ કહેવું જોઈએ.

બાઈબલ એ પ્રથમ અને મહદ્ અંશે એક ધર્મનું પુસ્તક છે, એ વાત મનમાં રાખવી તે ખૂબ જ મહત્વની બાબત છે. મૂળભૂત રીતે એ ઈશ્વર વિષે તેની પ્રકૃતિ, તેના માર્ગો, તેની ઈચ્છા અને તેના હેતુઓની વાત કરે છે. પરંતુ તે ઈસુની વાત પર આવે ત્યાર પહેલાં તે ઘણીવાર લડખડાતી, અચોક્કસ અને વળી અમુક સમયે તો ભૂલભરેલી ભાષામાં વાત કરે છે. આ જ કારણસર આપણે ઈસુમાં આપણને મળેલા ઈશ્વરના સ્પષ્ટ ચિત્રને લઈને તેના પ્રકાશમાં આખા

બાઈબલને જોવું જોઈએ કે જેથી તેને જે કહેવાનું છે તે આપણે શોધી કાઢીએ.

આ કદાચ એકદમ સરળ લાગે છે. પરંતુ જુદા જુદા લેખકોએ તેમના લખાણ માટે વાપરેલી નોંધો- દસ્તાવેજો ખરેખર તેઓ આવા દસ્તાવેજો-નોંધોનો ઉપયોગ નિવારી ન શકે-વ્યાખ્યાઓ અને બીજી વિષયવસ્તુઓ જે ચોક્કસ રીતે ધર્મવિષયક ન હોય, પણ વિજ્ઞાન કે ભૂગોળ સંબંધિત શબ્દો કે વ્યાખ્યાઓ હોય; જેમકે, જ્યારે ઉત્પત્તિના પુસ્તકના શરૂઆતના અધ્યાયો ઈશ્વર સર્વ વસ્તુઓનો સર્જનહાર છે તેવી ઘોષણા કરે છે, ત્યારે તેઓ આ ધાર્મિક વિષયવસ્તુ ધરાવતા સંદેશાને ભૂસ્તરવિદ્યાની લાક્ષણિકતાના માળખામાં મૂકે છે અને માત્ર દેવે સર્જ્યું એમ કહેવાને બદલે અમુક અમુક રીતે અને અમુક અમુક ક્રમમાં દેવે સર્જન કર્યું એમ પણ કહે છે.

જ્યારે આપણી કસોટી આ બાબતને લાગુ પાડીએ ત્યારે આપણે એ જોઈ શકીએ છીએ કે સુવાર્તામાંનું ઈસુ ખ્રિસ્તનું ચિત્ર ઉત્પત્તિ ૧ અને ૨ માં ઈશ્વર સર્જનહાર છે એવા સંદેશાને સમર્થન આપતું જણાય છે. આપણા ધર્મ માટે આજ શુધ્ધ સંદેશો છે. અને આ વચનો પણ આ જ બાબત કહેવા સાથે સંબંધ ધરાવે છે. આ સંદેશો ક્યા વસ્ત્રોમાં છૂપાયેલો છે ? સર્જનની પધ્ધતિના સંદર્ભમાં આ સંદેશો ક્યા લખાણમાં રહેલો છે ? આ પધ્ધતિ સાચી છે કે નહિ તે નક્કી કરવામાં આપણી કસોટી આપણને કશી મદદ કરતી નથી. અને હકીકત તો એ છે કે આ પ્રશ્ન સાથે તેને કોઈ નિસ્બત નથી. આ તો ધાર્મિક સંદેશાને સમર્થન આપે છે. અને લખાણની ભૂસ્તરવિદ્યાની વિગતોને ખરાપણાની ચકાસણી સાથે એને કંઈ લાગતું વળગતું નથી.

ધાર્મિક દૃષ્ટિબિંદુ અનુસાર સર્જનની પ્રક્રિયા ઉત્પત્તિમાં ઉદ્ભવેલા શબ્દસહ અર્થઘટન અનુસાર બની કે નહિ તે પ્રશ્ન અહીં અસંગત છે. બાઈબલના ઉદ્દેશને લાગેવળગે છે ત્યાં સુધી વૈજ્ઞાનિક પરિભાષામાં અને અન્ય રીતે કહેવાયેલ શેષ સર્વે આડવાત અને ગૌણ છે. કદાચ

પોતાની રીતે તેની અગત્યતા ઘણી હોય, પરંતુ બાઈબલનું વિષયવસ્તુ તો ઈશ્વર છે અને **ઈશ્વર વિષેના જ્ઞાન** માટે તેનો અભ્યાસ કરવો જોઈએ.

આ અભ્યાસમાં ઈસુ ખ્રિસ્તમાં ઈશ્વરનું જે જ્ઞાન આપણને આપવામાં આવ્યું છે. તેની સાથે આપણે બાઈબલના વિવિધ ભાગોની ચકાસણી કરવી જોઈએ. પરંતુ ધાર્મિક શિક્ષણની સાથે આવતી બીજી બીનધાર્મિક બાબતોનું ઈસુના સંદર્ભમાં મૂલ્યાંકન કરી શકાય નહિ. તેમનું મૂલ્યાંકન જે તે ક્ષેત્રમાંના તેમના વર્તમાન ઉપલબ્ધ જ્ઞાનના સંદર્ભમાં જ કરવું જોઈએ, એનો એવો અર્થ થાય. ઉદાહરણ તરીકે સર્જનની પ્રક્રિયાના ક્રમની સત્યતાની ચકાસણી ભૂસ્તરવિદ્યાના તજજ્ઞોનો અને ભૂસ્તરવિદ્યાના સંશોધનનો વિષય છે. ઈસુમાંનું ઈશ્વરનું પ્રકટીકરણ એટલું જ દર્શાવે છે, કે તે સારા યે વિશ્વનુ સર્જન કરવા શક્તિમાન હતો પરંતુ તે તેણે કેવી રીતે કર્યું તે આ પ્રકટીકરણ દર્શાવતું નથી. ઉત્પત્તિની રીત તરફ તે અંગુલીનિર્દેશ કરતું નથી. બાઈબલ ધર્મનું પાઠયપુસ્તક છે અને વિજ્ઞાનનું પાઠ્યપુસ્તક હોવાનો તેનો દાવો નથી.

આ મુદ્દો મને દૃષ્ટાંતથી સમજાવવા દો. ધારો કે આગલી પેઢીના બોધકનો સંદેશો આપણને વાંચી સંભળાવવામાં આવે છે, અને ધારો કે તે વૈજ્ઞાનિક ધારણાઓ પર આધારિત સંખ્યાબંધ ઉદાહરણોનો ઉપયોગ કરે છે, જે આધુનિક જ્ઞાન વડે ખોટાં પુરવાર થયાં છે. આ સંદેશાની સત્યતા વિષે આપણો અભિપ્રાય પૂછવામાં આવે તો તેમાં રહેલી વૈજ્ઞાનિક બાબતોના બૂમબરાડાને લક્ષમાં લીધા વિના, ઈસુ ખ્રિસ્ત વિષેના અને તેમાં પ્રગટ કરાયેલા સત્ય વિષેના આપણા જ્ઞાન સાથે તેની સુસંગતતાને આધારે આપણે અભિપ્રાય આપીશું. આપણે એમ નહિ કહીએ કે ''બોધકે વૈજ્ઞાનિક અસત્યો ઉચ્ચાર્યા છે તેથી તેણે કહેલું બધું માનવા લાયક નથી.'' બીજી બાજુ આપણે એમ પણ ન કહી શકીએ કે,''આ બોધક ઈસુ ખ્રિસ્ત વિષે સત્ય ઉચ્ચારે છે તેથી, જો કે આધુનિક જ્ઞાનને આ બાબતમાં કંઈ વિરોધી વાત કહેવાની

હોય તો પણ, તેણે કહેલું બીજુ બધું પણ સાચું છે.'' અર્થાત્, જો આપણે શાણા હોઈએ તો આવું બોધભાષણ સર્વાંશે સાચું જ હોવું જોઈએ અથવા સર્વાંશે ખોટું જ હોવું જોઈએ એવું આપણે ધારી લઈશું નહિ. આ દૃષ્ટાંત મને થોડું વિગતે સમજાવવા દો. ધારો કે આ બોધભાષણમાં એક આવી વસ્તુ કહેવામાં આવી છે. ''ખ્રિસ્તનો પ્રેમ એટલો બધો મજબુત છે કે કશું તેને તોડી શકે નહિ. જેમ અણુનું વિભાજન થઈ શકે નહિ, તેમજ ખ્રિસ્તના પ્રેમને પણ ત્યાગી શકાય નહિ.'' હવે આધુનિક વિજ્ઞાને બતાવ્યું છે કે અણુનું વિભાજન થઈ શકે છે. તો શું આપણે એમ કહીશું કે ''અહીં વિજ્ઞાનની ભૂલ છે તેથી આ આખું વિધાન ભૂલભરેલું છે. તેથી ખ્રિસ્તના પ્રેમને જેટલો મજબુત દર્શાવવામાં આવ્યો છે તેટલો મજબુત તે નથી.'' અથવા શું આપણે એમ કહીશું. '' અહીં ધર્મવિષયક સત્ય છે તેથી આખું વિધાન સાચું હોવું જોઈએ અને અણુના વિભાજનની બાબતમાં આધુનિક વિજ્ઞાનની ભૂલ હોવી જોઈએ ?'' આપણે આ બન્નેમાંનું કશું કહીશું નહિ. આપણે અહીં જોઈ શકીએ છીએ કે બોધક એક ધર્મવિષયક સત્ય વિષે કહી રહ્યા છે, અને તેના સિવાય તે બીજું કશું કહેવા માગતા નથી અને વિજ્ઞાનવિષયક સંદર્ભ માત્ર સંજોગવશાત્ અને ગૌણ છે. આ કારણથી ધર્મવિષયક સંદેશાની ખરાખરી, આપણે ઈસુ વિષેના આપણા જ્ઞાનના સંદર્ભમાં ચકાસીશું. વળી વિજ્ઞાનવિષયક ધારણાની ખરાખરી આધુનિક સ્વીકારેલ જ્ઞાનના પ્રકાશમાં તપાસીશું, અને કહીશું, ''બોધક જે કહે છે તે સંપૂર્ણ સાચું છે માત્ર તેણે કરેલી સરખામણી હવે અનુચિત બની ગઈ છે. ''

વધુ ઉદાહરણ, દૃષ્ટાંત માટે આપણે ઉત્પત્તિની સર્જનની વાત પર આવીએ. ટૂંકાણમાં, ઉત્પત્તિનના વૃત્તાંત અનુસાર ઈશ્વરે એક પછી એક ઝડપી તબક્કાઓમાં વિશ્વનું સર્જન કર્યું. આથી જો વિજ્ઞાન શંકારહિત સાબિતીઓથી પૂરવાર કરે કે વિશ્વનું આ રીતે સર્જન થયું જ નહોતું, તો પણ આ વૃત્તાંતમાં જે ધર્મવિષયક સંદેશો ઘોષિત કરવામાં

આવ્યો છે કે "ઈશ્વરે ઉત્પન્ન કર્યું" તેમાં આથી કશો તફાવત પડશે નહિ. જ્યારે આપણે આ ધર્મવિષયક સંદેશાને ઈસુમાં થયેલા પ્રકટીકરણના એરણ પર ચઢાવીએ છીએ ત્યારે આપણને આ સંદેશાનું સમર્થન થતું દેખાય છે; એટલું જ નહિ પરંતુ એ સંદેશો આપણને સમૃધ્ધ થયેલો પણ જણાશે. જે વિજ્ઞાનવિષયક પાત્ર (Myth લોકવાયકા) દ્વારા તે પિરસવામાં આવ્યો તેનાથી તે અલગ-સ્વતંત્ર છે.

અહીં એક નવો મુદ્દો ઉપસ્થિત થાય છે. જૂના કરારમાં સમાવાયેલી બાબતો અને ઘટનાઓને જૂના કરારના સંદર્ભમાં સામાન્યપણે સત્ય હકીકતો તરીકે ખૂબ મહત્ત્વનું સ્થાન આપવામાં આવે છે. જૂના કરારનું ઐતિહાસિક મૂલ્ય ખૂબ ઊંચું છે એ સાચી વાત છે. પરંતુ આપણી ધારણા અથવા કલ્પના કરતાં આ મૂલ્ય ઘણીવાર ઓછું હોય છે. જૂનો કરાર ઈશ્વરે ઈતિહાસમાં પોતે આપેલાં સ્વયં પ્રકટીકરણના સંદર્ભમાં મનુષ્ય દ્વારા ગ્રહણ કરાયેલા પ્રકટીકરણની સમજણનું આલેખન કરે છે. આ પ્રકટીકરણ વિષેની એની સાક્ષી એમાં વર્ણવેલી ઘટનાઓથી સ્વતંત્ર છે. નવા કરારમાં પ્રવેશ કરતાં આ પરિસ્થિતિ સમૂળી પલટાઈ જાય છે. સુવાર્તાઓમાં આ પ્રકટીકરણનું હૂબહૂ વર્ણન આપણને મળે છે. પરિણામે, સંકળાયેલ બનાવો અને ઘટનાઓ અત્યંત અગત્યનાં બની જાય છે. કારણ કે અહીં આપણને ઈશ્વરે જાતે માનવીય દેહ ધારણ કર્યાની વાત મળે છે. અત્યાર સુધીની ઈશ્વરે માણસો અને બનાવો દ્વારા બોલ્યાની વાત હવે પૂરી થાય છે અને હવે તો ઈશ્વર જાતે જ માણસ બનીને પોતે સીધેસીધા વ્યક્તિગત રીતે બનાવો સાથે સંકળાયેલા છે તેની વાત આવે છે. આથી, સુર્વાતાઓ બાઈબલનો સૌથી વધુ અગત્યનો ભાગ છે. જૂનો કરાર તો ખ્રિસ્તના આવવાની તૈયારીની વાત છે અને નવા કરારનો શેષ ભાગ તેના (ઈસુના) અર્થઘટનનો ભાગ છે.

છેલ્લું વાક્ય બાઈબલની અનેકવિધતા છતાં તેની ખરી એકરૂપતા દર્શાવે છે, તે એક સપાટભૂમિ નહિ પરંતુ ઈશ્વર વિષેનું સત્ય ધરાવતું

પર્વતાળ ભૂમિ જેવું સાહિત્ય છે. તેના કેટલાક ભાગો અન્ય ભાગો કરતાં સ્વર્ગની વધુ નજીક છે. સુવાર્તાઓ સર્વ શેષભાગોને ઊંચાઈમાં આંબી જાય છે અને તે એટલી બધી ઊંચાઈ ઉપર છે, કે તેની ઉપરથી સામાન્ય અજ્ઞાન માણસો પણ પવિત્રશાસ્ત્રના શેષ ભાગ તરફ નીચે જોઈ શકે છે અને કયો ભાગ ઈશ્વરની કેટલો નજીક છે અથવા ઈશ્વરથી કેટલો દૂર છે તેની સમીક્ષા કરી શકે છે. જ્યારે આપણે સુવાર્તાઓની હિમાલયન ટોચ પરથી પવિત્રશાસનના શેષ પુસ્તકો તરફ જોઈએ છીએ, ત્યારે તેમાં આપણને વિકાસ અને પ્રગતિની ચોક્કસ દિશા અને સ્વરૂપ જોવા મળે છે. જૂના કરારનાં સૌથી પ્રથમ આવતાં પુસ્તકો (લખાણો) જાણે કે તળેટીમાં આવેલાં જણાય છે અને ત્યાર પછીનાં પુસ્તકો, વિશાળ દૃષ્ટિએ જોતાં જાણે કે ઊંચા અને વધુ ઊંચા શિખરો પર આવેલા જણાય છે. બીજા શબ્દોમાં અહીં તહીં દરેક પેઢીએ, અહીં તહીં થોડા નીચાણો સાથે, તેની આગલી પેઢી કરતાં ઈશ્વર પોતાનું જે પ્રકટીકરણ કરાવવા ઈચ્છતો હતો, એનું થોડું વધારે સ્પષ્ટ અને સમૃધ્ધ પ્રકટીકરણ ગ્રહણ કર્યું અને છેવટે ''સમયની સંપૂર્ણતાએ શબ્દ સદેહ થયો અને આપણામાં આવીને વસ્યો'' ત્યારે આ પ્રકટીકરણ સંપૂર્ણ સમૃધ્ધ થયું. હવે, પહેલી વાર, માણસોએ ઈશ્વરની પ્રકૃત્તિનું ભરપૂર અને સ્પષ્ટ દર્શન કર્યું. વળી, શિખર પર પહોંચ્યાં પહેલાં જેના દર્શન થયા એ તો માત્ર પ્રતીકો ( token ) અને ખાતરીના વચનો ( promises ) હતાં. અને ત્યાર પછી આવેલી વાતો એને વધુ વિગતે નિહાળવાનો પ્રયાસ હતો. ઈસુ ખ્રિસ્ત સંબંધિત એની સાક્ષી જ ગ્રંથાલય સમાન બાઈબલને એકરૂપતા બક્ષે છે.

# ૯. બાઈબલનું મૂલ્ય

આ પાનાઓમાં રજૂ કરેલું દૃષ્ટિબિંદુ, કેટલાકને બાઈબલનું મૂલ્ય ઓછું કરનાર લાગશે, પરંતુ પરિસ્થિતિ એથી વિપરિત છે.

એ તો કબૂલ કરવું પડશે કે, આ દૃષ્ટિબિંદુ અનુસાર, કોઈપણ માણસને પ્રત્યેક પ્રસંગે માર્ગદર્શન માટે નજર કરી શકે એવા જાદુઈ વચનોનાં ભંડાર તરીકે બાઈબલની ગણના કરવી હવે શક્ય નથી. એમાંથી કોઈપણ સંદર્ભ વિનાના વચનો અહીં તહીંથી લઈ, એ ઈશ્વરના સંપૂર્ણ વચન છે.અને આપણી સામે પડેલી પરિસ્થિતિ માટે ઈશ્વરની સલાહ છે એવું ધારી લેવું હવે કોઈ રીતે શકય નથી. દરેક વખતે વધુ ઊંડા ઉતરીને માત્ર મૂળ શબ્દોના પ્રકાશમાં જ નહિ પરંતુ એના સંદર્ભ અને જે તે સમયના પ્રકાશમાં તથા એ બધા ઉપરાંત ઈસુ ખ્રિસ્તના સુવાર્તામાંના શબ્દચિત્રના પ્રકાશમાં દરેક પાઠ તપાસવા આપણે તૈયાર રહેવું પડશે. હા, કેટલાકને એવું ચોક્કસ લાગશે કે આ દૃષ્ટિબિંદુ બાઈબલનો અધિકાર ઓછો કરનાર, એના ક્ષેત્રને સીમીત કરનાર તથા ખ્રિસ્તી વિશ્વાસ અને જીવનમાં એની ઉપયોગિતા દૂર કરનાર નીવડશે. હકીકતે, આ દૃષ્ટિબિંદુથી બાઈબલના અધિકારમાં ઉમેરો થશે, એનો વ્યાપ વિસ્તરશે તથા ખ્રિસ્તી વિશ્વાસ અને જીવનમાં એની ઉપયોગિતાને પુષ્ટિ મળશે. સાચે જ એનું મૂલ્ય વધશે, ઘટશે નહિ.

એકે એક શબ્દ ઈશ્વરે આપેલો હોય એવા પુસ્તક તરીકે બાઈબલની ગણના કરવાથી એના ગૌરવનેં ઝાંખ લાગે તથા આધુનિક વિચારસરણી અને આધુનિક જરૂરિયાતોના સંદર્ભમાં એનો મોટો ભાગ અસંગત બની જાય એવી અસર ઉત્પન્ન થાય છે. પરંતુ જ્યારે આપણે બાઈબલને "ઈસુમાંના ઈશ્વરના સર્વોચ્ચ પ્રકટીકરણની પરાકાષ્ટાએ પહોંચતા ધર્મ વિષયક વિકાસની નોંધ" તરીકે નિહાળીએ ત્યારે પરિસ્થિતિ ધરમૂળથી

બદલાઈ જાય છે. હવે એમાંનુ કશું જ અસંગત રહેવા પામતું નથી, પરંતુ ખરા શોધનાર માટે તો ખૂબ જ મૂલ્યવાન સાબિત થાય છે. એનાં લેખકોએ સ્પર્શેલી લખાણોની નિમ્નત્તમ કક્ષા, એમણે આચરેલી ભયંકર ભૂલો તથા રજૂ થતી સૌથી ઘેરી અપૂર્ણતાઓ પણ જ્યારે ઈસુના આપણા જ્ઞાન વડે પ્રકાશિત થાય છે, ત્યારે આપણા ખ્રિસ્તી વિશ્વાસ અને આચરણ સંબંધે કદાચ એ બધાને પણ કશુંક મહત્ત્વનું કહેવાનું હોય છે.

કારણ તો આ છે ; બાઈબલ માત્ર ઈશ્વર વિષે જ નહિ પરંતુ માણસોની બાબતમાં કંઈ કહે છે. ઈશ્વરે માણસને પ્રગટ કરેલાં પોતાના પ્રકટીકરણની જ એ છણાવટ કરતું નથી. પરંતુ એ પ્રકટીકરણની માણસને થયેલી ઉત્તરોઉત્તર વધતી સમજણની વાત પણ કરે છે. આ માટે એનો માણસની મૂર્ખતા અને પાપ વિષે પણ ઘણું કહેવાનું છે. ઈશ્વરના પ્રકટીકરણને પોતે જે રીતે અને જેટલી સ્પષ્ટતાથી ગ્રહણ કરવું જોઈતું હતું એમાં એની નોંધપાત્ર નિષ્ફળતા, વળી જે માર્ગે એ એને લઈ જવા માંગતુ હતુ તેમાંથી એવી વારંવારની શરમજનક પીછેહઠ - આ બધી બાબતો વિષે બાઈબલને ઘણું કહેવાનું છે. પરિણામે, માણસ આધ્યાત્મિક ઊંચાઈના ગમે તે તબક્કાએ પહોંચ્યો હોય, તો પણ બાઈબલના કોઈ ને કોઈ ભાગમાં એની સાચી પરિસ્થિતિ અને જરૂરિયાત પ્રતિબિંબિત થાય છે ; વિરૂધ્ધમાં બાઈબલનો કોઈ એક ભાગ લઈને આપણે ખાતરીપૂર્વક કહી શકીએ કે એમાં કોઈકની વર્તમાન પરિસ્થિતિ અને વર્તમાન પ્રશ્નનું પ્રતિબિંબ પડેલું દેખાશે.

બાઈબલના શબ્દસહ ઈશ્વરપ્રેરિતતાના દ્દષ્ટિબિંદુથી આ દ્દષ્ટિબિંદુ વિરોધી છે, ઈશ્વર પ્રેરિતતાના દ્દષ્ટિબિંદુ મુજબ પવિત્રશાસ્ત્રનો પ્રત્યેક ભાગ એની પોતાની રીતે સાચો છે. ઈશ્વરના તબક્કાવાર પ્રકટીકરણમાંના એના પોતાના સ્થાનથી અલગ પડીને ઈશ્વરનો સ્વતંત્ર સંદેશો આપે છે, તેમજ શેષ ભાગની નોંધના અથવા ઈસુનાયે સંદર્ભ વિના એને સમજી શકાય છે. જેઓ આ દ્દષ્ટિબિંદુને ટેકો આપે છે તેઓ સંપૂર્ણ

બાઈબલને વિશ્વાસ અને વર્તન માટે અધિકૃત વચન ગણે છે, અને માને છે કે આપણું દૃષ્ટિબિંદુ બાઈબલનો અધિકાર સંપૂર્ણપણે કદાચ નષ્ટ ન કરતું હોય તો યે એમાં ઘટાડો તો કરે જ છે.

એ સાચું છે કે આપણું દૃષ્ટિબિંદુ બાઈબલના બધા ભાગોને સમાન અધિકાર આપવાની આપણને છૂટ આપતું નથી, કારણ કે આપણને હવે પ્રતીતિ થાય છે કે બાઈબલમાં અધિકારની જુદી જુદી સપાટીઓ છે. ખરો અધિકાર તો સુવાર્તાઓમાં આપણને રજૂ કરાયેલો ઈસુ જ છે. આથી સુવાર્તાઓ બાઈબલનો સર્વોચ્ચ અધિકાર ધરાવનાર ભાગ છે. બાઈબલના શેષ ભાગને, એ ઈસુ દ્વારા કેટલો પ્રકાશિત થયો છે અથવા એને કેટલું સમર્થન મળ્યું છે એના પ્રમાણમાં અધિકાર પ્રાપ્ત થાય છે. એનો અર્થ એવો થયો કે બાઈબલમાં બધા વચનો એક સરખાં અધિકારયુક્ત છે એવા મતને આપણે તિલાંજલી આપીએ ત્યારે ખરેખર તો આપણે બાઈબલના વચનોની અધિકારયુક્તતામાં વધારો કરીએ છીએ.

કારણ કે હવે આપણે બાઈબલના અધિકારનો મુખ્ય આધાર જે ઈસુ છે, એના તરફ ધ્યાન કેન્દ્રિત કરવા શક્તિમાન થયા છીએ. શબ્દસહ ઈશ્વરપ્રેરિતતાનું દૃષ્ટિબિંદુ, બાઈબલ ઉત્પત્તિથી પ્રકટીકરણ સુધી ખ્રિસ્તી જીવન વિષે એકસરખી રીતે બોલે છે એવો આગ્રહ રાખે છે એ કારણે આ બાબત પર ઢાંકપિછાડો કરવાનું વલણ ધરાવે છે. બાઈબલ આ રીતે બોલતું નથી એ નિર્વિવાદ હકીકત છે. અને પરિણામસ્વરૂપ આ રીતનો એનો અધિકાર અને ઉપયોગ જોખમકારક છે. વ્યવહારમાં એવું બને છે કે આ દૃષ્ટિબિંદુને વળગી રહેનાર ખ્રિસ્તી માણસ બાઈબલના ઘણા વચનોને ધ્યાન બહાર રાખે છે.

આ દૃષ્ટિબિંદુ જે બંધનો મૂકે છે એમાંથી મુક્ત થઈને આપણે વધુ સારી રીતે સમજી શકીએ છીએ કે ખરેખરો અધિકાર બાઈબલના ઠાલા શબ્દોમાં નહિ પણ જેની સાક્ષી બાઈબલ પૂરે છે એ ખ્રિસ્તમાં છે. આપણી સમસ્યાઓ આપણે તેની પાસે લઈ જવાની છે, માર્ગદર્શન

તેની પાસે શોધવાનું છે અને કેવી રીતે જીવવું એની આજ્ઞા પણ તેની જ પાસે મેળવવાની છે. એનો અર્થ એવો નથી કે આપણે સુવાર્તાઓ સિવાયના બાઈબલનું મૂલ્ય ઓછુ આંકવાનું છે. સત્ય આથી વિપરિત છે ; એક અર્થમાં, બાઈબલના કેટલાક ભાગો આપણે માટે ઓછા બંધનકર્તા અને સુવાર્તાઓ કરતાં ઓછા મહત્ત્વનાં છે, છતાં સાથોસાથ એમનું યોગ્ય કાર્યક્ષેત્ર ખુલ્લું થાય છે અને એમનું સાચું મૂલ્ય પ્રકાશમાં આવે છે. ખ્રિસ્ત, એનું શિક્ષણ અને સેવાકાર્યને સમજવામાં આ ભાગો આપણને સહાયરૂપ થાય છે અને એ રીતે ઈસુના આપણા ઉપરના અધિકારનું આપણને વધુ સચોટ ભાન કરાવે છે.

જાદુઈ વચનોના સગ્રંહ તરીકે બાઈબલને ગણવાના પરીક્ષણથી મુક્ત થઈને હવે સર્વ બાબતો ઈસુ ખ્રિસ્તને સોંપવાની અને પ્રત્યેક પરિસ્થિતિમાં એનો જ અધિકાર માન્ય રાખવાની આપણી ફરજ થઈ પડે છે.

દરેક પરિસ્થિતિ માટે આપણને ખ્રિસ્ત તરફથી સ્વયંસ્પષ્ટ સૂચનાઓ જો કે મળતી નથી. મહદ્ અંશે અમુક સમયની પરિસ્થિતિ માટેની તેની ઈચ્છાનું આપણે જાતે જ અર્થઘટન કરવું પડે છે. આમાં જોખમ છે એ આપણે કબૂલવું પડશે. ખ્રિસ્ત વિષેની એની સમજણમાં માણસ પોતે અધૂરો હોય અથવા પોતાના પક્ષપાત કે પૂર્વગ્રહના વધુ પ્રભાવ હેઠળ હોય એવું જોખમ; પરંતુ રૂઢિવાદી દૃષ્ટિબિંદુમાં પણ આ જોખમ તો સમાયેલું છે જ; આ એવું જોખમ છે કે જેનું સંપૂર્ણ નિરાકરણ કદી કરી શકાય નહિ.

જેમકે ફરોશીઓને થયું કે ઈશ્વરની ઈચ્છાને એક લાંબી નિયમાવલીમાં મૂકીને પ્રત્યેક સંભવિત પરિસ્થિતિ માટે નિયમો આપવાથી આ જોખમ ટાળી શકાશે. એમણે એક અશક્ય બિનઉપયોગી કાર્ય સિધ્ધ કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. આવા કોઈપણ પ્રયાસની હાલત આવી જ હોય. પ્રભુ ઈસુ દરેક વ્યક્તિગત પરિસ્થિતિ માટે અમુક ચોક્કસ નિયમ આપવાને બદલે એવા શાશ્વત સિધ્ધાંતો આપે છે જે તમામ પરિસ્થિતિઓ

અને સંજોગોમાં લાગુ કરી શકાય. કોઈ એક વ્યક્તિનું ખ્રિસ્તના માર્ગ વિષેનું અર્થઘટન ખોટે રસ્તે દોરનારું હોય એવો મોટો ભય રહેલો છે. પરંતુ જેમ જેમ એ વ્યક્તિ ખ્રિસ્તને વધુ નજદીકથી ઓળખતી થાય તેમ તેમ આ ભય ઓછો થતો જાય છે. તો બાઇબલનું સૌથી વધુ મૂલ્ય અંકાય તે અર્થે, ઈસુ ધર્મશાસ્ત્રની ચાવી છે, એ આપણે સ્વીકારવું પડશે. એટલું જ નહિ પણ ઈસુને પણ આપણે શક્ય તેટલી નજીકથી પૂર્ણપણે ઓળખવો પડશે. આ માટે આપણે કાળજીપૂર્વક સુવાર્તાઓનો અભ્યાસ કરવો પડશે કારણ કે, ઈસુના જીવન અને કાર્યનો એકમાત્ર લેખિત દસ્તાવેજ જો કોઈ હોય તો તે એ જ છે.

આપણે માત્ર અધિકૃત આવૃતિ વાંચવાથી સંતોષ ન મેળવતાં, વધારામાં, તેના આધુનિક ભાષાંતરો અને ખુલાસાઓ (કોમેન્ટ્રીઝ) વાંચીશું ત્યારે જ આ અભ્યાસમાં આપણને વધુ સહાય મળશે. અંગ્રેજી જાણનાર લોકોના હૃદયોમાં અધિકૃત આવૃત્તિએ જે સ્થાન પ્રાપ્ત કર્યું છે એની સરખામણી બીજા કોઈ પુસ્તક કે બીજા કોઈ ભાષાંતર સાથે થઈ શકે નહિ. તેમ છતાં આધુનિક ભાષાંતરો આપણી સમજણમાં વધારો કરવા ઘણાં ઉપયોગી છે. આધુનિક અંગ્રેજી ભાષામાં બાઈબલનાં કોઈ પણ તરજુમાને શંકાની દૃષ્ટિએ જોવામાં આવે છે એ એક દુઃખદ ઘટના છે. કેટલાક તો બાઇબલના નવા ભાષાતંર કરવાની બાબતને જાણે કે ભ્રષ્ટ આચરણ ગણે છે. કદાચ તેઓ પેલા યુવાન અમેરિકન ડીકનના વલણનું પુનરાવર્તન કરે છે. તેણે સુધારેલી આવૃત્તિનો વિરોધ કરતાં કહ્યું કે,''જો અધિકૃત આવૃતિ સંત પાઉલ માટે સારી હતી તો તે મારા માટે પણ સારી છે.''

અંગ્રેજીભાષી લોકો પાસે અધિકૃત આવૃતિ એટલા લાંબા કાળથી છે કે એ મૂળ લખાણ નથી, એવું ન વિચારવું એમના માટે ખૂબ કઠણ છે, પરંતુ આપણે.એ ભૂલવું ન જોઈએ કે અધિકૃત આવૃત્તિ એ માત્ર એક સ્વયં ભાષાંતર જ નહોતું, પણ જ્યારે ૧૬૧૧ માં એ પ્રથમ બહાર પડી ત્યારે તે એ વખતની અદ્યતન આવૃત્તિ પણ હતી..

લોકો પોતાની જાતે જ બાઈબલ સમજણપૂર્વક વાંચે એ હેતુથી તેમની પોતાની ભાષામાં બાઈબલ તેમના હાથમાં મૂકવાની ઈચ્છા, એના ઉદ્‌ભવના મૂળમાં રહેલી હતી. ૩૭૦ કરતાં યે વધુ વર્ષો પછી, એ લોકભાષા તરીકે ત્યારે જેવી હતી એવી જ આજે રહી નથી. એમાં અવિરતપણે નવા શબ્દો ઉમેરાતા જ રહ્યા છે. અધિકૃત આવૃત્તિમાંના કેટલાક શબ્દો ચાલુ પ્રવાહમાંથી નીકળી ગયા છે અથવા તેમના અર્થ-મૂલ્ય બદલાઈ ચૂક્યાં છે. અધિકૃત આવૃત્તિની ભાષા જો કે ઘણી ઠેકાણે કાવ્યમય સૌંદર્ય ધારણ કરતી હોવાં છતાં, બીજી ઘણી જગ્યાએ આધુનિક વાંચકો માટે, એ અસ્પષ્ટ બની ગઈ છે. એટલે સુધી કે કેટલીક જગ્યાએ ગેરમાર્ગે દોરનારી નહિ તો કમસે કમ ખૂબ મુશ્કેલ તો લાગે છે જ. તો પછી, જો આપણે સંપૂર્ણ વિસ્તારથી ઈસુની સમજણ મેળવવા માગતા હોઈએ, તો સુવાર્તાઓ આપણે માત્ર અધિકૃત આવૃત્તિમાંથી જ નહિ પણ અદ્યતન ભાષાંતરોમાંથી પણ વાંચવી જોઈએ.

વળી, માત્ર છાપેલા પાઠ સિવાય બીજી કોઈ મદદ વિના સુવાર્તાઓ વાંચવાથી સંતોષ પામવો જોઈએ નહિ. આ પુસ્તકો કમ સે કમ ૧૯ સદીઓ પહેલાં લખાયાં હતાં અને જો કે એમાં નિરંતર અનુભવાતી તાજગી અને આશ્ચર્યમુગ્ધ કરનારી સ્પષ્ટતા એમની અજોડતાના થોડાક લક્ષણો છે. તો પણ ખરી હકીકત એ છે, કે જો આપણે બાઇબલ પંડિતોના ખુલાસાઓની અવગણના કરીએ તો સુવાર્તાઓને જે કહેવાનું છે અથવા પ્રબોધવાનું છે તેનો કેટલાક ભાગ આપણે ખોઈ બેસીશું. ઈસુના સમયના પ્રદેશ અને લોકોની પશ્ચાદભૂમિકા, ભૂગોળ, ઈતિહાસ, રીતરિવાજો, વસ્ત્રો, શબ્દોના અર્થ અને બીજી ઘણી બાબતો વિષે ઘણી કિંમતી માહિતી હાલમાં મળે છે. આ માહિતીનો ઉપયોગ કરવો એટલે ઈસુનું સુવાર્તામાંનું ચિત્ર પૂરા ભરપૂરીપણાથી મેળવવું ; ઈન્કાર કરવો એટલે ઈસુની તથા તેના જીવનકાર્ય અને સંદેશાની આપણી સમજણને

લુલી, લાચાર બનાવવી.

સુવાર્તાઓના મહત્ત્વને હું એટલો બધો ભાર આપી રહ્યો છું, કે ઘણાના મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો હશે કે, "બાઈબલના શેષ ભાગ માટે કયું સ્થાન રહ્યું છે ? જો સુવાર્તાઓ આટલી હદે મહત્ત્વ ધરાવતી હોય તો સરખામણીમાં બાઈબલનો શેષ ભાગ નિશ્ચયાત્મક રીતે ગૌણ સ્થાન ધરાવતો નથી શું ?

પરિસ્થિતિનું આ સાચું નિદાન છે. જો આપણે આખાયે બાઈબલને ઈશ્વરના સ્વયં પ્રકટીકરણ તરીકે એક જ સપાટી પર મૂકવાનો પ્રયાસ કરીએ તો આપણે ભૂલ કરીએ છીએ. બાઈબલ એ ઈશ્વરનું પ્રકટીકરણ નથી પરંતુ એ તો ઈશ્વરના પ્રકટીકરણની નોંધ છે. આ જ કારણને લીધે સુવાર્તાઓ ને આપણે એમ જ બાઈબલના અન્ય ભાગોની તુલનામાં સરખા ગણીને એમના અંતર્ગત ભાગ તરીકે એમની સાથે મૂકી શકતા નથી.

ઈસુમાં આપણને પ્રાપ્ત થયેલ ઈશ્વરના પૂરેપૂરા અને સંપૂર્ણ પ્રકટીકરણ તરીકે સુવાર્તાઓની એક તદ્દન અલાયદી સપાટી છે. તેઓ તો અજોડ છે. અને દુનિયામાં ઉપલબ્ધ દસ્તાવેજી પુસ્તકોમાં સૌથી મહત્ત્વમાં છે. બીજાં બધાં લખાણો, જો કે, તે બાઈબલનાં વચનો હોય, તો પણ સુવાર્તાઓથી તેમનું સ્થાન ઊતરતું છે.

આનો એવો અર્થ થતો નથી કે બાઈબલનાં બીજા પુસ્તકો ઓછાં અગત્યનાં છે ; એમનું મૂલ્ય પણ ઘણું ઊંચુ છે. પરંતુ એમને સમજવામાં વધારે શાણપણ વાપરવું જોઈએ.

સુવાર્તાઓ પછી અગત્યતાના ક્રમમાં, બીજો ક્રમ નવા કરારના શેષ ભાગનો આવે છે ; ખાસ કરીને સંત પાઉલનાં પત્રો - મનુષ્ય જીવન માટે ઈસુના અર્થઘટનને વધુ સમૃધ્ધ અને અર્થસભર બનાવવાના, આ લખાણો એ પ્રારંભિક પ્રયાસો છે. વળી, એ તો એવા માણસો દ્વારા લખાયાં હતાં, કે જેમણે ઈસુને ક્યાં તો સદેહે જાણ્યો હતો, અથવા તેના આત્માથી તથા તેના વિષેના મંડળીના શિક્ષણથી ભરપૂર

થયા હતા. આથી આ પત્રોનું મહત્ત્વ સવિશેષ છે. સ્વીકારી લેવું પડશે કે દરેક બાબતમાં ઈસુના ભૂલરહિત અર્થઘટન તરીકે તેમને ગણી ન શકાય. તેમ છતાં ઈસુને વધારે સારી રીતે ઓળખવા માગનારાઓ માટે તે ખૂબ જ સહાયરૂપ છે.

જૂના કરારના લખાણો ઓછાં મહત્ત્વનાં છે. તો પણ તેમનું મૂલ્ય ઓછું નહિ અંકાય. યહુદીઓએ ઈશ્વરનું જે તબક્કાવાર વધતું પ્રકટીકરણ ગ્રહણ કર્યું, અને જે ઈસુના આગમનની તૈયારીનો હેતુ પૂરો પાડે છે, એની નોંધ આ લખાણોમાં મળે છે. આ કારણસર, જૂના કરારના ધર્મલેખો ઈસુ, તેનું શિક્ષણ અને તેના કાર્યની ઊંડી સમજ આપવામાં આપણને મદદ કરે છે ખરા, તેમ છતાં આ માટે એમને સુવાર્તાઓના પ્રકાશમાં અને વિવેકબુધ્ધિ સહિત સમજવાની તૈયારી સાથે વાંચવા જોઈએ. જૂનો કરાર પૂરતી ગંભીરતા વગર વાંચવાની વસ્તુ નથી. આત્મિક બાબતમાં નવી શરૂઆત કરનાર માટેનું આ પુસ્તક નથી ; એ તો આત્મિક સજ્જતા ધરાવનાર પુખ્ત ખ્રિસ્તી માટે છે.

# ૧૦. બાઈબલનું સત્ય

બાઈબલની વિશ્વાસપાત્રતાના સામાન્ય પ્રશ્ન સાથે બીજો એક વિશિષ્ટ પ્રશ્ન સંકળાયલો છે. ખરેખર તો આપણે એની આસપાસ અત્યાર સુધી ચક્કર લગાવી રહ્યા હતા. આ પ્રશ્ન છે, ''ધર્મશાસ્ત્રના કેટલાક ભાગોમાં સત્યનો સાચે જ અભાવ છે ?'' આ પ્રશ્નનો ઉત્તર શંકારહિત રીતે આમ અપાય, કે આપણે સત્યને હકીકતોની ચોકસાઈની ચુસ્તતાના માપદંડથી માપવા માગતા હોઈએ, તો બાઈબલનાં કેટલાક ભાગોમાં, ખાસ કરીને જૂના કરારમાં, સત્યનો અભાવ છે. આપણા ઉત્તરને અહીં સમાપ્ત કરીએ એ કદાચ પૂરેપૂરી વફાદારી નથી, કારણ કે એથી ખોટી છાપ ઉભી થાય. ખુલાસા માટે હજુ ઘણું કહેવાની જરૂર છે.

પિલાતની જેમ, '' સત્ય એટલે શું ?'' પૂછીને આપણે શરૂઆત કરવી પડશે. પરંતુ પિલાત જેવા થવાને બદલે આપણે એના ઉત્તર માટે ધીરજ રાખવી પડશે. સત્ય એ ભાગ્યે જ અને સંપૂર્ણપણે હકીકતોની ચુસ્ત ચોકસાઈની વસ્તુ છે. જો કોઈ બાળક એમ કહે કે અમુક અંતર માઈલો લાંબુ છે. તો , જો કે અંતર માત્ર ૮૮૦ વાર જેટલું જ હોય, તો પણ બાળકનો ઉત્તર ખોટો છે એમ આપણે કહેતા નથી. ઝીણું કાંતનાર કોઈ પંડિત એવું કહે ખરો ! આ બાળકનું અંતર વિષેનું વર્ણન, હકીકતથી વેગળું છે છતાં તેને તે કેટલું દૂર લાગે છે તેનું એ સાચું વર્ણન છે. એવી જ રીતે કોઈ બીજો નાનો છોકરો ઈશ્વર વિષે બોલતાં કહે , કે તે '' આકાશમાં એક કિલ્લામાં રહે છે.'' તો આપણે કદાચ મનમાં હસીએ પણ તેના બોલને જૂઠાણું કહીશું નહિ, વાસ્તવિક હકીકત એ છે કે આ બન્ને છોકરાઓ તો એમની નજરે જે સત્ય લાગે છે તે કહે છે. અને જો કે, સત્ય હકીકતથી તેમનું વર્ણન ઘણું વેગળું હોય, તો પણ, તેમના વર્ણનમાં આપણે

સત્યનો રણકો, આંશિક સત્ય સાંભળી શકીએ છીએ.

આ પ્રકરણ માટેની દલીલોનો પ્રારંભ કરવા આ તો શરૂઆત હતી. અને તેમાં મારા અવલોકનમાંથી એક વિષે કહેવા માગું છું. બાળકો ઈશ્વર અને ઈસુ વિષે ખરેખરી માનવીય ભાષામાં વાત કરે છે. તેઓ આ માટે જે પરિસ્થિતિ વસ્તુઓ અને માનવીય ગુણલક્ષણોનો ઉપયોગ કરે છે, તે કોઈ પણ પુખ્ત વ્યક્તિ માટે વિકૃત અને શરમજનક ગણાય. પરંતુ બાળકોના મુખની આવી વાતો ઘણી વાર ખૂબ જ સુંદર અને પ્રસન્નતાદાયક લાગે છે. અને કેટલીકવાર જાણે કે સત્યના ચોકસાઈપૂર્ણ વિધાન કરતાં પણ સત્યની વધુ નજીક હોય એમ લાગે છે. તે કંઈ સંપૂર્ણ સત્ય નથી. ઘણીવાર સત્યથી ઘણે વેગળે હોય છે એટલે વેગળે કે સરાસર મૂર્ખતા પણ લાગે ? તો એમાં વળી સત્યનો માત્ર આભાસ જણાય. પણ એમાં પણ સત્યનો અંશ તો રહેલો છે જ. આવી વાતોને જૂઠાણા તરીકે ખપાવવી ઉચિત નથી, અને ઘણી વાર સંપૂર્ણ સત્યને ઓળખનાર માટે પણ મદદરૂપ થાય છે.

ઈસુ ખ્રિસ્તમાંના ઈશ્વરસંપૂર્ણ પ્રકટીકરણની તુલનામાં - અગાઉ કરેલી ચર્ચાને ધોરણે ધર્મશાસ્ત્રનું મૂલ્યાંકન કરતાં- જૂનો કરાર જાણે કે ઈસુ ખ્રિસ્તના આગમનની અને એની તૈયારીની છડી પોકારનાર એવા આધ્યાત્મિક શૈશવનું પ્રતિબિંબ પાડતો જણાય છે. અમુક ભાગોની સરખામણીમાં બીજા કેટલાક ભાગો વધુ પડતા બાલીશ (ઓછા સમૃધ્ધ) લાગે છે. તો વળી કેટલીક જગ્યાઓએ એ આશ્ચર્યકારક પ્રૌઢત્વ ધરાવતો હોય અને જાણે કે આવનાર ભાવિની ખૂબજ નજદીકથી પ્રતીક્ષા કરતો હોય એવી રજૂઆત એમાં મળે છે. આ રીતે મૂલ્યાંકન કરતાં ઈસુ ખ્રિસ્તમાં જે સંપૂર્ણ સત્ય પ્રકાશમાં આવ્યું તેનાથી જૂનો કરાર સ્પષ્ટ રીતે ઊતરતી કક્ષાનો દેખાય છે: કેટલીક વાર ખૂબ જ ઊતરતી કક્ષાનો, વળી કેટલીક વાર તો એમાં આઘાત લાગે ને શરમ ઉપજે તેટલી હદે ઊતરતી કક્ષા દેખાય છે, પરંતુ આમ કહેવું એનો અર્થ એ નથી

કે તે અસત્ય છે. કદાચ તેમાં માત્ર થોડું જ સત્ય હોય, તેમાં સત્યની વિકૃતી પણ હોય. પરંતુ જો તેમાં સત્યની થોડીક પણ ઝાંખી થતી હોય, તો તેને જૂઠાણું કહીને બાજુ પર ફગાવી દેવું યોગ્ય નથી.

ઉપરના વિવેચનથી બાઈબલમાંના સત્ય વિષે આપણે કેવી રીતે વિચારવું એનો અંગુલીનિર્દેશ થાય છે. બાઈબલ એ અખંડ સત્ય-સંપૂર્ણ સત્ય છે, એમ ભારપૂર્વક કહેવું એ બરાબર નથી, વળી દૃઢતાપૂર્વક કહેવું કે બાઈબલના કેટલાક ભાગમાં જૂઠાણું છે, તેથી તે કાઢી નાંખવા જોઈએ એ પણ બરાબર નથી. ખરા અર્થમાં- વાસ્તવિક ખરા અર્થમાં બાઈબલ એક ધાર્મિક પુસ્તક છે અને તેનો મુખ્ય આશય અને મુખ્ય વિષયવસ્તુ ધર્મવિષયક સત્ય છે. આથી એમાં ભાગ્યે જ એવી કોઈ 'નાનીશી' પણ બાબત છે જેને યથાર્થપણે અસત્યના વર્ગમાં મૂકીને ફગાવી દઈ શકાય. આ સાથે બાઈબલમાં ઘણી બાબતો છે કે જે સંપૂર્ણ સત્યની સરખામણીમાં ઊણી ઊતરતી હોય. બાઈબલમાં ઘણાં ફકરા આધ્યાત્મિક શૈશવ ધરાવે છે એ કબૂલવું પડશે. જો કે, એમને મહદ્ અંશે અસત્ય બાબતો તરીકે ગણાવીશું નહિ. એમને આપણે ઈશ્વરના શાશ્વત સત્યનું અંશતઃ કે ખામીભર્યું ચિત્ર રજૂ કરનાર ગણીશું. અને હું માનું છું કે બાઈબલના સત્યને આપણે આ રીતે જોવું જોઈએ. હું આ પ્રકારની દલીલમાં આગળ વધું છું એ એટલા માટે નહિ કે બાઈબલનું મૂલ્ય અને સુસંગતા મહત્તમ કક્ષાએ જાળવી રાખવા માટેનો ''બાઈબલનો બચાવ સિધ્ધાંત'' (Bible Apologetics) ઊભો થાય. આ દલીલથી આવો હેતુ સિધ્ધ થાય છે એ વળી આડવાત છે, પરંતુ એની પાછળનું ખરું કારણ તો એ છે કે એ મૂળ હકીકત છે.

મારી દલીલ વધુ અસરકારક બનાવવાના હેતુથી હું એક બે ઉદાહરણોનો ઉલ્લેખ કરીશ. મુસાના નિયમશાસ્ત્રમાં ''અર્પણો ચઢાવવાના નિયમનોને ખૂબ મોટું અને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. એમના પ્રત્યે વ્યવહારમાં ખ્રિસ્તી લોકો વ્યાજબી રીતે જ કશું ધ્યાન

આપતાં નથી. કારણ કે ઈશ્વરને આવાં અર્પણો ચઢાવવા એ કેટલું બધું અપૂરતું છે અને ઉપરાંત ઈશ્વર આવાં અર્પણો ચાહે છે, એવી ઈશ્વર વિષેની વિચારસરણી કેટલી અપૂર્ણ છે, એ બતાવીને ઈસુએ આ નિયમનો રદબાતલ કર્યાં છે. જો કે એનો અર્થ એવો નથી થતો કે "અર્પણ" વાળા બાઈબલના ભાગો ખોટા છે; છેવટે પૂર્ણ સ્વરૂપે પ્રગટ થનાર સત્ય - કે ઈશ્વર તેના ભક્તો પાસેનું શ્રેષ્ઠ છે તે માગે છે-ના આંશિક અને અપેક્ષિત ગ્રહણની એ એક દસ્તાવેજી નોંધ છે.

જેમ કે અહીં એ બાબત નોંધી શકીએ છીએ કે કોઈ અશુધ્ધ જાનવરનું અર્પણ ચઢાવવામાં ન આવે એવા ચુસ્ત નિયમપાલનની અહીં અપેક્ષા રાખવામાં આવી છે. તેમાં કાંઈ પણ દોષ ન હોય; આમાં એક એવું સત્ય, આ સત્ય પછી તે ગમે તેટલું ઝાંખુ અથવા ખોટું સમજાયું હોય તો પણ અવ્યકત છે, જે પાછળથી દેવના ભક્તો વધુ સ્પષ્ટતાથી સમજી શક્યા (મીખાહ : ૬: ૮) કે જે ઈસુના શિક્ષણમાં પાયાની બાબત છે. એટલે કે આપણે દેવની વેદી આગળ જે અપર્ણ લાવીએ તે શ્રેષ્ઠ અર્પણ હોવું જોઈએ. જૂના કરારની અર્પણ વિધિમાં અપર્ણનો અર્થ ભૌતિક વસ્તુઓ તરીકે ઘટાવવામાં આવ્યો હતો. ઈસુએ એ બતાવ્યું કે દેવ તો આત્મિક દૃષ્ટિએ અર્પણો માંગે છે. આપણો પ્રેમ, આપણી વફાદારી અને આપણી સેવાનાં અર્પણો. પરંતુ આ સત્યની આછી શરૂઆત આપણને જૂના કરારની આ હકીકતોમાં છતી થતી જોવા મળે છે. ઈસુ ખ્રિસ્તમાંના સંપૂર્ણ સત્યથી આ બાબતો કેટલી વેગળી છે એનું સૌ પ્રથમ ભાન, આપણને ઈસુ ખ્રિસ્તમાંના ઈશ્વરના સંપૂર્ણ પ્રકટીકરણ દ્વારા થાય છે. આમ છતાં આ પ્રકટીકરણ દ્વારા જ, પ્રથમ વખત એમાં રહેલું ખરું સત્ય પણ પામી શકીએ છીએ.

બીજું ઉદાહરણ આપણને જૂના કરારની "જીવના બદલામાં જીવ"ની આજ્ઞા પૂરું પાડે છે. નિર્ગમન ૨૧ : ૨૩ - ૨૫ જુઓ. " પણ જો પછીથી બીજું કંઈ નુકશાન થાય તો તારે જીવને બદલે

જીવ, આંખને બદલે આંખ, દાંત ને બદલે દાંત, હાથને બદલે હાથ, પગને બદલે પગ, બાળવાને બદલે બાળવું, ઘા ને બદલે ઘા, ફટકાને બદલે ફટકો ભરી આપવાં," આ બદલાના નૈતિક ધોરણને ખ્રિસ્તે સંપૂર્ણ પણે રદબાતલ ઠરાવ્યું. એણે કહ્યું, "ભૂંડાનો ભૂંડાઈથી સામનો ન કરો", અને "તમારા શત્રુઓ પર પ્રેમ રાખો." કદાચ એવું લાગે કે ખ્રિસ્તના વચનો જૂના કરારના આ લખાણોને તદ્દન અસત્ય ઠરાવતાં હોય અને એમનામાંથી બચાવવા જેવું કશું લક્ષણ ન હોય એવું લાગે છે. પરંતુ ફરીથી અહીં પણ આપણને ઈશ્વર વિષેનું એક ગર્ભિત સત્ય મળે છે, જેને ઈસુમાનું પ્રકટીકરણ તોલે છે તથા સ્પષ્ટ પણ કરે છે.

જૂનો કરાર જે પ્રારંભિક તબક્કો રજૂ કરે છે એમાં કોઈને હાનિ પહોંચે ત્યારે અમર્યાદ બદલો વાળવો એ યોગ્ય ગણવામાં આવતું, પરિણામ એ આવતું કે કોઈને ઈજા પહોંચાડવામાં આવે, ધારો કે ખૂન કરવામાં આવે - ત્યારે તેમાંથી ખૂનની પરંપરા સર્જાતી. "જીવને બદવે જીવ, આંખને બદલે આંખ, દાંત ને બદલે દાંત" નો નિયમ અમર્યાદ બદલાને મૂળ ઈજાના પ્રમાણમાં જ મર્યાદિત બનાવી એના પર નિયંત્રણ લાવે છે. અને જો કે, ખ્રિસ્તની પશ્ચાદભૂમિકાના સંદર્ભમાં એ તદ્દન પ્રાથમિક અને જંગલી નૈતિક ધોરણ છે, તો પણ અગાઉના નિયમ કરતાં આ ધોરણમાં દયાની ભાવના વધારે છે. ઈશ્વર કૃપાનું જે ઘોરણ પ્રસ્થાપિત કરવાની ઈચ્છા રાખે છે એનું આ તો નાનુ પ્રથમ પગથિયું હતું. પ્રભુ ઈસુ પોતાની સંપૂર્ણતામાં જે દૈવી નિયમ આપવાનો હતો એનાથી ઘણું દૂર અને ઝાંખુ. છતાંયે એ દિશામાનું આ પહેલું કદમ હતું. જો કે પ્રથમ નજરે જોતાં વિરોધાભાસી લાગે; તો પણ, આ કિસ્સામાં દેખાય છે તેમ જૂનો કરાર, જો કે સત્યની અનુભૂતિમાં આંશિક અને અપૂર્ણ હોય તો પણ તદ્દન અસત્ય તો નથી જ.

આવું બીજું ઉદાહરણ આપણને પુનર્નિયમ ૨૦ : ૧૬-૧૮

માં જોવા મળે છે. ત્યાં આપણે વાંચીએ છીએ, "પણ આ લોકોનાં જે નગરો યહોવા તારો દેવ તને વારસા તરીકે આપે છે તેઓમાંના કોઈ પણ પ્રાણીને તારે જીવતું રહેવા દેવું નહિ; પણ જેમ યહોવા તારા દેવે તને આજ્ઞા આપી છે તેમ તારે તેઓનો, એટલે ખ્રિસ્તીઓનો, અમોરીઓનો , કનાનીઓનો, તથા પરીઝીઓનો, હિવ્વીઓનો તથા યબૂસીઓનો પૂરો નાશ કરવો; રખેને જે સર્વ અમંગલ કર્મો તેઓએ તેમના દેવોની સેવામાં કર્યાં છે, તે પ્રમાણે કરવાને તેઓ તમને શીખવીને યહોવા તમારા દેવની સામે તમારી પાસે પાપ કરાવે." અહીં એવી આજ્ઞા આપવામાં આવી છે કે ઈઝરાયલીઓએ, તેઓ જે પ્રદેશ નજીકમાં કબજે કરવાના હતા તેમાંના સર્વ રહેવાસીઓને બેરહમ કતલ કરવાં" આ આજ્ઞા ઈશ્વર તરફથી આપવામાં આવી હોય તેવી રજૂઆત અહીં કરવામાં આવી છે. ઈસુ ખ્રિસ્તમાં આપણે જે ઈસુને ઓળખીએ છીએ તેણે ઈઝરાએલીઓને આ પ્રમાણે આવું દયાહીન જુલ્મી કૃત્ય કરવા આજ્ઞા કદાપિ ન આપી હોય એ તદ્દન સ્પષ્ટ હકીકત છે. તથાપિ આ વચનો તદ્દન અસત્ય છે એવો નિષ્કર્ષ આપણે કાઢી શકીએ નહિ. જો કે આ વચનો મૂળ સત્યથી ભારોભાર વિકૃત દેખાય તો પણ તેમાં પણ સત્યની ઝાંખી તો છે.

વળી, ઈશ્વર ઈઝરાયલીઓને જે કહેવા માગતો હતો તેનું માત્ર ખૂબ અધૂરું દર્શન ઈઝરાયલીઓ પામ્યા હતા. તેમને એવું લાગ્યું કે આ લાગણી પણ સાચી હતી, કે પોતાના ધર્મને અને પોતાને પણ આ અસંસ્કારી જંગલી ધર્મથી કોઈ પણ જાતના ડાઘ વગર અણિશુધ્ધ રાખવા જોઈએ. આથી તેઓને લાગ્યું કે તેમની નજીકમાંના સર્વ અસંસ્કારી લોકોનો સંહાર કરવો તે એમની ઈશ્વરદત્ત ફરજ છે. નહિ તો બીજી કઈ રીતે તેઓ પોતાનો વિશ્વાસ તથા સ્તુતિસેવા અખંડ, નિષ્કલંક રાખી શકે ? પ્રભુ ઈસુ ખ્રિસ્તને ઓળખવાથી હવે આપણે જાણીએ છીએ કે તેમની ધાર્મિક શુધ્ધતા જાળવી રાખવા માટે તેમને જે સાધનોનો ઉપયોગ કરવાનું ઈચ્છતો હતો, એ વિષેની એમની

માન્યતા કેટલી ભૂલભરેલી હતી. તથાપિ જૂના કરારમાં આવતા આ અને આના જેવા બીજાં લખાણોમાં રજૂ થયેલો ખ્યાલ સમૂળગો ખોટો નથી. ગમે તેટલો વિકૃત હોવા છતાં તેમાં રહેલું સત્ય આજે પણ આપણા માટે એટલું જ સાચું છે; કારણ કે આજે પણ ઈશ્વરના નામમાં જંગલી અસંસ્કારી લોકોને ખતમ કરવા જોઈએ. તેમની કતલ કરીને નહિ પરંતુ તેમને ખ્રિસ્તની પાસે દોરી લાવીને, ખરા ખ્રિસ્તની ઓળખ આપીને.

આ જે ખાસ પ્રકારનાં ઉદાહરણો આપણે જોયાં એના પરથી આપણે તારવણી કરી શકીએ કે જૂના કરારમાં કોઈ પણ લખાણને આપણે સર્વાંશે અથવા અમુક ભાગમાં ખોટું ગણી શકીએ નહિ. બાઈબલનું આપણું દષ્ટિબિંદુ જૂના કરારના સત્યને ખોટું ઠેરવતું નથી, ઉલટાનું તે એને સાચું ઠેરવે છે. પણ ઘણા માને છે તેમ આ સત્ય ઉપરની સપાટી પર દેખાતું નથી. આપણું દષ્ટિબિંદુ જૂના કરારને બારી બહાર ફેંકી દેવાથી પણ વેગળું છે. હા, એ તો કહે છે કે બાઇબલમાં જૂના કરારને તેનું યોગ્ય સ્થાન આપો, સુવાર્તાઓની સમકક્ષ નહિ પણ તેમનાથી ગૌણ સ્થાન; એ તો જૂના કરારના વચનોને ખ્રિસ્તીઓ માટે મૂલ્યવિહીન બનાવતું નથી. જો કે એ કહે છે કે ઈસુના પ્રકટીકરણના પ્રકાશમાં આ વચનોનું અર્થઘટન કરાવું જોઈએ. એના દ્વારા તેમનું ખરું સત્ય બહાર આવશે અને તેમની અધૂરપ પણ સ્પષ્ટ દેખાઈ આવશે.

હું જયારે કહું છું કે જૂના કરારનું સત્ય હમેંશા સપાટી પર દેખાતું નથી, ત્યારે ખરેખર હું શું કહેવા માંગુ છું તે વધુ વિસ્તારથી સ્પષ્ટ કરવું જરૂરી છે. આ પ્રકરણમાં મેં જે બધું કહ્યું છે એનાથી આ બાબતનું મારું અર્થઘટન પૂરતું સ્પષ્ટ થઈ ચૂક્યું હશે જ. તેમ છતાં એ બાબત હું તમને ફરીથી યાદ દેવડાવવા માંગુ છું કે બાઈબલ મૂળમાં, એક ધર્મપુસ્તક છે. અને તેમાં એક ખૂબ જ ઉચ્ચ ધર્મવિષયક વિષયવસ્તુ અને હેતુ રહેલો છે. આ વાતનું વિસ્મરણ કરવું એટલે

કે બાઈબલ વિષેની આપણી સમજણના માર્ગમાંથી ચલિત થવું.

આવું બની શકે. દાખલા તરીકે માણસના પતનની વાત. (ઉત્પતિ ૩) આ વાર્તામાં જે બનાવો છે તેના તથ્ય પર આપણે વધુ પડતો ભાર મૂકીએ અને તેમાં જ ખોવાઈ જઈએ તો તેમાં જે ધર્મવિષયક સંદેશાની ઘોષણા કરવામાં આવી છે તે આપણે ખોઈ બેસીએ; એટલે કે આદમ અને હવા, કોઈ કાળે, ઐતિહાસિક વ્યક્તિઓ તરીકે અસ્તિત્વ ધરાવતા હતા કે નહિ, અથવા એદનવાડીનું ભૌગોલિક સ્થાન કયાં હતું; અથવા સર્પ ખરેખર માનવ બોલીમાં બોલ્યો હતો કે નહિ, આ બધી બાબતો નક્કી કરવા તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરીએ તો આ ફકરાનો ખરો મર્મ આપણે ચૂકી જઈએ છીએ.

આ ફકરાને, બાઈબલના અન્ય લખાણો જેમ, કોઈ ભૂસ્તરીય કે આનુવાંશિક પ્રયોજન નથી. તેનું કાર્ય અમુક ધર્મવિષયક શિક્ષણ આપવાનું છે. આ ચોક્કસ ફકરામાં- આ શિક્ષણ માણસની પ્રકૃતિ વિષેનું છે. આ મૂળ ધર્મવિષયક સંદેશો જ મહત્વનો છે. આ વાર્તામાંના બીજા તત્વો તો ઉડ્ડયન માટે ખોસેલા પીછાં છે. અને એમાંના હકીકત દોષ સાથે વૃતાંતને કોઈ લેવાદેવા નથી. અને એમાં રહેલા સત્યને આપણી નજરથી છૂપું રાખવા એમને છૂટ આપવી ન જોઈએ.

આ ફકરાનાં સંદેશા સાથે મળતી અન્ય વિગતોના સાચાપણાને બાજુ પર રાખીએ અથવા તેમને સંપુર્ણ રદબાતલ ઠરાવીએ, તો યે આ વાર્તાનું મૂળ સત્ય અણિશુધ્ધ રહે છે. વાર્તા કહે છે કે- સુવાર્તાઓ જેમ કહે છે અને આપણો અનુભવ પણ સમર્થન આપે છે- કે માણસ પતીત થયેલો પશુ છે, અને તેને તારણની જરૂર છે; એક પાપી છે કે જેને ઉધ્ધારની જરૂર છે; તેણે ઈશ્વર વિરૂધ્ધ બંડ કર્યું છે. અને તેને ઈશ્વર સાથે સમાધાનની જરૂર છે.

નીચેની બાબતો ધ્યાનમાં લેવામાં ન આવે તો આપણે જૂના કરારના કોઈ પણ ભાગના સત્યનો સાચો અંદાજ બાંધી શકીશું નહિ; (૧) કે આપણો પ્રશ્ન ધર્મવિષયક સત્યનો પ્રશ્ન છે,(૨) અમુક ભાગમાં

રહેલ સત્ય શોધવા આપણે ઘણી વાર સપાટીથી વધુ ઊંડુ ઊતરવું પડશે.(૩) એની પશ્ચાદભૂમિકા અને સંદર્ભ વિષે જેટલું વધારે જાણીશું એટલી જ આ સત્યને શોધી કાઢવાની આપણી તક ઉજ્જવળ બનશે. (૪) આ ફકરો ખરેખર શું કહે છે ? (અર્થાત સર્વ પેઢીઓ માટેનો એનો શાશ્વત સંદેશો શો છે ?) એ જાણવાની આપણે આશા સેવીએ એ પહેલાં આ ફકરામાં શું કહેવાયું છે ? (મૂળ લેખક મૂળ વાંચકોને શું કહેવા માગતા હતા ?) એ આપણે શીખવું પડશે; (૫) જૂના કરારમાં સુવાર્તામાનું સંપૂર્ણ સત્ય એના પૂર્ણ વિકસિત સ્વરૂપમા ભાગ્યે જ સંઘરાયલું હોય છે. એમાં રહેલી અધૂરપ અને વાસ્તવિક સત્યનો અંશ એ બન્ને છેવટે તો, ઈસુ ખ્રિસ્ત અને તેનામાં આપણને મળેલ ઈશ્વરના પ્રકટીકરણના સંદર્ભમાં જ આપણે નિહાળી શકીશું.

આ પ્રકરણ સમાપ્ત કરતા પહેલાં, મેં જે અભિવ્યકિતનો ઉપયોગ કર્યો કે જૂના કરારનું સત્ય હમેંશા ''સપાટી પર'' મળતું નથી, એના તરફ હું ફરીથી ધ્યાન દોરું છું ; આનો મેં એવો અર્થ ઘટાવ્યો કે ઘણીવાર કોઈ ફકરાનું સાચું મહત્ત્વ એના ઉપરના દેખાતા અર્થની ભીતરમાં ડોકિયું કરીને જ મેળવી શકીશું. આ શબ્દપ્રયોગ પાછળનું મારું પ્રયોજન સ્પષ્ટ રીતે સમજાઈ ગયું હશે એમ હું માનું છું . પરંતુ આ એક સુખદ વિકલ્પ ન પણ હોઈ શકે. જૂના કરારમાંના સત્ય સંબંધે બીજાઓએ પણ આવા જ શબ્દ પ્રયોગો પ્રયોજયા છે. પરંતુ તેમણે જે અર્થમાં આ શબ્દપ્રયોગનો ઉપયોગ કર્યો છે, તે મારા અર્થઘટનથી ખૂબ જ ભિન્ન છે. બાઈબલના ઈતિહાસમાં એવા બીજા આવી ગયા કે જેમણે દઢતાપૂર્વક માત્ર એટલું જ ન કહ્યું કે જૂના કરારના ફકરાઓમાંનું ખરૂં સત્ય ઘણીવાર તેના દેખીતા અર્થની ભીતરમાં રહેલું હોય છે. પણ તેમણે વધારામાં એવું પણ કહ્યું કે એનો ખરો અર્થ તેની સપાટી પર હોય છે. અથવા એના સપાટી પરના અર્થમાં જ ખરો અર્થ પણ જોવા મળે છે. આ લોકોએ જૂના કરારના અર્થઘટનમાં રૂપક પધ્ધતિનો ઉપયોગ કર્યો છે.

પવિત્રશાસ્ત્રના અર્થઘટનની આ રીત રાબ્બીઓ (યહુદી ધર્મગુરુઓ) ના સમયથી ચાલી આવે છે, તેમને કંઈક આવી પરિસ્થિતિનો સામનો કરવાનો હતો ; એક બાજુ, નિયમશાસ્ત્રમા એવા સંખ્યાબંધ નિયમનો હતા. નૈતિક અને વૈધિક પણ ખરા-જે અત્યારની પરિસ્થિતિ કરતાં ઘણાં જૂના અને પ્રારંભિક સમયના હતા અને આ નિયમનો પાળવાનું શક્ય નહોતું. બીજી બાજુ, આ નિયમનો પવિત્રશાસ્ત્રનો એક ભાગ હતો અને તેમની માન્યતા મુજબ પવિત્રશાસ્ત્રનું દરેક વચન શબ્દસઃ ઈશ્વરનું વચન હતું ; એથી એ પણ સ્પષ્ટ છે કે ઈશ્વરે પવિત્રશાસ્ત્રમાં એવી એકે બાબત લખવા દેવાની સંમતિ આપી ન હોય કે જે સંપૂર્ણ રીતે સાચી ન હોય, અથવા એવી બાબતો કે જે સમય જતાં અસંગત કે બીનઉપયોગી બની જાય અને તેથી એમને બીનજરૂરી ગણવામાં આવે, તો પછી, આ વિરોધાભાસનું સમાધાન કેવી રીતે કરી શકાય? પવિત્રશાસ્ત્રને દૃષ્ટાંત રૂપે જોવાથી એમને ઉકેલ મળી ગયો. તેઓ એવું કહેતા કે ધર્મશાસ્ત્રમાં ઈશ્વરે કહેલાં વચનોના શબ્દાર્થ કરતાં ઘણી જગ્યાએ ઈશ્વર કાંઈક જુદું કહેવા માંગે છે. ઘણીવાર ઈશ્વરના વચનો પાછળ છૂપો અર્થ રહેલો હતો અને આ છૂપા અર્થની "વિસ્તારપૂર્વક સમજણ" તેઓ આપતાં પરંતુ મોટે ભાગે આ "વિસ્તારપૂર્વકની સમજણ" બીજું કશું નહિ પણ પોતાના અગાઉથી માની લીધેલા ખ્યાલ મુજબનું બાઈબલના વચનોનું અર્થઘટન અને પોતે જે અર્થ કરતા એ જ ખરેખરો અર્થ છે એવું મનાવતા. - આ એક એવું લક્ષણ છે કે જે રૂપક પધ્ધતિના બધા ઉપયોગમાં જોવા મળતું સામાન્ય લક્ષણ છે.

રૂપક પધ્ધતિના અભિગમને કારણે જ ગીતોના ગીતને જૂના કરારની પુસ્તકમાળામાં સ્થાન મળ્યું છે. આ પુસ્તક માનવીય પ્રેમનું ઊર્મિકાવ્ય છે. ખરા અર્થમાં એ કોઈ ખાસ ધર્મપુસ્તક જ નથી. એટલે જ એને અગાઉ પુસ્તકમાળામાં સ્વીકૃતિ મળી નહોતી. પરંતુ રાબ્બીઓએ એને યહોવા દેવ અને ઈઝરાયલ પ્રજા વચ્ચેના પ્રેમના

પ્રતીક તરીકે ગણાવ્યું અને આવા રૂપકાત્મક અર્થઘટનના આધારે આ પુસ્તકે સમય જતાં હિબ્રુ બાઈબલમાં પગપેસારો કરીને સ્થાન જમાવી દીધું.

જૂના કરારના વચનોને રૂપક સ્વરૂપે રજૂ કરવાની રાબ્બીઓની પધ્ધતિનો ખ્રિસ્તીઓએ પણ વ્યાપક ઉપયોગ કર્યો છે. રાબ્બીઓને નડતી મૂળભૂત મૂશ્કેલી પોતાની સામે આવી પડતાં અને વળી, ખ્રિસ્તમાં પ્રગટ કરાયેલા ઈશ્વરના સનાતન સત્યને લીધે આ મુશ્કેલીઓએ એમના માટે વધુ ઉગ્ર સ્વરૂપ પકડ્યું હતું - એમણે પણ આ જ માર્ગે ઉકેલ શોધવાનો પ્રયત્ન કર્યો. જૂના કરારના ઘણા વચનોના શબ્દાર્થમાં સંપૂર્ણ સત્ય નહોતું અથવા એ વચનો લાગુ પાડી શકાય એમ નહોતું એ સ્પષ્ટ હોવા છતાં, પવિત્ર આત્માના કડક નિયંત્રણમાં હોવાથી (એમની માન્યતા મુજબ) દરેક વચનમાં સનાતન સત્ય હોવું જોઈએ તથા દરેક સમયે એ લાગુ કરી શકાવું જ જોઈએ - આથી આ રૂપક પધ્ધતિ અખત્યાર કરવા સિવાય છૂટકો નહોતો.

ઈશ્વરના અંકુશ હેઠળના ભૂલરહિતતાના ખ્યાલ સાથે જૂના કરારનો મેળ બેસાડવા માટે ઘણી પેઢીઓના ખ્રિસ્તીઓએ કેવી રીતે આ રૂપક પધ્ધતિ અજમાવી છે એનું ઉદાહરણ આપવા એચ. ઈ ફોસ્ડીકે, ઓરિગેને વાપરેલી રૂપક પધ્ધતિની લંબાણપૂર્વક ચર્ચા કરી છે.

ત્રીજી સદીની શરૂઆતમાં લખતી વખતે ઓરિગેનને એવું સ્પષ્ટ ભાન થયું કે જૂના કરારમાં વિચારધારાઓ અને નૈતિકતાની એવી લાક્ષણિકતાઓ સમાયેલી છે, જે એકદમ જરીપુરાણી થઈ ગઈ છે અને ઈશ્વરના પ્રકટીકરણના પ્રતીક તરીકે એમનો બચાવ કરવો તદ્દન અશક્ય છે. જેમ કે એમના મતે ઉત્પત્તિના શરૂઆતના પ્રકરણોનું શબ્દસહ અર્થઘટનમાં કરવામાં આવે તો તદ્દન હાસ્યાસ્પદ-મશ્કરીરૂપ બની જાય. જૂના કરારમાંની માનવલક્ષણયુક્ત ઈશ્વરીય રજૂઆતોમાંથી

એમને ઘણી વાર આઘાત પહોંચતો - ઈશ્વરને જાણે હાથ અને પગ હોય, એ જાણે ગુસ્સે કરતો હોય અને વળી પસ્તાવો પણ કરતો હોય એવી મતલબનાં લખાણોનું શાબ્દિક અર્થઘટન કરવામાં આવે તો એના મતે તેમાં માત્ર દુર્ભાષણ જ જણાય. જૂના કરારમાં બહુ જ વિગતવાર આપવામાં આવેલી ખૂબ ઝીણી વિગતો, જેમકે કરારકોશ રાખવાની જગ્યા-તંબુના બનાવટની વિગતો-નું ઉપરછલ્લી દૃષ્ટિએ અર્થઘટન કરતાં એને એ બાબતો ઈશ્વરનાં વચનો તરીકે તદ્દન ક્ષુલ્લક લાગી. આ સમસ્યામાંથી છૂટકારો પામવા એણે રૂપક રજૂઆતનો આશરો લીધો. ઈશ્વર સંબંધી વિકૃત ખ્યાલો લાગુ કરી ન શકાય તેવા નિયમનો અને કાયદા, જૂનાં પુરાણાં રીતરિવાજો અને આંખે વળગતાં વિરોધાભાસો - આ બધાંને ગૂઢ અર્થ આપીને સમજાવી દેવામાં આવતા. શબ્દ એ તો ફકરાનો દેહ માત્ર હતો. એનો આત્મા એના રૂપકાત્મક અર્થઘટનમાં રહેતો.

પ્રારંભિક મંડળીમાં અને પછી મધ્યયુગી મંડળીઓમાં રૂપકાત્મક અર્થઘટનનો આવી શૈલીમાં નિયમિત ઉપયોગ કરવામાં આવતો. હજુ આધુનિક સમયમાં પણ ઘટતા જતા પ્રમાણમાં આ પધ્ધતિ અમલમાં છે. આજની તારીખે પણ હજૂ એવા લોકો છે કે જેઓ જૂના કરારની શાબ્દિક ઈશ્વરપ્રેરિતતાના સિધ્ધાંતને વળગી રહેવા માગે છે. જૂના કરારના સ્પષ્ટ રીતે નકામા થઈ ગયેલા, અસંગત, જરીપુરાણા અને વળી અખ્રિસ્તી સમાન ભાગોની રૂપકાત્મક રજૂઆત દ્વારા આ હેતુ સિધ્ધ કરવા માગે છે. પરંતુ બાઈબલના અર્થઘટન માટે આ પધ્ધતિ વ્યાજબી નથી.

કાલ્વિને રૂપકાત્મક અર્થઘટનની પધ્ધતિ સદંતર ધૂત્કારી કાઢી અને બાઈબલના વચનોનો મૂળ અર્થ એ જ એનો ખરો અર્થ છે એ સ્વીકારવાનો આગ્રહ રાખ્યો.

પરંતુ, ધાર્મિક સુધારાવાદીઓ કે જેઓ સિધ્ધાંતમાં આ માન્યતાના

મક્કમ ટેકેદારો હતા, તેઓ પણ, રૂપકાત્મક અભિગમની પધ્ધતિનો જોરશોરથી વિરોધ કરતાં હોવા છતાં, વ્યવહારમાં એના જેવી જ ભૂલ કરતા. એમની પાસે ઐતિહાસિક જ્ઞાન અને સંશોધાનનાં પૂરતાં સાધનો નહોતાં. પરીણામે જો કે તેઓ માનતા, કે તેઓ ધર્મશાસ્ત્રોનું શબ્દસઃ અર્થઘટન કરીને હમેંશા વચનોનો મૂળ અર્થ બહાર લાવે છે, તો પણ ઘણી વાર મૂળે ન હોય એવા ગુઢ્યાર્થ વચનોમાંથી ઉપજાવી કાઢતાં. .એચ. ઈ. ફોઝડીક આ સંદર્ભમાં લખતાં કહે છે કે તેઓ બાઈબલના અર્થઘટનના નામમાં "અર્થવિસ્તાર" કરતાં, અને આથી, જૂના કરારના અર્થઘટનની એમની રીત રાબ્બીઓથી બહુ જુદી પડતી નથી. જેમ કે , આ રીતે જ લ્યુથર, એક તરફ, એમ કહી શકતો કે "રૂપકાત્મક અર્થઘટન એટલે ધર્મશાસ્ત્ર સાથે હાથચાલાકી" જ્યારે બીજી તરફ ગીતશાસ્ત્ર ૩ : ૫ ( હું સૂઈને ઊંઘી ગયો, હું જાગ્યો ; કેમકે યહોવા મારું રક્ષણ કરે છે.) વિષે એ એમ કહી શકે છે. "ખ્રિસ્ત, આ કલમ દ્વારા, પોતાના મૃત્યુ અને દફનવિધિનો નિર્દેશ કરે છે, કારણ કે માત્ર કુદરતી આરામ અને ઊંઘ જેવી સામાન્ય બાબતના સંદર્ભમાં દાઉદ આટલું મહત્ત્વપૂર્ણ રીતે બોલ્યો હોય એવું આપણે ધારી શકીએ નહિ.

આવી રીત દ્વારા શાબ્દિક ઈશ્વરપ્રેરિતતાના સિધ્ધાંતના હિમાયતીઓએ જૂના કરારની ભૂલરહિતતાનો કેટલીક વાર બચાવ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ આ બાબતમાં હકીકતે જૂના કરારના ઘણા ભાગો ઈશ્વરના આલેખનમાં , ઈશ્વરની ઈચ્છાના અર્થઘટનમાં, નકામી બાબતોના ઉપયોગમાં - અત્યંત જૂના પુરાણા જણાય છે - તેનો સામનો કરવા માટે આપણે બનાવટી સાધનોનો ઉપયોગ કરીને, શબ્દે શબ્દની ઈશ્વરપ્રેરિતતાના સિધ્ધાંતને પાનો ચઢાવવો એ સર્વથા યોગ્ય નથી. ખરી રીત એ છે કે આપણે આ હકીકતોનો સ્વીકાર કરીએ; ઈશ્વર માણસને જે સંપૂર્ણ પ્રકટીકરણ આપવા માગતો હતો

તેની માણસ દ્વારા થયેલી તબક્કાવાર ગ્રહણની નોંધ જૂના કરારમાં છે; તેના શબ્દોના મૂળ અર્થ શોધી કાઢવા, અને હિંમતપૂર્વક અને આશાસહિત, ઈસુ ખ્રિસ્ત કે જે સારાયે બાઈબલની સમજણ-જ્ઞાનની ચાવી છે તેના સંદર્ભના તેમાં રહેલાં ચિરંતન સત્યની શોધ કરવી; એ જ તો આપણું કર્તવ્ય છે.

## ૧૧. બાઈબલનો અવાજ કેવી રીતે સાંભળવો ?

મેં એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે બાઈબલ આજે પણ બોલી રહ્યું છે. અને તે જે કંઈ કહે છે તે માનવા યોગ્ય અને વળી સમજાય તેવું પણ છે. તેને જે કહેવાનું છે તે, આવનાર જીવન તથા અહીંનાં અને હાલનાં રોજબરોજના જીવન વ્યવહારમાં સર્વોચ્ચ અગત્યતા ધરાવે છે. આથી આપણે તેનો અવાજ સારી રીતે સાંભળવાનું શીખીએ તે ખૂબ મહત્ત્વનું છે. આથી આપણી પ્રાથમિક આવશ્યકતા અનિવાર્યપણે એ છે કે આપણે બાઈબલનો ગુણધર્મ યાદ રાખીએ. જો કે આપણે તેને પુસ્તક કહીએ છીએ તો પણ, હકીકતે તે પુસ્તકોનું ગ્રંથાલય છે. હા, છાસઠ પુસ્તકો ; જે સમયના જુદા જુદા અંતરે લખાયા છે, જુદા જુદા લેખકોએ લખેલ છે, જુદી જુદી લેખનશૈલીમાં, જુદી જુદી ભાષાઓમાં અને વળી જુદા જુદા હેતુઓ અને ઉદ્દેશોથી લખવામાં આવ્યા છે. તેમ છતાં, સાથે સાથે, તેને આપણે વ્યાજબી રીતે જ પુસ્તક કહીએ છીએ; કારણ કે તેના બધા લખાણો એક સળંગ દોર વડે બંધાયા છે અને તે દોર છે તેની ઈશ્વરવિષયક સાક્ષી. કારણ એ છે કે બાઈબલના બધાં પુસ્તકો એક યા બીજી રીતે, ઈશ્વરની પ્રકૃતિ અને મનુષ્યજાત સાથેના તેના વ્યવહાર સાથે સંબંધ ધરાવે છે.

તેઓ એક સમાન સાક્ષી આપે છે એમ તો નહિ બાઈબલ ઈશ્વરવિષયક સાક્ષી ઘણી ભિન્ન સપાટીઓ દ્વારા આપે છે. ઈશ્વરવિષયક સાક્ષીની વ્યાપકપણે અલગ પડતી સપાટીઓ બાઈબલમાં જોવા મળે છે. કેટલીક વખત આ તફાવત ઘણો મોટો હોય છે. કહેવાનો ભાવાર્થ એ છે કે બાઈબલના લેખકોએ જે સાક્ષી આપી તેમાં તેઓ હંમેશા ચોક્કસ નહોતા. ઈશ્વર પોતાની ઓળખ આપવા માટે હંમેશા આતુર હતો પરંતુ માણસ પોતાના ભાગે, આ પ્રકટીકરણ ગ્રહણ કરવામાં

ધીમો રહ્યો, એટલું જ નહિ કેટલીકવાર તેણે ગ્રહણ કરવામાં ભૂલ કરી. પરંતુ છેવટે ઈસુએ આવીને મનુષ્ય જીવનમાં ઈશ્વરનું પ્રકટીકરણ દેખાડયું. આ સર્વોચ્ચ પ્રકટીકરણની સુવાર્તાઓ લેખિત નોંધ છે. અને તેમાં આલેખાયલું ઈસુનું ચિત્ર એક એવી ચાવી છે કે જે બાઈબલના અર્થ અને મૂલ્યનો સાચો તાગ મેળવવાના દ્વારનું તાળું ખોલી આપે છે. જો આપણે ઈચ્છીએ કે બાઈબલનો અવાજ બરાબર સંભળાય, તો આપણે પ્રથમ સુવાર્તાઓનો અભ્યાસ કરવો જોઈએ અને શક્ય તેટલું તેમનું શિક્ષણ મેળવવું જોઈએ.

બાઈબલનો આવાજ સાંભળવાની કસરતમાં આપણે ઊંડા અભ્યાસી થતા જઈએ ત્યારે આપણે એક બીજી વાત પણ યાદ રાખવાની છે. તે એ કે બાઈબલ સૂર્ય તળેના તમામ વિષયોની અધિકૃતતાનો દાવો કરતું નથી. તે દુનિયાનું સૌથી વધુ અગત્યનું પુસ્તક છે પણ તે ધર્મવિષયક પુસ્તક છે, અને માણસ સાથેના ઈશ્વરના વ્યવહાર તથા વિશ્વાસદ્વારા માણસ માટે ઈશ્વરે પૂરી પાડેલ જીવન શૈલી સંબંધિત વાતો કહેવાનો તેનો ઈજારો છે. આ તેનું વિષયવસ્તુ અને માણસોનો ઉધ્ધાર તેનું લક્ષ્ય છે.

આ લક્ષ્ય પર પહોંચવામાં બાઈબલને ઘણી વાર ઘણી સુંદર વાતો કહેવાની છે અને અન્ય ક્ષેત્રોમાં ઘણી નોંધપાત્ર માહિતી પણ તે પૂરી પાડે છે. પણ તેનો મુખ્ય વિષય 'ઈશ્વર' છે અને તેને વિજ્ઞાન કે ભૂસ્તરવિદ્યા અથવા ધર્મ સિવાયની અન્ય વિષયોના પાઠય પુસ્તક તરીકેની ગણના કરવાનો પ્રયત્ન કરવો અત્યંત જોખમકારક છે.

હું ધારું છું કે બાઈબલને એક રાજમાર્ગની આચારસંહિતા સાથે સરખાવી શકાય; રાજમાર્ગની આચારસંહિતા આપણને શલગમ કેમ ઊગાડવાં કે પ્રદર્શન-સેલ વેચાણનું આયોજન કેમ કરવું તે શીખવતી નથી. પરંતુ માર્ગનો યથાયોગ્ય ઉપયોગ કેમ કરવો તેની ઉપયોગી માહિતી આપે છે. આ જ પ્રમાણે, બાઈબલ બધા વિષયો માટે કોઈ

અધિકૃત પાઠય પુસ્તક નથી. પરંતુ જીવનના માર્ગે આગળ વધતાં સારો પ્રવાસ ખેડવાની આવશ્યક માહિતી આપે છે. દરેક નાની બાબતોમાં ચોક્કસ અધિકારયુક્ત આજ્ઞા નહિ, પરંતુ આપણું હાલનું જે લક્ષ્ય છે કે જીવન સારી રીતે જીવવું અને યાત્રા પૂરી થાય ત્યારે સહિસલામત ઘરે પહોંચવું એ માટે અનિવાર્ય માહિતી પૂરી પાડે છે. ગીતશાસ ૧૧૯ : ૧૦૫ આમ આ લક્ષ્યની સમીક્ષા કરે છે :

"મારા પગોને સારુ તારું વચન દીવારૂપ છે;
તે મારા માર્ગને સારુ અજવાળારૂપ છે."

અહીં એક માણસનું ચિત્ર છે, જે એક ફાનસ લઈને અંધારામાં આડાઅવળા માર્ગે આગળ વધી રહ્યો છે. ફાનસ તેને માર્ગદર્શન આપે છે હવે, ફાનસ કંઈ સૂર્ય નથી જે સઘળું પ્રકાશિત કરીને સ્પષ્ટ બનાવે. ફાનસ તો આજુબાજુના થોડા વિસ્તારમાં અજવાળું પાથરે છે; મુસાફરે પગ ક્યાં મૂકવો તે બતાવે છે, તેને ખાડાટેકરામાંથી બચાવે છે અને આગળ વધવાનો માર્ગ શોધવા શકિતમાન બનાવે છે.

જો કે, બાઈબલ આપણી સાથે વાત કરે તે માટે આપણે કાર્ય કરવા તૈયાર રહેવું જોઈએ. ઘણી રીતે એ સહેલું સરળ પુસ્તક નથી. તેનાં બધાં લખાણો જૂના જમાનાના છે અને તેની પશ્ચાદભૂમિકા વિષે આપણે તાત્કાલિક બહુ ઓછું જાણી શકીએ. બાઈબલમાંથી મહત્તમ લાભ મેળવવા માટે તેનો અભ્યાસ સમય અને શ્રમ માગી લે છે અને તેમાં આપણે આધુનિક તરજુમા અને અદ્યતન ટીકા ગ્રંથોનો સહારો પણ લેવો પડશે.

કોઈ ચોક્કસ વ્યવસ્થિત પધ્ધતિ દ્વારા બાઈબલનું વાંચન કરવું એ પણ અગત્યનું છે. ઉત્પત્તિથી શરૂ કરી સળંગ પ્રકટીકરણ સુધી વાંચન કરવું તે કંઈ બહુ સારો અભિગમ નથી.

તે જ પ્રમાણે બાઈબલ ખોલીને આકસ્મિક ખૂલતા પાને ગમે તેમ બાઈબલનું વાંચન કરવું તે પણ હિતકારક નથી. મને એ માણસની

વાત બહુ ગમે છે કે જ ેમાનતો કે ઉપર પ્રમાણે વાંચવાથી તેને બાઈબલમાંથી તત્કાલીન પ્રસંગોચિત માગદર્શન મળશે. એક વખતે એક સમસ્યા સામે આવી પડતાં, તેણે બાઈબલનો અવાજ સાંભળવાનું નક્કી કર્યુ. તેણે નક્કી કર્યું કે બાઈબલ ઉઘાડતાં જે કલમ તરફ તેની નજર પડશે તે જ તેના માટે ઈશ્વરનું વચન થશે. બાઈબલ ઉઘડતાં જે શબ્દો પ્રથમ તેની નજરે પડ્યા તે તો આ હતાં. ''યહૂદા બહાર ગયો અને તેણે ગળે ફાંસો ખાધો.''

આ કલમમાં તેને કોઈ સ્પષ્ટ સહાય ન દેખાતાં, તેણે ફરી પ્રયત્ન કર્યો. આ વખતે તેણે વાંચ્યું, ''જા અને તું પણ આ પ્રમાણે કર.'' હવે તો તે તદ્દન નિરાશ થઈ ગયો હતો, છતાં તેણે છેલ્લો પ્રયત્ન કરી જોવાનો વિચાર કર્યો. આ વખતે તેને નીચેની કલમ મળી. ''તું જે કરવાનો છે તે જલદી કર''

બાઈબલ વાંચવાની કોઈ પધ્ધતિસરની રીતનો ઉપયોગ કરવો અગત્યનું છે. આવી પધ્ધતિ આપણે જાતે આપણા માટે શોધી શકીએ અથવા વાંચનચિઠ્ઠી અથવા અન્ય દૈનિક મનનની પુસ્તિકાઓનો ઉપયોગ કરી શકીએ. પણ, પધ્ધતિસરનું વાંચન ખૂબ જ સલાહભર્યુ છે.

હું જાણું છું કે કેટલાક લોકોને લાગશે કે આ પુસ્તકમાં બાઈબલ પ્રત્યેનું જે દૃષ્ટિબિંદુ મેં રજૂ કર્યું છે તે અક્ષરસઃ ઈશ્વર પ્રેરિતતાના દૃષ્ટિબિંદુ પ્રમાણે બાઈબલ જે ઊંચુ સ્થાન ભોગવતું હતું તેમાંથી તેને નીચે ઊતારશે. તથાપિ, મારા મત અનુસાર આ દૃષ્ટિબિંદુ બાઈબલનું મૂલ્ય અને મહત્ત્વ ઘટાડવાને બદલે વધારશે. મારા મતના સમર્થનનાં કારણો મે અગાઉ જણાવી દીધાં છે. જો કે આ સંદર્ભમાં કેટલીકવાર એક ખાસ મુદ્દો ઉપસ્થિત કરવામાં આવે છે તે આપણે અહીં વિચારીશું. અક્ષરસઃ ઈશ્વરપ્રેરિતાના ટેકેદારો સામાન્યરીતે એવો આગ્રહ રાખે છે કે બાઈબલ પ્રત્યે મેં દર્શાવેલું દૃષ્ટિબિંદુ સુવાર્તાપ્રચારના સાધન તરીકે બાઈબલની અસરકારકતા ઘટાડી નાખશે. તેઓ કહે છે કે સૌથી વધુ અસરકારક બોધભાષણ (preaching) તે તો અસલ બાઈબલ

બોધભાષણ છે. અને એનો એમનો અર્થ છે બાઈબલની અક્ષરસઃ ઈશ્વર પ્રેરિતતાનો સિધ્ધાંત; અને તેમના આ તાત્પર્યના સમર્થનમાં તેઓ ભૂતકાળમાં અને વર્તમાનમાં જે સુવાર્તાપ્રચારની ઝુંબેશ ખૂબ જ સફળ રહી હતી તે તરફ ધ્યાન દોરે છે "જુઓ, આમ થાય છે," એવું તેઓ કહે છે, "જ્યારે તમે બાઈબલનું સાચું બોધભાષણ કરો છો તે ત્યારે જ આ શક્ય બને છે જ્યારે બોધક આખા બાઈબલને ઈશ્વરના પવિત્ર વચનો તરીકે સ્વીકારે છે, અને પવિત્ર આત્માને પૂરેપૂરી મોકળાશ મળે છે. પવિત્ર આત્મા તેના દ્વારા બોલે છે." અક્ષરસઃ ઈશ્વરપ્રેરિતતાનો સિધ્ધાંત ત્યારે કામ કરતો હોય છે. બીજું વધારે અમારે શું કહેવાનું છે ?

ઘણુ બધું કહેવાનું છે. બાઈબલ વિષેનું જે દૃષ્ટિબિંદુ, હું રજૂ કરતો આવ્યો છું તે નિશંકપણે રૂઢિચુસ્ત અક્ષરસઃ ઈશ્વરપ્રેરિતતાના ખ્યાલ કરતાં ધરમૂળથી જુદું છે. એ તો બાઈબલ કેવી રીત લખાયું એમાં નહિ, પરંતુ બાઈબલને શું કહેવાનું છે, એમાં સમાયેલી બાઈબલની સમરૂપતા - એકરૂપતાનું પ્રતિનિધિત્વ કરે છે; એ બતાવે છે કે બાઈબલના બધા લખાણો એક સરખું મહત્ત્વ ધરાવતા નથી, પરંતુ તે દરેકમાં મૂલ્યની જુદી જુદી સપાટીઓ છે,અને સુવાર્તાઓ તેમાં સૌથી વધુ મહત્ત્વની છે અને શેષ ભાગ તેનાથી ગૌણ છે. આ દૃષ્ટિબિંદુ અનુસાર દરેક લખાણ દેવની એકસમાન સાક્ષી પૂરી પાડતું નથી. પણ તેનાં વિષેની ઉત્તરોઉત્તર આગળ વધતી એવી સમજણ બતાવે છે, કે જે આગળ વધીને ઈસુમાંના સંપૂર્ણ સ્વયંપ્રકટીકરણને આંબે છે અને બાઈબલના વચનોને ઈશ્વરના વચનો સમાન ગણાવતું નથી; પણ તેમાં દેવના વચનો રહેલાં છે ખરા, છતાં તેનું મૂલ્ય ઈસુના સંદર્ભમાં માપવું જોઈએ તે દર્શાવે છે.

હું માનું છું કે હકીકતોની માગ મુજબનું આ બાઈબલ પ્રત્યેનું દૃષ્ટિબિંદુ છે. જો હકીકતની દૃષ્ટિએ આ જ ખરું દૃષ્ટિબિંદુ હોય તો સુવાર્તાના હાથમાં "અક્ષરસઃ ઈશ્વરપ્રેરિતતાનો અભિગમ" વધુ અસરકારક

સાધન પૂરવાર થાય છે કે નહિ તે પ્રશ્ન સાથે તેને કોઈ સંબંધ નથી. જો કે હું માનું છું કે વાસ્તવમાં આવું બનતું નથી.

આ જાતના બાઈબલના સુવાર્તાપ્રચારથી ઘણાં અને અજાયબ પરિણામો પ્રાપ્ત થયાં છે તેનો કોઈ ઈન્કાર કરતું નથી. આત્માઓ બચ્યાં છે અને જીવનો એવી રીતે બદલાઈ ગયાં છે કે જેનું માપ નીકળી શકે નહિ. તેનો પડઘો સમયની બધી ગલીકૂચીઓમાં પડઘાતો રહેશે. ઈશ્વરની ખરા હૃદયથી આભારસ્તુતિ કરવાનો આ સારો અવસર છે. પણ તેનાથી રૂઢિચુસ્તોનો મુદ્દો સાચો સાબિત થતો નથી.

કોઈ પણ ચોક્કસ કિસ્સામાં આપણે કેવી રીતે કહી શકીએ કે સુવાર્તિકે બાઈબલના અક્ષરસઃ ઈશ્વરપ્રેરિતતાના દૃષ્ટિબિંદુ ઉપર આધાર રાખ્યો ન હોત તો વધારે સારું પરિણામ પ્રાપ્ત કર્યું ન હોત? તેના સુવાર્તાપ્રચારથી સારાં પરિણામો મળ્યાં તે અવસર કંઈ એવું સાબિત નથી કરતો કે બાઈબલ પ્રત્યેનું તેનું વલણ સાચું હતું.

આ દિશામાંના આપણા તર્ક વિષે આપણે સાવધાન રહેવાની જરૂર છે. આપણી સમક્ષ બે હકીકતો પડેલી છે. એક માણસ એવી ધારણા બાંધે છે કે બાઈબલ સંપૂર્ણપણે દેવના વચનોનું બનેલું છે તેના આધારે તે સુવાર્તાપ્રચાર કરે છે. અને દેવ આ સુવાર્તાપ્રચારને ભરપૂરપણે આશીર્વાદિત કરે છે. એનો એવો અર્થ થતો નથી કે દેવ આ સુવાર્તાપ્રચારને એટલા માટે આશીર્વાદિત કરે છે તેના પાયામાં ઈશ્વરપ્રેરિતતાનું વલણ રહેલું છે. ઈશ્વર આવી ધારણા ન હોય તેવા સુવાર્તાપ્રચારને પણ આશીર્વાદિત કરે છે એવી તારવણી કરવી એટલું જ ઘટારત છે, અને અગાઉ આપણે જોયા પ્રમાણે ઘણું વધારે વ્યાજબી પણ છે.ઈશ્વરે ભૂતકાળમાં પોતાના રાજ્યની વૃધ્ધિ અર્થે અપૂર્ણ ને અધૂરા સાધનો અને લોકોનો ઉપયોગ કર્યો, હમણાં પણ તે એવાં સાધનોનો ઉપયોગ ચાલુ રાખે છે અને ભવિષ્યમાં પણ આવા સાધનોનો ઉપયોગ તે ચાલુ જ રાખશે એમાં લવલેશ શંકા નથી ; અને કોઈ માણસના સુવાર્તાપ્રસારનાં સારાં પરિણામો પ્રાપ્ત થયાં હોય એ હકીકત

જાતે કંઈ એવી સાબિતી નથી કે સુવાર્તાપ્રસારના હેતુ માટે બાઈબલ પ્રત્યેનું એનું દૃષ્ટિબિંદુ સૌથી વધુ અસરકારક છે. આખરે તો આધુનિક વિજ્ઞાનનું જ્ઞાન આવ્યા પછી કૃષિ વિષે ઘણાં જ્ઞાનનો ફેલાવો થયો છે, તેમ છતાં તે પહેલાં પણ ખેડૂતો પાક મેળવતા અને કદાચ ખૂબ જ સારો પાક પણ મેળવતા. પણ, આટલા પરથી આપણે એવી વાત સાથે સંમત ન થઈએ, એવી ભલામણ ન કરીએ કે ખેડૂતોએ તેમની જૂની પધ્ધતિઓ-ભલે તે નવા વૈજ્ઞાનિક જ્ઞાન સાથે સંઘર્ષમાં આવતી હોય તો પણ -વાપરવાની ચાલુ જ રાખવી. જો ખેડૂત જૂના વખતના અજ્ઞાનના બંધનમાંથી પોતાને મુક્ત કરે અને વર્તમાનના જ્ઞાનનો વધુ ઊંડી સમજ કેળવીને તેનો ઉપયોગ કરે, તો તેના કૌશલ અને ખંતથી તે ઘણી વધુ સારી નીપજ મેળવી શકે. આ જ પ્રમાણે રૂઢિવાદી સુવાર્તિક તેના ખંત અને ઉત્સાહ ચાલુ રાખે, સાથે સાથે તેની બોલવાની છટા અને મોહક વ્યક્તિત્વના દાનનો ઉપયોગ કરે, તદ્ઉપરાંત બાઈબલના વધુ મજબૂત-વ્યાજબી દૃષ્ટિબિંદુથી સુસજ્જ થાય તો દેવના રાજ્યને અર્થે વધુ મૂલ્યવાન ફળ શું પ્રાપ્ત નહિ થાય ? દેવ, ભૂલ અથવા અર્ધસત્ય કરતાં સત્યનો વધુ અસરકારક ઉપયોગ કરશે, એ નિશ્ચે ખાતરીપૂર્વકની વાત છે,

ઓગણીસ સદીઓથી પણ વધુ સમયથી ખ્રિસ્તી મંડળી અસ્તિત્વ ધરાવે છે. અને આ સમયમાં દેવની કૃપાથી ઘણાં અજાયબ કામો સિધ્ધ થયાં છે. તેથી કોઈ એવું નહિ સૂચવે કે આ સારાયે સમય દરમ્યાન ખ્રિસ્તી મંડળી ખરો ખ્રિસ્તી સિધ્ધાંત ધરાવતી તેની આ એક સાબિતી છે. હકીકતમાં આવું બન્યું નથી એ સ્પષ્ટ છે. આ સમય દરમ્યાન ઘણી ભૂલભરેલી વિચારધારાઓમાં મંડળીએ પરિશ્રમ કર્યો છે; અત્યારે તો એમ લાગે કે આ ભૂલો ખૂબ જ મોટી હતી. અને ઘણીવાર દેવનાં અજાયબ ચમત્કારો કરવામાં આવ્યા છે તે સાચા સિદ્ધાંતોને લીધે એમ તો નહિ, પણ ખામીભર્યા સિધ્ધાંત છતાં આવાં ચમત્કારો થયાં છે. દેવ અમુક ચોક્કસ પરિસ્થિતિના સંદર્ભમાં કાર્ય

કરી શકે અને કરે છે એ હકીકતનો અર્થ એવો તો નહિ કે એ પરિસ્થિતિમાંની દરેક વસ્તુ સાચી છે અને શ્રેષ્ઠ છે. ધાર્મિક સુધારણાના સમય પહેલાંની યુરોપની મંડળીના સૌથી વધુ અંધકારમય દિવસોમાં દેવે કાર્ય કર્યું છે ત્યારે પણ, પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા દ્વારા કેટલાક લોકો નવા જીવનમાં પોતાનો માર્ગ મેળવી રહ્યા હતા. આવા બનાવો, બધા સંમત થશે કે, પ્રર્વતમાન પરિસ્થિતિને કારણે નહોતાં બન્યા, પરંતુ ખરાબ પરિસ્થિતિ હોવા છતાં બન્યા હતા; અને સુધારણા, પછી પવિત્ર આત્માને વધુ મોકળાશ મળી અને ત્યારે જણાયું કે મધ્યયુગી મંડળીની ભૂલો દેવના કાર્યના માર્ગમાં કેટલી બધી અવરોધક હતી.

હું માનું છે કે આ પુસ્તકમાં રજૂ કરવામાં આવેલા બાઈબલના દષ્ટિબિંદુની વૈશ્વિક વ્યાપક્તા દુનિયાભરના ખ્રિસ્તીઓ સહર્ષ સ્વીકારશે. તો પવિત્ર આત્માને વધુ મોકળાશ મળશે અને તે વધુ મુક્તપણે પોતાનું કાર્ય આગળ વધારી શકશે.

મારી આ માન્યતાને મારા પોતાના અનુભવથી વધુ બળ મળ્યું છે. એક છોકરા કરીકે બાઇબલ દેવના ખામીરહિત વચનો છે તેવું હું માનતો અને હું ખ્રિસ્તી થયો ત્યારે પણ મેં આમ જ માનવાનું ચાલું રાખ્યુ, પરંતુ બાઇબલમાંની મુશ્કેલીઓ, તેમાં રહેલા વિરોધાભાસો અને ખામીઓનું ભાન થતાં હું વધુને વધુ મુંઝાવા લાગ્યો. થોડો વખત હું આ બાબતોનો વિચાર કરવાનું બંધ કરતો. તેમને બાજુએ મુકી દેતો, છતાં મારી મુંઝવણ દૂર થતી નહિ. વધુ પ્રમાણિક્તાથી વિચારતો એ ક્ષણમાં, મારે કબૂલ કરવું પડતું કે મારી ચિંતાનું કારણ એ હતું કે આખરે કદાચ, મારા વિશ્વાસનો પાયો ડગમગતો હોય અને જે પુસ્તક પર મારો વિશ્વાસ અવલંબે છે તે પુસ્તક જ કદાચ અવિચળ ન હોય અને ખોટું હોય; ત્યાર પછી બાઈબલનું બીજું એક દષ્ટિબિંદુ મારા જોવામાં આવ્યું- જેની રૂપરેખા અહીં આપી છે. અને એનો સ્વીકાર કર્યાથી હું જાણે કે અક્ષરસઃ અર્થઘટનના આંતરિક મર્યાદિત લંગરના બંધનમાંથી મુક્ત થઈને, હું વધુ પરિશ્રમ માંગતા

છતાં બદલો આપનાર મસમોટા દરિયાના મુક્ત જળમાં વિહરી રહ્યો છું; પણ સાથમાં છે. સૌથી કાબેલ કપ્તાન જે મારી અમુલ્ય નકશાપોથીમાંથી મને રોજેરોજની સમજણ આપતો રહે છે. ત્યારથી બાઇબલ મને ખૂબ જ મદદગાર નીવડ્યું છે.અને મારો વિશ્વાસનો પાયો વધુ મજબુત બન્યો છે.હવે તેના ડગમગવાનો મને કોઈ ભય નથી. કારણ કે હવે મને ભાન થયું કે મારો વિશ્વાસ કોઈ પુસ્તકના અવિચળપણા પર આધાર રાખતો નથી, પરંતુ મારો વિશ્વાસ તો મારા ઉધ્ધારનારની વિશ્વસનીયતા પર અવલંબે છે જેના વિષે આ પુસ્તક સાક્ષી પૂરે છે.

## બાઇબલનો અવાજ
## □ સાંભળો આજ □

સૈકાઓથી તમામ ખ્રિસ્તીઓ અને બહુ ઓછા નહિ તેટલા બિનખ્રિસ્તીઓ મધ્યે બાઇબલ નગારા પર દાંડી પીટીને અધિકારયુક્ત અવાજે બોલતું રહ્યું છે પરંતુ ઘણા પરિવર્તનો થઈ ગયા છે અને ઘણાં પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા છે.

આ પુસ્તકમાં લેખક આજે આપણે બાઇબલનો અવાજ કેવી રીતે સાંભળી શકીએ અંતે સમજાવે છે અને "શું પસંદગીયુક્ત વલણ ઉચિત છે?

રૂઢિવાદીઓ કયાં છે?

શું આજે બાઇબલ વિશ્વાસપાત્ર અને સુસંગત રીતે બોલી રહ્યું છે, અને તે આવી રીતે બોલતું હોય તો "શું આજે કોઈ તે સાંભળે છે?"

રૂપાંતરકાર રમેશચંદ્ર ફ્રેન્ક, એમ.એ. કોલેજ ઑફ કોમર્સના આંકડાશાસ્ત્ર વિષય શીખવાડે છે અને ટાઇમ્સ ઑફ ઇન્ડિયાની અમદાવાદ આવૃત્તિમાં એમના કાવ્યો પ્રસિદ્ધ થયાં છે.